વર્ષ : 11 ◆ અંક : 2
માર્ચ-એપ્રિલ 2021
સળંગ અંક : 62

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ




પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતા (૧૯૩૯ - )



## સેવામૂર્તિ સ્વામી બ્રહ્માનંદ સાગરનું મૂતિમંત સ્વપ્ન કેળવણીની કર્મભૂમિ... સંસ્કારધામ... વિદ્યાતીર્થ....

સને ૧૯૩૫માં સંસ્થાનું પોતાનું સ્વતંત્ર ભવન-છાત્રાલયનું, કારેલીબાગ, વડોદરામાં ઉદ્‌ઘાટન થયું તે વર્ષની જનરલ સભાનું દ્રશ્ય, જેમાં ક.પા.કે.ઉ. મંડળના તત્કાલીન પ્રમુખ પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ, સર્વ વિદ્યાલયના પ્રેરણામૂર્તિ પૂ. છગનભા, મેડાઆદરજના ધનશા ભગત વગેરે ઉપરાંત સર્વ વિદ્યાલયના મોટા દાતાશ્રી પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલનાં ધર્મપત્ની શ્રીમતી લતિકાબેન પટેલના બાપુજી શ્રી બહેચરભાઈ રાયજીભાઈ પટેલ (ગણપતપુરા, વડોદરા) વગેરે દ્રશ્યમાન થાય છે.




**ખુરશીમાં (ડાબી બાજુથી) :** ૧, ૨, ૩. ડૉ. કે. બી. પટેલ, ૪. શેઠ શ્રી નાથાભાઈ પટેલ, રાંચરડા, ૫. શ્રીતળજાભાઈ નાથાભાઈ રાજરનિ, પાદરા, ૬. શેઠ શ્રી સીતારામ કે. એફ. ચુનાવાળા, સુરત, ૭, શેઠ શ્રી પરમાનંદભાઈ, જબલપુર, ૮. શેઠ શ્રી સોમનાથ રૂપજીદાસ, મુંબઈ (સભા પ્રમુખ), ૯. પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ, અમદાવાદ (સંસ્થા પ્રમુખ), ૧૦. શ્રી છગનભા, સરઢવ (મંત્રીશ્રી, ક.પા.કે.ઉ.મંડળ, કડી), ૧૧. શ્રી વનમાળીભાઈ ધનજીભાઈ, સુરત ૧૨. ૧૩.

**નીચે બેઠેલા :** ૧, ૨, ૩, ૪, ૫, ૬. શ્રી કેશવલાલ ભો. પટેલ, પલીયડ તા. કલોલ, ૭. ૮. શ્રી જેઠાભાઈ વનમાળીદાસ, તરસાલી ૯,૧૦. શ્રી રામચંદ્ર બે. પંડિત, ગણપતપુરા, ૧૧, ૧૨. શ્રી છોટાભાઈ રાયજીભાઈ, ગણપતપુરા ૧૩, ૧૪, ૧૫, ૧૬

**ઉભેલા :** ૧, ૨, ૩ શ્રી સોમચંદભાઈ, જબલપુર, ૪. શ્રી શિવલાલભાઈ, ઉંઝા, ૫. શ્રી રવિશંકર માસ્તર, ૬. શ્રી ઈશ્વરભાઈ રે. વકીલ, સોજા, ૭. શ્રી કેશુરભાઈ રાયજીભાઈ, ગણપતપુરા, ૮. શ્રી સોમાભાઈ દેસાઈભાઈ, પાતરવેણી ૯. શ્રી બહેચરભાઈ રાયજીભાઈ, ગણપતપુરા (મંત્રી), ૧૦. શ્રી કેશવભાઈ ગરબડભાઈ, સાંગમા, ૧૧. શ્રી પુરુષોતમદાસ, બાવળા (મંત્રી, ભવન છાત્રાલય) અમદાવાદ, ૧૨. શ્રી સામળભાઈ વ્રજલાલ. જબલપુર, ૧૩. શ્રી મણિભાઈ વ્રજલાલ, જબલપુર, ૧૪. શ્રી મગનભાઈ રણછોડભાઈ, દેત્રોજ, જિ. અમદાવાદ, ૧૫. શ્રી આશાભાઈ ઝવેરભાઈ, અભોળ

**ઉભેલા બીજી લાઈન :** ૧. સરસ્વતીબેન, ૨. શ્રી ખોડાભાઈ ઘે., ગણપતપુરા, ૩ - ૪ શ્રી માધવલાલ મિસ્ત્રી, ૫. શ્રી મથુરભાઈ ફૂલાભાઈ, વડોદરા, ૬. શ્રી મધુસૂદન કેસુરભાઈ, ૭. શ્રી રણછોડભાઈ રૂગનાથ, પાદરા, ૮. શ્રી ત્રિભોવનભાઈ ગોરધનભાઈ, વડદલા, ૯. શ્રી ધનશા ભા, મેડાઆદરજ, ૧૦. શ્રી ભગવાનદાસ નાથાલાલ, પાદરા, ૧૧. શ્રી ઈશ્વરભાઈ ઝવેરભાઈ, ગણપતપુરા, ૧૨. શ્રી ફૂલાભાઈ ઝવેરભાઈ, ગણપતપુરા - ૧૩

**ઉભેલા ત્રીજી લાઈન મધ્યમાં :** ૧, - ૨ શ્રી ભગવાનદાસ પટેલ, તરસાલી, ૩ - ૪ શ્રી ત્રિભોવનભાઈ તળજાભાઈ, પાતરવેણી, ૫, ૬, ૭

**ઉભેલા પાછળ ઓટલા ઉપર (જમણી બાજુથી) :** ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭

**શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ, વડોદરા**

(સ્થાપના સને ૧૯૧૯, સંવત : ૧૯૭૫ - ટ્રસ્ટ રજી નં. : વડોદરા ઈ/૨૪૬ તા. ૭-૩-૧૯૫૩)

બ્રહ્માનંદ ચોક, આત્મારામ માર્ગ, કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૧૮ ફોન : ૦૨૬૫-૨૪૬૦૯૩૪

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૧, અંક : ૨, માર્ચ-એપ્રિલ ૨૦૨૧; સળંગ અંક : ૬૨

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● સંપાદકીય : પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતા (૧૯૩૯ – ) મણિભાઈ પ્રજાપતિ ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર : ઇતિહાસની અટારીએથી : સર્વ વિદ્યાલયમાં મોહનલાલ પટેલ ૧૦

૨. ગુજરાતી સાહિત્યની પ્રથમ લઘુકથા પ્રસાદ બ્રહ્મભટ્ટ ૧૮

૩. વિશ્વસાહિત્યની અટારીએથી વૉલ્ટ વ્હિટ્મન (અમેરિકા) (Walt Whitman) ડૉ. મનીષ વ્યાસ ૨૦

૪. ધાર્મિક શિક્ષણની સમસ્યા તુલસીભાઈ પટેલ ૨૪

૫. શ્રમિક કાયદાઓમાં સુધારણા ડૉ. કમલેશ જોશીપુરા ૨૬

૬. અંધારી રાત્રે આકાશદર્શનનો ઉત્તમ અવસર ભૂપેન્દ્ર ધોળકિયા ૨૯

૭. પ્રિન્સિપિયાનું ત્રીજું પુસ્તક વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૨

૮. ગ્રંથસૌરભ મણિભાઈ પ્રજાપતિ ૪૦
- ભારતીય મહિલા વિશ્વકોશ : વેદથી મહાભારત સુધી સ્ત્રીઓની સ્થિતિ / ટીના દોશી
- કાનૂની દરિયાના કિનારેથી / સી એસ ઓઝા
- પાંખ આપવાની પહેલ / સંપા. પારસ દવે

૯. સંસ્થા સમાચાર ૪૬
- યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
- શાળા વિભાગ

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતા (૧૯૩૯ – )

રાષ્ટ્રના ૭૨મા પ્રજાસત્તાક–પર્વની ઉજવણીના ઉપલક્ષ્યમાં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા એક મૂઠી ઊંચેરા માનવ, ગુજરાતના પત્રકારત્વક્ષેત્રના આર્ષદ્રષ્ટા ઘડવૈયા, સાહિત્યસર્જક–સંશોધક, કેળવણીવિદ્ અને સમાજ/યુવા ઘડતર અને ચણતર માટે કૃતસંકલ્પ એવા ગુજરાત યુનિવર્સિટીના પૂર્વકુલપતિ ડૉ. ચંદ્રકાન્ત મહેતાને **'પદ્મશ્રી'**થી વિભૂષિત કરવાના અવસરે કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમસ્ત સર્વ વિદ્યાલય પરિવાર છલકતા હૈયે હાર્દિક અભિનંદન પાઠવે છે અને આ સાથે જ આપશ્રી ઉચ્ચતમ સફળતાનાં શિખરો સંપન્ન કરતા રહો તેવી અભિલાષા સેવે છે.

● ● ●

ડૉ. ચંદ્રકાન્ત મહેતાસાહેબના બહુઆયામી અને બહુશ્રુત પ્રદાન તેમ જ નરસિંહ મહેતાને અભિપ્રેત **'વૈષ્ણવજન'**થી ઓપતા વ્યક્તિત્વને ધ્યાને લેતાં, તેઓશ્રી **'પદ્મપુરાણ'**ની સુપ્રસિદ્ધ સૂક્તિ **'કુલં પવિત્રં, જનની કૃતાર્થા, વસુંધરા પુણ્યવતિ ચ યેન'** ને ખરા અર્થમાં ચરિતાર્થ કરે છે. આવા ગૌરવપુરુષનું વતન સરોડા ગામ, તા ધોળકા છે. જ્યાં તેમનો જન્મ સંસ્કારસંપન્ન અને ધર્મપરાયણ પરિવારમાં તા ૬ ઑગસ્ટ, ૧૯૩૯ના રોજ થયો હતો. પિતાશ્રી હરિશંકર મહેતાનું નાની વયે આકસ્મિક અવસાન થતાં માતા મણિબાએ ત્રણ પુત્રીઓ અને પુત્ર ચંદ્રકાન્તનો ઉછેર ભારે અભાવગ્રસ્ત સ્થિતિમાં કર્યો. ચંદ્રકાન્તભાઈએ પ્રાથમિક શિક્ષણ વતન અને બાજુના ગામ કેલિયા વાસણામાંથી પૂર્ણ કર્યા બાદ તેજસ્વી

વિદ્યાર્થીઓને મફતમાં રહેવા–જમવાની સગવડ પૂરી પાડતા અમદાવાદના 'અચરતલાલ ગિરધરલાલ છાત્રાલય'માં પ્રવેશ મેળવીને નૂતન ફેલોશિપ હાઈસ્કૂલમાંથી એસ.એસ.સી. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યાર બાદ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. અહીં ગુરુ મળ્યા હિન્દીના પ્રોફેસર ડૉ. રણધીર ઉપાધ્યાય કે જેમની વિદ્વત્તાથી પ્રભાવિત થતાં બી. એ. (૧૯૬૧) અને એમ. એ. (૧૯૬૩) મુખ્ય વિષય હિન્દી સાથે કર્યું. એક સંવેદનશીલ અને જવાબદાર યુવક તરીકે માતાની વેદનાને આત્મસાત કરતાં કુટુંબના ભરણપોષણ માટે ટ્યૂશનો, પ્રારંભમાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં પ્રાથમિક શિક્ષક અને બી. એ. થયા બાદ ડેમોક્રેટિક હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરી. એમ. એ. કર્યા બાદ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે નોકરી મળવાની પૂર્ણ શક્યતા હોવા છતાં શાળા સંચાલક મંડળને એમ. એ.ના અભ્યાસની પરવાનગી માટે એમ. એ. થયા બાદ એક વર્ષ સુધી શાળામાં નોકરી કરવા માટે આપેલ વચનનું પાલન શાળામાં ચાલુ રહીને કર્યું. બાળ ચંદ્રકાન્તની અણીશુદ્ધ પ્રામાણિકતાનું ઉદાહરણ વાંચવામાં આવ્યું છે કે માધ્યમિક શિક્ષણ દરમિયાન અમદાવાદ જતી ગાડી ટિકિટ લેતાં પૂર્વે ઊપડતાં ગાર્ડના ડબ્બામાં ચાલુ ગાડીએ બેસી જવું અને ગાર્ડ દ્વારા હૈયાધારણા આપવા છતાં કોઈ મોટા સ્ટેશને ગાડી ઊભી રહેતાં અમદાવાદ જવાની બે ટિકિટોની ખરીદી કરવી. આમ, વિદ્યાર્થીકાળ દરમિયાન તેમની આગવી ગુણરાશિ અધ્યયનનિષ્ઠા, ઉત્તરદાયિત્વની સભાનતા, કર્મઠતા, પ્રામાણિકતા અને વચનપાલન સ્પષ્ટ જોવા મળે છે

### હિન્દીના અધ્યાપક અને સંશોધક

શૈક્ષણિક વર્ષ ૧૯૬૪-૬૫માં હિન્દીના પાર્ટટાઇમ વ્યાખ્યાતા તરીકે અમદાવાદની ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ કૉલેજમાં અને પાલનપુરની બનાસકાંઠા આર્ટ્સ – સાયન્સ કૉલેજમાં જોડાયા. થોડોક સમય પસાર થયા બાદ પાલનપુર કૉલેજમાં ફુલટાઇમ વ્યાખ્યાતા તરીકે નિયુકિત મેળવી. અહીં સંસ્કૃત સૂક્તિ **'સદ્ભિઃ સંગઃ કથમપિ પુણ્યેન ભવતિ'** ને ચરિતાર્થ કરતા માનવતાનું ગુરુશિખર એવા સંસ્કૃતના પ્રકાંડ પંડિત શ્રી નટરવરલાલ યાજ્ઞિકસાહેબ પ્રિન્સિપાલ તરીકે મળતાં ઉત્સાહી, કર્મઠ અને અધ્યયનશીલ અધ્યાપક ચંદ્રકાન્તની શકિતઓનો દ્વિગુણિત વિકાસ આરંભાયો. આ લખનારે પણ ડૉ. મહેતાસાહેબના પરવર્તીકાળમાં આ કૉલેજમાં જોડાતાં પ્રિ. યાજ્ઞિકસાહેબ અને અધ્યાપક મિત્રોના મુખેથી તેમનાં અધ્યાપકીય નિષ્ઠા, તેજસ્વિતા અને ઉત્સાહ વિશે પ્રસંગોપાત્ત ઘણું સાંભળ્યું છે. શ્રી યાજ્ઞિકસાહેબે પોતાના સાથી અધ્યાપકનું હીર પારખીને પિલવાઈ (જિ. મહેસાણા)ના વતની કવિ મીર મુરાદ વિશે પીએચ. ડી. કરવાની પ્રેરણા આપી. આ સંદર્ભે સ્વયં ડૉ. મહેતાએ **'આત્મકથ્ય'**માં નોંધ્યું છે કે 'શ્રી યાજ્ઞિકસાહેબે મને રૂ. ૩૦ આપીને મીર મુરાદ અને મીર પરંપરા વિશે સંશોધન કરવા પિલવાઈ મોકલ્યો' આ ઉપરાંત પાલનપુર આસપાસના વિસ્તારો માલણ, દાંતા, વિજાપુર, રણાસણ, વેડા વગેરેમાં મીર મુરાદ વિશે ક્ષેત્રકાર્ય કરવા ઘણીબધી અનુકૂળતાઓ કરી આપી હતી. વધુમાં, આ સંદર્ભે ડૉ. મહેતાએ પોતાના શોધપ્રબંધના પ્રકાશિત સંસ્કરણ (૨૦૦૭)ના **'સ્વકથન'**ના પ્રારંભમાં તેમજ શોધપ્રબંધના પૃ. ૨માં પણ યાજ્ઞિકસાહેબને આ શોધકાર્યના 'મૂલ પ્રેરણાસ્રોત' ગણાવ્યા છે. પ્રાથમિક સર્વેક્ષણ કર્યા બાદ ડૉ. ગોવર્ધન શર્માસાહેબને મળીને તેમના માર્ગદર્શન હેઠળ પીએચ. ડી. માટે **'મીર કાવ્ય પરમ્પરા એવં ગુજરાત કા અજ્ઞાત કવિ મીર મુરાદ'** વિષય નક્કી કરી ગુજરાત યુનિવર્સિટીમાં રજિસ્ટ્રેશન કરાવ્યું. મીર કવિઓનું સાહિત્ય માત્ર કંઠસ્થ પરમ્પરામાં જળવાયેલું હોઈ આ સાહિત્યને લિપિબદ્ધ કરવા માટે પિલવાઈ, દાંતા, કચ્છ, જામનગર, મોરબી વગેરે પ્રદેશોમાં રઝળપાટ કરીને આશરે ૨૦૦૦ જેટલી રચનાઓ ટપકાવી લેવામાં સફળતા મેળવી. તેમની આ ધગશ અને કાર્યનિષ્ઠાથી પ્રભાવિત થઈને ગુરુ ડૉ. ગોવર્ધન શર્માસાહેબે પોતાના શિષ્યનાં સંસ્મરણો વાગોળતાં નોંધેલ શબ્દો : પાલનપુરમેં વે પઢાને જાતે થે । જિજ્ઞાસુ વૃત્તિમેં મહેતા કો વહાં કવિ મીર મુરાદ કે બારે મેં જાનને કો મિલા । ઉન્હોંને ઈસ પર શોધકાર્ય કરના ચાહા । મુઝસે મિલે તો મુઝે ઉનસે બાતકર આશ્ચર્ય હુઆ । પ્રાયઃ શોધાર્થી કુછ સમીક્ષા પુસ્તકોં કે આધાર પર અપના કામ નિપટા દેના ચાહતે હૈં પર મીર મુરાદ કે મામલે મેં તો ક્ષેત્રીય શોધ કા કામ કાફી કરના હોગા સામગ્રી એકત્ર કરના દુષ્કર કાર્ય હૈ પરન્તુ મહેતા તો ઈસકે લિયે તૈયાર હી થે અત્યંત શાલીનતા એવં વિવેક કે સાથ ઉન્હોંને સામગ્રી બટોરી મૈંને સામાન્ય સુઝાવ દિયે । કહના ન હોગા કિ ઉન્હોંને અત્યંત વિવેકપૂર્ણ વ પદ્ધતિ કે અનુસાર કામ કિયા ઔર પરીક્ષકોંને ઉનકે કાર્ય કો સરાહા અવં ફલસ્વરૂપ ઉન્હેં પીએચ. ડી. કી ડિગ્રી મિલી – ડૉ.

મહેતાનાં ધ્યેયનિષ્ઠા અને પુરુષાર્થના દ્યોતક બની રહે છે

પ્રસ્તુત શોધપ્રબંધ ઉપસંહાર સહિત ૬ અધ્યાયોમાં વિભાજિત છે. આ ઉપરાંત સંશોધકીય દષ્ટિને ઉજાગર કરતાં ત્રણ મહત્ત્વપૂર્ણ પરિશિષ્ટો પણ જોડેલાં છે. શોધગંગા ઉપર અપલોડ કરવામાં આવેલ આ શોધપ્રબંધ અને તેના પ્રકાશિત સંસ્કરણ (૨૦૦૭)નો અભ્યાસ કરતાં પ્રસ્તુત સંશોધનકાર્ય ખરા અર્થમાં પીએચ. ડી. ડિગ્રી હેતુ હાથ ધરવામાં આવતાં સંશોધનોમાં દીપસ્તંભ સમાન જણાયું છે. આ શોધપ્રબંધમાં તેના વિષયવસ્તુની તાર્કિક તબક્કાવાર સાધાર અને અસંદિગ્ધ રજૂઆત અને શિષ્ટ ભાષા–શૈલી, એક સંશોધક તરીકે મલ્લીનાથી સૂત્ર **'ના મૂલં લિખ્યતે કિંચ્ચિત'**નો સાદ્યંત નિર્વાહની પ્રતીતિ ૭૦૯ જેટલા સંદર્ભો / ટાંચણો અને આ હેતુસર ઉપયોગમાં લીધેલાં ૧૯૮ સ્રોતોની સૂચિના આધારે સહજમાં થાય છે. ખાસ તો સંશોધક દ્વારા અજ્ઞાત કવિ અર્થાત્ જેના જીવન વિશે દસ્તાવેજી સામગ્રીનો અભાવ છે અને લોકકંઠે જેની સ્મૃતિ જળવાઈ રહી છે તેવા કવિ મીર મુરાદને સંશોધનનો વિષય બનાવવો એ સાર્થક સંશોધનના દઢનિર્ધારનો પ્રતીતિકારક હોઈ વિશેષ અભિનંદનીય બની રહે છે. સૂત પરંપરાને સાધાર ઉજાગર કરવા માટે વૈદિક, બ્રાહ્મણગ્રંથો વગેરે ફંફોસી જોઈને સૂત અંતર્ગત આવતી વિવિધ જાતિઓ, જેમ કે, માગધ, બંદીજન, ભાટ–ચારણ, મીર–ઢાઢી વગેરે ૧૦ જાતિઓની ઉત્પત્તિ અને પરિચય, તેમજ આ બધી જાતિઓના પ્રાયઃ ગુજરાતમાં અને આસપાસના પ્રદેશોમાં ૩૦ કવિઓ અને કવયિત્રીઓનો સંક્ષેપમાં છતાં સાધાર પરિચય કરાવ્યો છે. ભક્ત–કવિ અને સમન્વયવાદી મીર મુરાદના જીવનચરિત્ર માટે અન્તર્સાક્ષ્ય અને બહિર્સાક્ષ્યના વિવિધ સંભવિત સ્રોતોની સંશોધકીય અભિગમથી જાતતપાસ કરીને કવિની કૃતિઓના સઘન અધ્યયનના આધારે કવિના જીવનચરિત્રનું આલેખન કરવામાં આવ્યું છે, તેમજ કવિની કૃતિઓનો સંક્ષેપમાં પરિચય કરાવ્યો છે. આ સાથે જ કવિ દ્વારા પ્રયોજિત સંવાદકાવ્યના વિશદ અધ્યયન માટે હિન્દી અને ગુજરાતી સંવાદકાવ્યની રૂપરેખા અને તેની વિશેષતાઓ સાથે મુરાદના સંવાદકાવ્યોની વિશેષતાઓ તેમજ પ્રત્યેક રચનાઓની વિશેષતાઓ રેખાંકિત કરી આપી છે. શોધપ્રબંધનો ઉત્તમોતમ અંશ એવા મુરાદ સાહિત્યનું મલ્યાંકન અને મુરાદના વ્યકિતત્વ અને કવિત્વની વિશેષતાઓ વિશેષ ધ્યાનાર્હ બની રહે છે. અહીં ભાવપક્ષ અંતર્ગત ઇસ્લામ ધર્મ, ઈશ્વર, જીવાત્મા, ભાગ્ય, ગર્વ, પ્રામાણિકતા, સુપુત્ર વગેરેની સોદાહરણ સમજૂતી આપ્યા બાદ કલાપક્ષ અંતર્ગત પ્રયોજવામાં આવેલ વિવિધ અલંકારો, માત્રિક છંદો અને ભાષાની ઉદાહરણ સાથે ચર્ચા–વિચારણા કરતાં લેખકે તારવ્યું છે કે મુરાદની કવિતા અલંકૃત નહીં; પરંતુ લોકકાવ્ય હોવાથી તેણે વ્યાકરણ, છંદ અને અલંકારોના નિયમોનું અક્ષરશઃ પાલન કર્યું નથી. આ સાથે જ મુરાદ કાવ્યોમાં પ્રયોજવામાં આવેલ વિવિધ શૈલીઓ, જેમ કે, ઉપદેશાત્મક, સંવાદાત્મક, સૂકત્યાત્મક, પ્રશ્નોત્તરી, રૂપક–કાવ્યશૈલી અને કથાત્મક શૈલી તેમજ અભિવ્યક્ત લોકતત્ત્વને પણ ઉજાગર કરી આપવામાં આવ્યું છે. પરિશિષ્ટ–ગમાં મુરાદની અપ્રસિદ્ધ અને અપ્રકાશિત ૧૦ રચનાઓ, જેમ કે 'સૂમ – દાતાર સંવાદ', 'જ્ઞાન ચેતાવની', 'ગરુડ–હનુમાન સંવાદ', 'બંદગીબંધ' વગેરે (શોધપ્રબંધ પૃ. ૧ થી ૯૫) કે જે લેખકને સ્વયં મુરાદની હસ્તલિપિમાં ગુટકા સ્વરૂપે મળી હતી તેને યથાવત – 'સમ્પાદનકી કોઈ ચેષ્ટા નહીં કી ગઈ હૈ' – અહીં સુલભ કરાવી છે. સંશોધકે પ્રસ્તુત શોધપ્રબંધના મુદ્રિત સંસ્કરણમાં મુરાદની બધી જ કૃતિઓ પ્રકાશિત કરીને હિન્દી સાહિત્યની દૂરંદેશિતાપૂર્ણ સેવા કરી છે. લેખકે આ જ કૃતિઓને 'મુરાદ વાણી' (૨૦૦૭) શીર્ષક હેઠળ સ્વતંત્ર ગ્રંથ સ્વરૂપે પણ પ્રકાશિત કરી છે. પ્રસ્તુત શોધપ્રબંધને આવકારતાં આગરા યુનિવર્સિટીના બાહ્ય પરીક્ષક પ્રો ડૉ. પદ્મસિંહ શર્માનું અવલોકન : પ્રો ચન્દ્રકાન્ત મહેતા ને સામગ્રી – સંકલન, વિશ્લેષણ ઔર નિષ્કર્ષો કે લિએ અથાક પરિશ્રમ, ગહન ઔર નિરાલી સૂઝબૂજ સે કામ લિયા હૈ। કિસી વ્યકિત સે કિસી લોક–કવિ કી કવિતા સુનકર ઉસકે સમગ્ર સાહિત્ય કો ખોજ નિકાલના, તત્સંબંધી કાવ્ય પરંપરા કી વિલુપ્ત કડિયોં કો જોડના ઔર ઉસકા યથાતથ્ય મૂલ્યાંકન કરના, જહાં ડૉ. મહેતા કી શોધકાર્ય મેં અડગ આસ્થા કા દ્યોતક હૈ, વહાં ઉનકી પ્રબુદ્ધ મેધા કા ભી પરિચાયક હૈ। મીર મુરાદ કો શોધ વિષય બના કર એસે સારસ્વત સ્તર કા શોધપ્રબંધ લિખના એક પ્રશંસનીય કાર્ય હૈ – સંશોધકની પ્રતિભાને ઉજાગર કરનાર બની રહે છે

પ્રસ્તુત શોધપ્રબંધ ઉપરાંત હિન્દીમાં હાઈકુ, આલોચના–'આવાસ ઔર ઉપલબ્ધિ', નિબંધ – 'સાથ સાથ ચલ રહી કિરન' (૨૦૦૧), 'ચલના હમારા કરમ

હૈ' વગેરે, એકાંકી – 'અન્વેષણ ઔર અન્ય એકાંકી', કહાની – 'દિશાન્તર', 'જરા ઠહર જાઓ', 'આખિર કબ તક', સમ્પાદન – 'તુલસીદાસ : પુનર્મૂલ્યાંકન', પત્રકારિતા – 'પત્રકારિતા : સિદ્ધાંત ઔર સમીક્ષા' વગેરે ગ્રંથોની રચના કરી છે. આ ઉપરાંત ભક્તકવિ નરસિંહ મહેતાની કૃતિઓના પોતાના સહિત ૧૯ અનુવાદકો દ્વારા કરવામાં આવેલ હિન્દી અનુવાદ 'વૈષ્ણવજન નરસિંહ મહેતા : કૃતિયાઁ' એવં પદોંકા હિન્દી અનુવાદ' (૨૦૧૬)નું સંપાદન. આ અનુવાદ માટે ઉર્જિશ વસાવડા સંપાદિત 'શબ્દવેધ' (૨૦૧૪)માં સમાવિષ્ટ કૃતિઓ પૈકી શૃંગારાત્મક કૃતિઓ અનુવાદિત કરવામાં આવી નથી. આ સંપાદન / અનુવાદની એક વિશેષતા એ છે કે જે તે કૃતિના અનુવાદની સામે તેનો મૂળપાઠ દેવનાગરી લિપિમાં આપવામાં આવ્યો છે.

અધ્યાપકીય કારકિર્દીના પ્રારંભમાં પાલનપુર કૉલેજમાં બે વર્ષ (૧૯૬૪–૬૬) સેવાઓ આપ્યા બાદ નવગુજરાત કૉલેજમાં ૧૯૬૬માં હિન્દીના અધ્યાપક તરીકે જોડાયા અને ૧૯૯૦ સુધી સેવાઓ આપી. આ દરમિયાન આ કૉલેજમાં જ 'નવગુજરાત મલ્ટી કોર્સ ઇન્સ્ટિટ્યૂટ'ના ડાયરેક્ટર (૧૯૭૮–૯૦) તેમજ કાર્યકારી આચાર્ય તરીકે સેવાઓ આપી હતી. આ ઇન્સ્ટિટ્યૂટના ઉપક્રમે અનેકવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો શરૂ કરી વિદ્યાર્થીઓને રોજગારી અપાવવામાં નિમિત્ત બનવાના શ્રેયના અધિકારી બની રહ્યા. આ ઇન્સ્ટિટ્યૂટ અંતર્ગત પત્રકારત્વના અભ્યાસક્રમના ઘડવૈયા તેમજ અધ્યાપક તરીકે સેવાઓ આપી. આ ઉપરાંત 'હીરામણિ' શિક્ષણ સંકુલના ટ્રસ્ટી તેમજ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે લાંબા સમય સુધી પ્રશસ્ય સેવાઓ આપી હિન્દી ભાષા–સાહિત્યના અધ્યાપક તરીકે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓમાં અધ્યાપન કરાવવા ઉપરાંત તેમના માર્ગદર્શન હેઠળ ૬ વિદ્યાર્થીઓએ હિન્દીમાં પીએચ. ડી. ની ડિગ્રી મેળવી છે

**પત્રકારત્વના ધ્રુવતારક અધ્યાપક અને સંશોધક**

હિન્દી ભાષા–સાહિત્યની સાથે-સાથે પત્રકારત્વ અને સમૂહ માધ્યમો વિષયક્ષેત્રમાં પ્રભુત્વ અને કીર્તિ અર્જિત કરતાં ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના રીડર અને અધ્યક્ષ તરીકે વર્ષ ૧૯૯૦માં નિયુકત થતાં જોડાયા અને વયોચિત મર્યાદાના કારણે ૧૯૯૭માં સેવાનિવૃત્ત થયા. પ્રસ્તુત વિષય ક્ષેત્રના અદના તજજ્ઞ તરીકે પત્રકારત્વ વિભાગની અનેકવિધ સંસ્થાઓ તેમજ ભાવનગર, રાજકોટ અને વડોદરાની યુનિવર્સિટીઓ ઉપરાંત રાજ્ય બહારની કેટલીક યુનિવર્સિટીઓના પત્રકારત્વના અભ્યાસ ઘડતર માટે તેમજ અન્ય આનુષંગિક સમિતિઓના સભ્ય તરીકે આમન્ત્રિત કરવામાં આવતાં તેમણે સેવાઓ આપી છે. ખાસ ગર્વરૂપ ઘટના એ છે કે ગુજરાત યુનિવર્સિટીમાં પત્રકારત્વ અને માસ મીડિયા વિષયના પ્રથમ માન્ય ગાઇડ બનવાનું શ્રેય ડૉ. મહેતાના શિરે રહે છે. પરિણામસ્વરૂપે તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાત યુનિવર્સિટીમાંથી ૯ વિદ્યાર્થીઓએ દષ્ટિપૂત વિષયો હેઠળ શોધપ્રબંધો રજૂ કરીને પીએચ. ડી.ની ડિગ્રી મેળવી છે. જેમાં સોનલ પંડ્યા, સંજય કચોટ, દષ્ટિ પટેલ, ધીમંત પુરોહિત, પ્રદીપ મલ્લિક, કમલ આચાર્ય, અનિલ ચાવડા, અનિલ દશાણી અને રાજેન્દ્ર દત્ત સમાવિષ્ટ છે. આ બધા સંશોધકોના વિષયો, જેમ કે સ્વાતંત્ર્ય પૂર્વેનું ગુજરાતી પત્રકારત્વ, ગુજરાતી તથા હિન્દી સાહિત્યિક કૃતિઓ પર આધારિત ધારાવાહિકમાં પ્રત્યાયનની ભૂમિકા, પાર્ટીસિપેટરી કૉમ્યુનિકેશન સ્ટડી ઇન લિટરસી, ગુજરાતીમાં દલિત સામયિકો, દૈનિકોમાં માનવ અધિકારો : વિચારો અને સમાચાર, ભારતની ન્યૂઝ ચેનલો વગેરેમાં ડૉ. મહેતાની સંશોધન માટેના વિષયોની તરોતાજગી અને દષ્ટિસંપન્નતા ધ્યાનાર્હ બની રહે છે. સુદીર્ઘકાળ સુધી પત્રકારત્વનું અધ્યાપન કરાવવાના કારણે તેમના વિદ્યાર્થી કિશોર જોશીના મતાનુસાર ડૉ. મહેતાના હાથ નીચે તૈયાર થયેલા ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પત્રકારત્વ અને સમૂહ માધ્યમોમાં સેવા આપી રહ્યા છે, જ્યારે આ જ સંદર્ભે શબ્દાન્તરે તેમના એક અન્ય વિદ્યાર્થી પુલક ત્રિવેદી (પ્રેસ અકાદમીના સચિવ)નું મંતવ્ય અમે ઘણી વાર લાઇટ ટોનમાં કહેતા હોઈએ છીએ કે સંચાર માધ્યમોમાં બેઠેલા પ્રત્યેક પાંચ વ્યકિતમાંથી એકની સાથે ડૉ. મહેતાનો હાથ ફર્યો જ હોય. પત્રકારત્વ શિક્ષણની સુદીર્ઘકાલીન કામગીરીમાં ડૉ. મહેતા પાસેથી અનેક ચાવીઓ મળી હોય એ સ્વાભાવિક છે, પણ કેટલીક ઉલ્લેખનીય ગુરુચાવીઓ છે. આ શબ્દો ડૉ. મહેતાએ પત્રકારત્વ ક્ષેત્રે આપેલ ગૌરવશીલ પ્રદાનને રેખાંક્તિ કરી આપે છે.

પત્રકારત્વ ક્ષેત્રે તેમનું વિશેષ ઉલ્લેખનીય અને ખૂબ જ મહત્ત્વપૂર્ણ કાર્ય છે પત્રકારત્વ અને સમૂહ માધ્યમ સંબંધી પુસ્તકોનો ગુજરાતી ભાષામાં અભાવને ધ્યાને લેતાં તેનું સર્જન અને પ્રકાશન. આ બધાં પુસ્તકો તેમની

અધ્યયન – અધ્યાપનનિષ્ઠા અને સંશોધકીય અભિગમની નીપજ છે **'પત્રકારત્વ સિદ્ધાંત અને અધ્યયન'** (૧૯૯૯)ના પ્રારંભમાં પત્રકારત્વની વિભાવના / હાર્દ અને સ્વરૂપ તથા પત્રકારત્વ / જર્નાલિઝમ શબ્દની ઉત્પત્તિ સમજાવીને વિશ્વ અને ભારતીય પત્રકારત્વની સંક્ષિપ્ત વિકાસરેખા ઉજાગર કરી આપી છે. આ સાથે જ પત્રકાર એટલે શું તે સંદર્ભે પાશ્ચાત્ય અને ભારતીય પત્રકારોનાં મતો સમજાવીને પત્રકારનાં ૧૦ ધર્મસૂત્રો, The Journalists Creedનો પાઠ અને ગુજરાતી અનુવાદ, પત્રકારત્વનાં વિવિધ સ્વરૂપો, સમૂહ પ્રત્યાયન અને પત્રકારત્વનાં માધ્યમો અને છેલ્લે અખબારી સ્વાતંત્ર્ય અને પત્રકારની ભૂમિકા વિશે સાધાર સમજૂતી આપવામાં આવી છે. વિવિધ પરિશિષ્ટોમાં પત્રકારત્વ પરિભાષા (અંગ્રેજી – ગુજરાતી) પરિશિષ્ટ ધ્યાનાર્હ બની રહે છે **'સંચાર–માધ્યમ સંશોધન : પદ્ધતિ અને સમીક્ષા'**, (૨૦૦૩, ૨૦૧૦) એ પત્રકારત્વ ક્ષેત્રની સંશોધન પદ્ધતિ વિશેનો ગ્રંથ છે. પ્રસ્તુત વિષય ક્ષેત્રનું ગુજરાતી ભાષામાં રચાયેલું આ પ્રથમ પુસ્તક છે. આ ગ્રંથની આગવી વિશેષતા એ છે કે સંશોધન પદ્ધતિ સંબંધી પ્રત્યેક ગુજરાતી મુદ્દાનું અંગ્રેજીમાં મથાળું આપવું. સંશોધન માટેની સર્વ સામાન્ય પદ્ધતિઓના નિરૂપણ સાથે 'સંશોધન અને સંચાર – સંશોધન', 'માધ્યમ સંશોધન' અને 'સમૂહ માધ્યમ–સંશોધન અને આચાર સંહિતા' પ્રકરણો પત્રકારત્વ અને સમૂહ માધ્યમ ક્ષેત્રોમાં સંશોધન કરતા વિદ્યાર્થીઓ માટે વિશેષ ઉપયોગી છે. યુજીસીની ગાઇડલાઇન્સ અનુસાર તૈયાર કરવામાં આવેલ સંશોધન પદ્ધતિ વિશેનું સરળ અને પ્રવાહી ભાષામાં સમજૂતી આપતું આ પુસ્તક પત્રકારત્વ ઉપરાંત અન્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે પણ ઉપયોગી બની રહે તેટલું સત્ત્વશીલ છે. **'મીડિયા અને આચાર–સંહિતા'** (૨૦૦૫, ૨૦૦૯) પુસ્તક તો મીડિયાકર્મીઓ અને આ ક્ષેત્રના વિદ્યાર્થીઓ ઉપરાંત નીતિ–નિર્ધારકો તેમજ જિજ્ઞાસુઓ માટે પણ ઉપયોગી બની રહે તેવી handbook સમાન છે. અહીં મીડિયા અને આચારસંહિતાની વિભાવના, પરિભાષા અને આચારસંહિતાની અનિવાર્યતા સમજાવ્યા બાદ પ્રેસ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા દ્વારા નિર્દેશિત આચારસંહિતા, વિદેશી અને ભારતીય સંગઠનો દ્વારા તૈયાર કરવામાં આવેલ આચારસંહિતા વિશે વિગતે સોદાહરણ સમજૂતી આપ્યા બાદ કેટલાંક સંગઠનો દ્વારા જાહેર કરવામાં આવેલ code of conducts, ફોજદારી ગુનાઓ, માનવ અધિકારો વગેરે પરિશિષ્ટમાં સમાવિષ્ટ છે. આ પુસ્તક લેખકના અધ્યયન અને અનુભવનો નિચોડ સમ છે. સમાચારો ઉપરાંત કોમી તોફાનો, જાહેરખબરો, ચૂંટણી વગેરેમાં આચારસંહિતાના પાલન અંગે સમજાવતું આ પુસ્તક પત્રકારો ઉપરાંત જાહેર જનતાને પણ ખપમાં લાગે તેવું ઉપયોગી છે.

મીડિયાનો ધર્મ ઉજાગર કરી આપતું તેમનું કડવા સત્ય સમાન મંતવ્ય : ''માધ્યમો હવે મિશનરી રહ્યાં નથી, 'બજાર' નામના પરિબળની 'મશિનરી' બની ગયાં છે 'મિશનરી'થી 'મશિનરી' સુધીની એની આ યાત્રા વિષ્ણુના ચરણથી છૂટા પડ્યા પછી ગંગાના થયેલા ક્રમિક પતન જેવી છે. આચારસંહિતા 'બિઝનેસને નુકસાન કરી શકે છે એ વાત સાથે હું સંમત નથી. માધ્યમે સમાજની પડખે ઊભા રહેવાનું છે, બજારની પડખે નહિ ! માધ્યમોએ 'શું છે' એની સાથે 'શું હોવું જોઈએ'નું પણ પથદર્શન કરાવવાનું છે. અંગત સ્વાર્થ ખાતર Hero ને Zero બનાવી દેવા અને Zeroની Hero તરીકેની પ્રતિભા ઉપાસવવી એ માધ્યમોનું વિપથગામીપણું છે, જેનાં માઠાં પરિણામો ભોગવવામાંથી દેશ અને દેશનું સમાજકારણ તેમજ રાજકારણ મુક્ત રહી શકવાનું નથી. પત્રકારે 'સંજય'ની જેમ દેખાય તે બધું જ વર્ણવવાનું નથી, પણ સમાચાર–પ્રદાનમાં કૃષ્ણ અને વિદુરની ભૂમિકા ભજવવાની છે. સમાચારો એ નૈવેદ્ય જેવા પવિત્ર છે. મીડિયા વ્યવસાયમાં નફો કરવામાં આવે તેની સામે વાંધો નથી. નફો બૂરો નથી નફાખોરી બૂરી છે. આજનું પત્રકારત્વ રંગીન બન્યું છે પણ સંગીન બન્યું છે ખરું ? મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા એ માધ્યમોએ સ્વીકારવાનો વણલખ્યો કરાર છે'' (મીડિયા અને પૃ. ૮૮–૯૦) સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરતો તેમનો મુદ્રાલેખ બની રહે છે

સમગ્રતયા આ ત્રણેય પુસ્તકો સવિશેષતઃ પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે અને જિજ્ઞાસુઓ માટે ઉપયોગી નીવડે તેવાં અધિકૃત અને સત્ત્વશીલ છે. ગુજરાતી ઉપરાંત હિન્દી ભાષામાં 'હિન્દી સાહિત્યિક પત્રકારિતા', 'સાહિત્ય તથા પત્રકારિતાકી પરિક્રમા', 'પત્રકારિતા સિદ્ધાંત ઔર સમીક્ષા' વગેરે તેમનાં પુસ્તકો પ્રકાશિત છે

પુસ્તકો ઉપરાંત પત્રકારત્વ અને માસ મીડિયા સંદર્ભે સંશોધન–લેખોનું લેખન તથા ગુજરાત

યુનિવર્સિટીના ઉપક્રમે પ્રસંગોપાત્ત પ્રસ્તુત વિષયક પરિસંવાદોના આયોજનમાં તેમની વિશેષ સક્રિયતા જોવા મળી છે. આ પરિસંવાદોમાં પોતાના વિદ્યાર્થીઓ પણ લેખોની પ્રસ્તુતિ કરે તેમજ તેનો લાભ લે તેના ખાસ આગ્રહી બની રહેતા. આ ઉપરાંત રાજ્યની કે રાજ્ય બહારની યુનિવર્સિટીઓ દ્વારા આયોજિત પરિસંવાદો કે વિશેષ વ્યાખ્યાનો માટે આમંત્રિત કરવામાં આવતાં પોતાની સેવાઓ આપતા રહ્યા છે. 'આકાશવાણી' અને 'દૂરદર્શન'ને પણ તેમની મૂલ્યવાન સેવાઓ સાંપડી છે.

અહીંના કાર્યકાળ દરમિયાન અને નિવૃત્તિબાદ પણ અન્ય સંસ્થાઓ દ્વારા સ્થાપિત પત્રકારત્વ સંબંધી સંસ્થાઓના સુયોગ્ય સંચાલન અને તેને દિશા અને ગતિ પ્રદાન કરવામાં તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે જેમાં 'સહજાનંદ મલ્ટીકોર્સ એકેડેમી તથા સહજાનંદ પત્રકારત્વ ઇન્સ્ટિટયૂટ'ના માનદ્ નિયામક અને પરામર્શક (૧૯૯૦ – ૧૯૯૪), 'ગુજરાત સમાચાર એકેડેમી ઑફ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ'ના સ્થાપક સંચાલક (૧૯૯૮ – ૧૯૯૯), 'હીરામણિ ઇન્સ્ટિટયૂટ ઑફ મીડિયા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચના નિયામક વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. 'હીરામણિ'નું આ ઇન્સ્ટિટયૂટ તો તેમના પર્યાય સમાન છે

### કટાર લેખક – સાહિત્ય સર્જક

'લોકહિત પ્રહરી' તરીકે ડૉ. મહેતાએ પોતાને મન પત્રકારત્વ એટલે શું, અર્થાત્ પોતે અપનાવેલ પત્રકારિત્વની ફિલસૂફી વિશે નોંધેલ મંતવ્ય ''મારે મન પત્રકારત્વ એ શબ્દવંદના છે, સમાજવંદના છે, લોકવંદના છે. એની તમામ મર્યાદાઓ સાથે હું પત્રકારત્વને લોકભાવનાની ભાગીરથી ગણું છું. માનવીય સ્વાતંત્ર્ય અને ગૌરવનો ઇતિહાસ અનેક નામી–અનામી પત્રકારોના ત્યાગ અને તપસ્યાથી ઊજળો છે. માનવ અધિકારોની રક્ષા અને પરિપોષણ માટે પત્રકારત્વ અવિરત જેહાદ જગાવતું રહ્યું છે. પત્રકારત્વની રચનાત્મક શક્તિનો હું એટલે જ આશિક રહ્યો છું. છેલ્લા અઢી દાયકાથી 'ગુજરાત સમાચાર'ના ઘેઘૂર વડલા પર કટાર–લેખન રૂપે મારી કલમે સલામત માળો બાંધ્યો છે. મારામાં રહેલા સાહિત્યકારની સંવેદનશીલતાને લોકહૃદય સુધી પહોંચવાનો એક સેતુ મને 'ગુજરાત સમાચાર' દ્વારા સંપ્રાપ્ત થયો છે, એટલે જ હું મારા યુવા મિત્રોને 'કેમ છે, દોસ્ત' કહી શક્યો, ચિંતનની 'ચિનગારી' પ્રગટાવી શક્યો અને વાચકો સાથે 'ગુફ્તેગો' કરી શક્યો. મારામાં રહેલો લેખક સાહિત્ય અને પત્રકારત્વ સાથે સંવાદ સાધી શકયો છે અને એ બન્નેની મૈત્રીએ મારી અભિવ્યક્તિને માંજી છે. પત્રકારત્વ અને સાહિત્યનો સંબંધ નોખો નહીં 'અ–નોખો' છે. એ બન્નેએ મને સરસ્વતી – મંદિરના ઊંબરે મસ્તક ટેકવવાનું માધ્યમ પૂરું પાડ્યું છે, એ હું કેવી રીતે વિસ્મરી શકું ?'' ડૉ. મહેતાને પત્રકાર તરીકે પામવા માટે ધ્યાનાર્હ બની રહે છે. (પત્રકારત્વ સિદ્ધાંત અને અધ્યયન, પ્રારંભિક પૃ. [૫]) ડૉ. મહેતાનું આ મંતવ્ય અને તેમની કટારો અને કટારોના આધારે પ્રગટ કરેલાં બહુવિધ પુસ્તકોમાંથી પસાર થતાં ડૉ. મહેતા શતપ્રતિશત ખરા ઊતરતા જોવા મળે છે.

કટાર લેખનનો પ્રારંભ તેમણે ૧૯૭૩માં 'સંદેશ' દૈનિકમાં **'હલ્લો યંગ ફ્રેંડ'**ના શીર્ષક હેઠળ કર્યો, જે ૧૯૭૫ સુધી ચાલુ રાખી હતી ત્યાર બાદ ૧૯૭૬થી 'ગુજરાત સમાચાર'માં પ્રતિ રવિવારે **'એક જ દે ચિનગારી'** શશિન્ ઉપનામ હેઠળ અને પ્રતિ બુધવારે **'કેમ છે દોસ્ત'** અને **'ગુફ્તેગો'** પોતાના નામ હેઠળ પ્રકાશિત કરવામાં આવે છે. આ ત્રણેય કટારો આજે તેના અસ્તિત્વના પ્રાયઃ પાંચમા દશકનો ઉત્તરાર્ધ વટાવી ચૂકી હોવા છતાં અસ્ખલિત પ્રકાશિત થઈ રહી છે. આ પાછળ તેમાં અભિવ્યક્ત વિચારોની પ્રવર્તમાન સમયમાં પ્રસ્તુતતા, તાજગી, ઉપયોગિતા અને વાચકોના મોટા સમૂહ દ્વારા તેની સ્વીકૃતિ – acceptability ઉત્તરદાયી ગણવી રહી. આ સંદર્ભે કોઈ પણ વિચારશીલ વ્યક્તિના મનમાં સહજતયા પ્રશ્ન ઉદ્‌ભવે કે એવું તે શું પીરસવામાં આવે છે કે સમાજનો મોટો સમૂહ આકર્ષાયેલો રહે છે. આ બધી કટારો પૈકી કેટલીક ઉપર પડેલ અલપ–ઝલપ નજર અને લેખક દ્વારા આ કટારો આધારિત તેમજ સ્વતંત્ર રીતે સમયાન્તરે પ્રકાશિત કરવામાં આવતાં વૈવિધ્યસભર વિષયો હેઠળનાં પુસ્તકો, જેમ કે, જીવનઘડતરલક્ષી, સમાજચિંતન, ચિંતન, ચરિત્ર, યુવાસાહિત્ય, ગુફ્તેગો, પ્રેરકકથાઓ, નિબંધ, વાર્તાસંગ્રહ, એકાંકી, કવિતા, બાળસાહિત્ય, અનુવાદ, સંપાદન વગેરે તથા વિશિષ્ટ વિષયો હેઠળના અભ્યાસગ્રંથો જેમ કે હિન્દી વિવેચન, પત્રકારત્વ વગેરે મળી તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૧ સુધી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં પ્રગટ થયેલાં **૧૭૩ પુસ્તકો** પૈકી વિષયલક્ષી અધ્યયનગ્રંથો બાદ કરતાં આ લખનાર દ્વારા વિવિધ વિષયો હેઠળનાં પુસ્તકો પૈકી ૨૫ જેટલાં પ્રાપ્ત પુસ્તકોમાંથી પસાર થતાં તેમજ અન્ય પુસ્તકોના પ્રમુખ વિષયો અને ગ્રંથોનાં શીર્ષકોના આધારે

સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે **લેખકનો હેતુ માંગલ્યપથદર્શક સાહિત્યની રચનાનો રહ્યો છે. આ પ્રકારના સાહિત્ય થકી સ્વસ્થ અને સમરસ વ્યક્તિ – સમાજ – રાષ્ટ્ર ઘડતર અને ચણતરનો રહ્યો છે, જે અંતતઃ વિશ્વશાંતિનો આધાર બને છે. તેઓશ્રી સાચે જ ભારતીય સંસ્કૃતિથી અનુપ્રાણિત એવા વિશ્વમાનવ સંસ્કૃતિના ઉપાસક અને ઉદ્‌ગાતા છે.**

એક કર્મયોગી શિક્ષક – અધ્યાપકના નાતે તેઓશ્રી શિક્ષણ અને સાહિત્ય થકી માનવતાનું વાવેતર કરીને સમાજઘડતર માટે સંકલ્પબદ્ધ છે. યુવાનોની બહુવિધ સમસ્યાઓ અને જિજ્ઞાસાઓ 'ગુફ્તેગો' કટારના માધ્યમથી (તેમજ કટાર આધારિત સમયાન્તરે પ્રગટ થતાં રહેતાં પુસ્તકો 'યુવાશ્રેણી' વગેરેના આધારથી) માત્ર શમન જ કરતા નથી, પરંતુ સાચો અને કલ્યાણપથ ચીંધી આપે છે. ઉદા તરીકે 'સુખી જીવનનું સિક્રેટ' (૨૦૧૮) અને 'ઉન્નત જીવનનું એવરેસ્ટ' (૨૦૧૮)માં ગ્રંથસ્થ પ્રત્યેક નિબંધના અંતમાં સારરૂપ રજૂ કરેલાં પાંચ જેટલા ઉપાયો અનુભજન્ય મૌક્તિકો સમાન છે, જેમ કે, દેશને આજે કઈ સાત બાબતોની જરૂર છે : ૧. આવેગ અને આવેશમાં નહીં તણાતા જાગ્રત મતદાતાઓ અને નાગરિકોની, ૨. ઘોંઘાટનું પ્રદૂષણ ન ફેલાવતા નેતાઓની, જેઓ વચનોની લહાણીને બદલે ચૂપચાપ પ્રજાની સેવા કરવા તત્પર હોય, જેઓ હદ બહાર નહીં પણ હદમાં રહેતા હોય, ૩. પ્રજાવત્સલ અધિકારીઓની, જેમનામાં શિસ્ત, સંયમ હોય અને ચાપલૂસીની વૃત્તિ ન હોય, ૪. પ્રજાહિતને કેન્દ્રમાં રાખી શુદ્ધભાવે ઉત્તમતાની ખાતરીવાળો વેપાર કરનારની, ૫. જીવનનાં ઉદાત્ત મૂલ્યોને સાકાર કરતા શિક્ષકો – અધ્યાપકોની, ૬. જોનારની નહીં, પણ મારી શી ફરજ છે એમ વિચારનાર લોકપ્રતિનિધિઓની, ૭. ધર્મગુરુઓના અંધ અનુયાયી બનવાને બદલે વિવેકસભર ભક્ત બનનારની (સુખી જીવનનું પૃ. ૩૧).

તેમની કટારોમાં અભિવ્યક્ત દષ્ટિબિંદુના સમર્થનમાં પ્રસંગોપાત્ત ભારતીય અને પાશ્ચાત્ય ચિંતકોના ચિંતનગર્ભ વચનો ઉદ્‌ધૃત કરવા ઉપરાંત આવશ્યકતાનુસાર પૌરાણિક, ધાર્મિક – દાર્શનિક, સાહિત્યિક ગ્રંથો કે લોકમુખે પ્રચલિત કથાઓના આધારે પોતાનાં અર્થઘટનો સાથેનાં કથાનકોની ગૂંથણી કરતા હોવાથી વાચકને તેમની વાત માખણમિસરીવત ગળે ઊતરી જવાની સાથે અર્થબોધ પામ્યાની અનુભૂતિ પણ કરાવે છે. અન્ય બે ધ્યાનપાત્ર બાબતો એ છે કે અહીં અન્ય ચિંતકોની સૂક્તિઓની સાથે જ ખુદ લેખકનાં વચનામૃતો ઠેર ઠેર પથરાયેલાં જોવા મળે છે, જો વીણવામાં આવે તો દળદાર **'ચંદ્રસૂક્તિ કોશ' = 'ચંદ્રવચનામૃત કોશ'** તૈયાર થાય. એક બીજી વાત એ કે તેમની પ્રત્યેક કટાર માનવજીવનના કલ્પનાતીત અનુભવોથી સંપન્ન હોય છે. કવિઓ આર્ષદ્રષ્ટા હોય છે તેનું આ ઉદાહરણ છે. વળી, ખાસ ધ્યાનપાત્ર બાબત તો એ છે કે આટલી વિશાળ માત્રામાં વૈવિધ્યસભર સાહિત્યની રચના કરતા હોવા છતાં શબ્દાન્તરે ક્યાંય પુનરાવર્તન જોવા મળતું નથી. એક પત્રકાર તરીકે તેઓશ્રી કાકાસાહેબ કાલેલકરના મંતવ્ય 'પત્રકાર એટલે લોકશિક્ષણનો આચાર્ય, બ્રાહ્મણોનો બ્રાહ્મણ અને ચારણોનો ચારણ'ને સાચે જ ચરિતાર્થ કરી રહ્યા છે

### ગાંધીજીવન–દર્શનના અભ્યાસી અને અનુયાયી

મહાત્મા ગાંધીની પ્રવર્તમાન સમયમાં પ્રસ્તુતતા સમજાવતા તેમના ગ્રંથ 'Relevance of Mahatma Gandhi : Today' ૨૦૦૭નું નિમિત્ત શિકાગો (અમેરિકા)ની ઈલિનોઈસ યુનિવર્સિટીનું આમંત્રણ છે. પ્રસ્તુત ગ્રંથના આમુખમાં પોતાના માનસપટલ ઉપર ગાંધીજીની સ્મૃતિ ઉજાગર કરતાં નોંધ્યું છે કે પોતે જ્યારે ધોરણ – ૩ના વિદ્યાર્થી હતા ત્યારે દેશ આઝાદ થતાં આચાર્યશ્રી નારણભાઈ પટેલે ગાંધીગીતો ગવડાવેલાં ત્યારથી આજદિન સુધી અકબંધ રહી છે. અહીં 'પ્રવર્તમાન સમયમાં ગાંધીજીની પ્રસ્તુતતા', 'મહાત્મા ગાંધી : મહાન આત્મા' અને 'સાચો સત્યાગ્રહી કોણ બની શકે' તે વિશેનાં વ્યાખ્યાનો ઉપરાંત સત્ય, અહિંસા, ઈશ્વર, અસ્પૃશ્યતા, અભય વગેરે વિશે ગાંધીજીના વિચારો અને છેલ્લે ગાંધી ઘટનાક્રમ ગ્રંથસ્થ છે. આ વ્યાખ્યાનોમાં ગાંધીજીવન–દર્શન, મર્યાદાઓ અને વિશેષતાઓ તેમજ અન્ય અભ્યાસીઓનાં મંતવ્યો વણી લઈને ગાંધીજીની પ્રસ્તુતતા સાધાર સમજાવી છે. લેખના સમાપનમાં ગાંધીજીની પ્રાસંગિકતા સંબંધી લેખકનું મંતવ્ય તેમના જ શબ્દોમાં જોઈએ : ''At this critical juncture, the one and the only way to save mankind from self-destruction and to create a feeling of oneness is to adopt the Gandhian principles of truth, nonviolence and selfless service to humanity. In addition to this, a war is going on in the mind of man

destroying human values within. The conflict within man has to be stopped by inculcating the spirit of peace in order to restore the lost values and strengthen the spiritual, moral and intellectual base of the mind. Needless to say, the principles practised by Gandhiji, during the Indian struggle for independence, will be a source of inspiration in this direction.''

**પ્રાથમિક શિક્ષકથી ઉપકુલપતિ સુધીની સફરના કર્મશીલયાત્રી**

ડૉ. મહેતાસાહેબે કારકિર્દીની શરૂઆત પ્રાથમિક શિક્ષકથી શરૂ કરીને ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ અને કાર્યકારી કુલપતિપદ સુધીની યશોદાયી સફરના પ્રત્યેક પગથિયે અદા કરેલ ફરજ પ્રત્યેની પ્રતિબદ્ધત્તા, કાર્યનિષ્ઠા, સેવાપરાયણતા અને 'વત્સલ મૂરત સ્નેહલ સૂરત' વિશેની અનુભવજન્ય વાતો હૃદયના ઉમળકાભેર ગુજરાતના અગ્રણી સારસ્વતો, સ્નેહીજનો અને વિદ્યાર્થીઓ દ્વારા તેમને અર્પણ કરવામાં આવેલ અભિનંદનગ્રંથ **'ડૉ. ચંદ્રકાન્ત મહેતા : એક પ્રગટ સારસ્વત'** (૨૦૧૧)માં આલેખિત છે. આ અભિવાદનગ્રંથ તો તેમના સહૃદયી અને પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વનો આયનો છે. આ ઉપરાંત તેમને ભારત સરકાર દ્વારા **'પદ્મશ્રી'** એનાયત કરવાના સમાચાર જાહેર થતાં તેમના વિદ્યાર્થીઓએ ભાવવિભોર હૈયે પોતાના વત્સલગુરુનાં સ્નેહસંભારણાંની સ્મૃતિ તાજી કરીને લખેલા પત્રોમાં તેમનાં ઉદાહરણસ્વરૂપ શિક્ષકત્વનાં દર્શન થાય છે. આ બધા લેખો અને સ્નેહસંભારણાંના માધ્યમથી આપણે જાણી શકીએ છીએ કે તેઓશ્રી માનવજીવન–વિકાસનો માર્ગ પ્રશસ્ત કરનાર શિક્ષક બની રહ્યા છે. તેમને પાટણ યુનિર્વસિટીના પત્રકારત્વ વિભાગના ઉપક્રમે વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૬માં ખાસ વ્યાખ્યાન માટે આમંત્રિત કરવામાં આવેલા ત્યારે તેમના અધ્યાપકીય નિષ્ઠા સાથેના વિદગ્ધ વકતૃત્વથી પ્રભાવિત થતાં યુનિવર્સિટીના સભાખંડમાં ઉપસ્થિત પાટણના વિદ્યારસિક નાગરિકો દ્વારા તેમની અહોભાવપૂર્વક વંદના કરવામાં આવી હતી, જેનો આ લખનાર જ નહીં; પરંતુ શ્રી રઘુવીરભાઈ, શ્રી બકુલ ત્રિપાઠી, પાટણ જિલ્લાના તત્કાલીન વિકાસ અધિકારી શ્રી વિજય નેહરા વગેરે સાક્ષી રહ્યા છે.

તેમના શિક્ષકત્વ સંબંધી આ બધાં સ્નેહસંભારણાં ઉપરાંત તેમનું નીતર્યા નીર જેવા મૂઠી ઊંચેરા શિક્ષકત્વની પ્રતીતિ તેમની કટારો અને ગ્રંથોમાં આપણે જોઈ શકીએ છીએ. તેમની આ દસ્તાવેજી સામગ્રી સદાકાળ આપણો માર્ગ પ્રશસ્ત કરતી રહે તેવી શાશ્વત છે. તેમના સ્નિગ્ધ – સ્નેહનિર્ઝર ભાવવાહી છતાં અર્થસભર શબ્દો હૃદયસ્પર્શી હોવાની સાથે મન–બુદ્ધિને પણ સ્વીકાર્ય બને છે – સંતર્પક સંતૃપ્તિનો અનુભવ કરાવે છે. આવા સત્ત્વશીલ સાહિત્યના સર્જનનનું શ્રેય તેમનાં અપરિમિત વાંચન, ચિંતન અને અસાધારણ પ્રત્યુત્ત્પન્નમતિને રહે છે. **'સરસ્વતીની અમૃતગાથા'** (પૃ. ૩૭) ગ્રંથમાં શિક્ષક માટે સાત અપેક્ષિત ગુણો ગણાવ્યા છે : **''વિદ્વત્વં દક્ષતા શીલં, સંક્રાન્તિસુ શીલનમ્ । શિક્ષકસ્ય ગુણાઃ સપ્ત સચેતસ્ત્વં પ્રસન્નતા'** અર્થાત્ વિદ્વત્તા, દક્ષતા, શીલ સંક્રમણશકિત, અનુશીલન, **સહૃદયતા અને પ્રસન્નતા** – આ સાત ગુણો અપેક્ષિત છે'', જેનાથી ડૉ. મહેતાસાહેબ સાચે જ સંપન્ન છે. શિક્ષક વિશેનું તેમનું દર્શન : ''શિક્ષક એ વાત્સલ્યમૂર્તિ છે એ ન્યાયાધીશ નથી પણ પ્રેમાધીશ છે. શિક્ષકમાં નિયમિતતા અને કર્મનિષ્ઠા હશે તો તેનો પ્રભાવ વિદ્યાર્થીમાં આપોઆપ પડશે. શિક્ષકની સંશોધન સમર્પિતતા જ એનામાં પ્રત્યેક પળે નવો શિક્ષક જન્માવશે એટલે આત્મકેન્દ્રી નહીં પણ સમાજધર્મી, રાષ્ટ્રપ્રેમી અને વિશ્વકલ્યાણની ભાવનાથી ઓતપ્રોત બનવાનું અને ઉદાત્ત જીવનમૂલ્યો અપનાવી અનુકરણીય દૃષ્ટાંત બનવાનું છે. શિક્ષણનીતિ નહીં પણ શિક્ષકની નૈતિકતા અને જ્ઞાનની સજ્જતા જ દેશના ભવિષ્યનું નિર્માણ કરી શકશે. આ સાથે તેમના દ્વારા પ્રદત્ત શિક્ષકની સપ્તપદી ૧. જ્ઞાનવૃદ્ધિની સતત તૃષા, ૨ નિરંતર અધ્યયનશીલતા અને જ્ઞાનનું નવીનીકરણ, ૩. શિક્ષણને ધર્મ માનવતાની મનોવૃત્તિ, ૪. ઉદાત્ત ચારિત્ર્ય, ૫. વિદ્યાર્થી પ્રત્યેનો વાત્સલ્યભાવ, ૬. નિયમિતતા, કર્મનિષ્ઠા અને સંશોધનની જીવંતતા, ૭. રાષ્ટ્રપ્રેમ અને જીવનનાં શ્રેષ્ઠ મૂલ્યોની સાધના સુચિંતનીય છે (અચલા, માર્ચ ૨૦૨૧, પૃ. ૩૭) અને આવો જ ઉમદા વ્યવહાર તેમના જીવન સાથે વણાઈ ગયેલો રહ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકેની જવાબદારી તેમણે તત્કાલીન કુલપતિ ડૉ. એમ. એન. દેસાઈ અને પ્રો એન. વી. વસાણીના કાર્યકાળ દરમિયાન વહન કરી હતી. આ સંદર્ભે ડૉ. એમ. એન. દેસાઈએ નોંધેલ

શબ્દો ''૧૯૯૪–૯૭ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીના ઉપ કુલપતિ અને કાર્યકારી કુલપતિ તરીકેની જવાબદારી અનેક સંઘર્ષો વચ્ચે કામ કરીને એમણે અડગતા અને સંવાદિતાપૂર્વક નિભાવી હતી અને યુનિવર્સિટીઓનાં વિવિધ ભવનોના વડાઓ તથા કર્મચારીવૃંદનું ગૌરવ વધે તેવો અભિગમ દાખવ્યો હતો. વિદ્યાર્થીઓ પ્રત્યેનો તેમનો અનન્ય પ્રેમ આજપર્યંત અંકબંધ રહ્યો છે'' તેમની નિષ્ઠા અને કાર્યક્ષમતાને ઉજાગર કરે છે. એક સંવેદનશીલ અને જાગરૂક શિક્ષક તથા પત્રકારના નાતે પોતાનું કાર્યક્ષેત્ર અધ્યયન, અધ્યાપન, લેખન સુધી સીમિત ન રાખતાં અભ્યાસકાળથી જ સમાજસેવાનાં કાર્યોમાં રસરુચિ લેતા આવ્યા છે. 'સદ્વિચાર પરિવાર' અને 'અમદાવાદ શહેર શિક્ષણ સમિતિ' વગેરે સાથે અંતરંગ નાતો જાળવી રાખીને અર્થાત્ સૌને સુલભ બની રહીને પોતાની માનવીય ફરજની સભાનતા સાથે સેવાઓ આપતા રહ્યા છે, માત્ર કોરા શબ્દો – ઉપદેશ નહીં, પરંતુ 'જીવન એ જ વાણી'નું સાંગોપાંગ પાલન અને તેથી જ સૌના પોતીકા બની રહ્યા છે. આ ઉપરાંત સંસ્કૃત નાટકો જેમ કે 'રાજયોગી ભર્તૃહરિ', 'ભક્ત કવિ નરસિંહ મહેતા' વગેરેમાં શ્રેષ્ઠ અભિનય પણ આપ્યા છે. આ સંદર્ભે ડૉ. દર્શના ત્રિવેદીએ જણાવ્યું છે કે રંગભૂમિ ઉપરાંત ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા આકાશવાણી પરથી પ્રસારિત થતાં સંસ્કૃત નાટકોમાં તેમના અવાજના જાદુથી અપાર લોકચાહના મેળવી છે... નાટકની ભજવણી ઉપરાંત તેમણે સંસ્કૃત રેડિયો નાટકનું લેખન પણ કર્યું છે. શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદના તેઓ ઉપપ્રમુખ છે. આમ, તેઓશ્રી ખરા અર્થમાં ઋષિકુળ પરંપરાના શિક્ષકત્વને ચરિતાર્થ કરી રહ્યા છે. તેમણે જીવનમાં વેઠેલ સંઘર્ષો અને મેળવેલ ઉપલબ્ધિઓની જાણકારી માટે તાજેતરના દિવસોમાં તેમણે લખેલ સંવેદનશીલ **'આત્મકથ્ય'** વાંચવું રહ્યું.

**માન–સમ્માન**

આગળ ઉપર આપણે જોયું કે ડૉ. મહેતાસાહેબનું સાહિત્ય–શિક્ષણ–સમાજસેવા વગેરે અનેકાનેક ક્ષેત્રોમાં મહિમાસંપન્ન પ્રદાન રહ્યું છે અને તે પણ આપણા આર્ષગ્રંથ **'શ્રીમદ્ભગવદ્ગીતા'**ને અભિપ્રેત **'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'**ની ભાવનાને સહજતાથી આત્મસાત કરીને તેમણે શ્રીમદ્ભગવદ્ગીતોનો **'કર્મયોગ'** અને **'કર્મસંન્યાસયોગ'** ખરા અર્થમાં પચાવ્યો છે. અનાસક્ત અને અનપેક્ષ: રહીને માનવીય ફરજના ભાગ તરીકે કાર્ય કરતા રહ્યા છે. આટલું ગંજાવર કામ તો ગીતાને અભિપ્રેત એવો કોઈ યોગભ્રષ્ટ વ્યક્તિ જ કરી શકે. આ દષ્ટિએ આપણા ડૉ. ચન્દ્રકાન્ત મહેતાસાહેબ **'યોગભ્રષ્ટ'** વિદ્યાપુરુષ છે તેમનાં મૂઠી ઊંચેરાં ઉમદા કાર્યોને ધ્યાને લઈને અનેકવિધ સંસ્થાઓ દ્વારા તેમના બહુમૂલ્ય પુરસ્કારો તેમને અર્પણ કરીને વિભૂષિત કરવામાં આવ્યા છે, જેની લાંબી યાદી છે. અહીં આ પૈકી વિશેષ ઉલ્લેખનીય નીચે દર્શાવ્યા છે :

* **'પદ્મશ્રી'** – ભારત સરકાર ૨૦૨૧
* **'વિદ્યાવાચસ્પતિ'** – **D. Litt.** સાહિત્ય સંમેલન, પ્રયાગ
* **'રાષ્ટ્રીય સમ્માન'** – હિન્દીતર ભાષી હિન્દી લેખક યોજના અંતર્ગત
* **'સૌહાર્દ પુરસ્કાર'** – ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થા, લખનૌ
* **'સાહિત્ય ગૌરવ'** – ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર
* **'ભારતી ભૂષણ'** – હિન્દી – ઉર્દૂ અવૉર્ડ સમિતિ, લખનૌ, ૨૦૦૮
* **'રાજભાષા સમ્માન'** – ગુજરાત રિફાઈનરી આઈ ઓ સી પુરસ્કર, ૧૯૯૭
* **'સંસ્કાર પારિતોષિક'** – સંસ્કાર પરિવાર, વડોદરા
* **'સંસ્કૃતિ પુરસ્કાર'** – જિલ્લા બાળસંરક્ષણ ગૃહ, અમદાવાદ
* **'લાઇફ ટાઇમ એચિવમેન્ટ'** – 'હ્યુમન સોસાયટી ઑફ ઇંડિયા' – સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, અમદાવાદ
* **'બ્રહ્મરત્ન અવૉર્ડ'** – બૃહદ બ્રહ્મસમાજ, ખેડા
* **'સુવર્ણ ચંદ્રક'** – બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા નાટ્યક્ષેત્રે પ્રદાન બદલ
* **'ડૉ. ચંદ્રકાન્ત મહેતા : એક અપ્રગટ સારસ્વત અભિવાદન ગ્રંથ'** સારસ્વતો અને સ્નેહીજનો દ્વારા અર્પણ

(**સંપર્ક :** પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ૧૬, હેવન પાર્ક, રામદેવનગર પાસે, ઈસરો – સેટેલાઈટ વિસ્તાર, શેલ્બી હૉસ્પિટલ પાછળ, અમદાવાદ – ૩૮૦૦૧૫ મો ૯૮૨૪૦૧૫૩૮૬)

**- મણિભાઈ પ્રજાપતિ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર : ઇતિહાસની અટારીએથી

# સર્વ વિદ્યાલયમાં

**મોહનલાલ પટેલ**

સર્વ વિદ્યાલયમાં હું ફરજ પર હાજર થાઉં એ પહેલાં મેં કડીની મુલાકાત લીધી હતી. સર્વ વિદ્યાલયમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતા મારા ભાણેજ નરોત્તમભાઈએ મને કડીના મુખ્ય માર્ગો પર ફેરવીને કડીનું અલપઝલપ દર્શન કરાવ્યું હતું. સ્ટેશનથી નગરના મુખ્ય દરવાજા સુધીનો માર્ગ લગભગ વસાહત વગરનો હતો. માર્ગની બંને બાજુ સમાંતરે ખાઈ જેવા સળંગ ખાડા હતા. એ રસ્તે સરકારી વિશ્રામગૃહ, મણિલાલ મેન્શન, બૉમ્બે કેસલ, એક ખાસ ન વપરાતી ધર્મશાળા, ગામડેથી આવેલા લોકોને ઊતરવા માટે પટેલભવન – આટલાં રહેઠાણ માટેનાં સ્થાન. સરકારી વિશ્રામગૃહ બહુ ઓછું વપરાતું. મણિલાલ મેન્શનમાં કેટલાંક કુટુંબો ભાડે રહેતાં હતાં. બૉમ્બે કેસલ બંધ રહેતું હતું. એના માલિક કદાચ મુંબઈ રહેતા હતા.

વહેલી સવારે ઊપડતી ટ્રેનમાં જનાર મુસાફરો માટે બીક લાગે એવો આ રસ્તો, બંને બાજુએ ઊંચાં વૃક્ષોના કારણે સૂર્યના તાપ વખતે છાયાવાળો બની રહેતો અને એકંદરે રળિયામણો લાગતો.

શહેરની અંદરના રસ્તા સાવ સાંકડા. બજાર ત્રણેક ભાગમાં વહેંચાયેલું. બજાર જેવું ક્યાંય જણાતું નહોતું એટલે મેં ભાઈ નરોત્તમને પૂછ્યું હતું, 'કડીનું બજાર ક્યાં આવ્યું ?' એનો જવાબ હતો, 'આપણે ચાલીએ છીએ તે કડીનું બજાર જ છે.' આશ્ચર્ય. ત્રણ ભાગમાં વહેંચાયેલા બજારની દુકાનો ગલીઓમાં ગોઠવાયેલી હોય એવું લાગતું હતું.

શહેરની પચીસેક હજારની વસ્તી. મુખ્યત્વે પાટીદાર, વૈષ્ણવ વણિક, હરિજન અને મુસલમાનની વસતી. બ્રાહ્મણ અને ઇતર કોમની વસતીનું પ્રમાણ ઓછું. આમ છતાં બ્રાહ્મણનું વર્ચસ્વ સારા પ્રમાણમાં. પ્રજાપતિની સંખ્યા પણ નોંધપાત્ર.

૧૯૫૦ના જુલાઈ માસની સાતમી તારીખે નોકરી પર હાજર થયો, અમદાવાદથી લગભગ સવાનવ વાગ્યે ઊપડતી અમદાવાદ-બેચરાજી લોકલમાં લગભગ સવાઅગિયાર વાગ્યે હું કડીના પ્લૅટફૉર્મ ઉપર ઊતર્યો. સર્વ વિદ્યાલય કૅમ્પસ શહેરથી વિરુદ્ધ દિશામાં. પાટા ઓળંગીને કૅમ્પસ સુધી પહોંચ્યા પછી સર્વ વિદ્યાલયમાં આચાર્યશ્રીની ઑફિસમાં મેં પ્રવેશ કર્યો.

મીઠા સ્મિત સાથે આચાર્ય દેસાઈસાહેબે મને આવકાર્યો. છૂટા થયેલા ભાષાશિક્ષકનું સમયપત્ર તો તૈયાર હતું, પણ કંઈક ફેરફાર કરવાની ગણતરી હશે એટલે દેસાઈસાહેબે મને પૂછ્યું : 'અગિયારમા ધોરણમાં ભૂગોળનો વિષય ભણાવી શકશો ?'

મારી અરજીમાં મેં જણાવ્યું જ હતું કે એલજિબ્રા અને અંકગણિત સિવાય કોઈ પણ વિષય, કોઈ પણ ધોરણમાં ભણાવી શકીશ. છતાં આ પ્રશ્નથી મને થોડી નવાઈ લાગી. ભાષાના શિક્ષક તરીકે મને બોલાવવામાં આવ્યો હતો અને ભૂગોળ ભણાવવા અંગે પૂછવામાં આવ્યું ! કોઈ પણ વિષય ભણાવવા બાબતે મને આત્મવિશ્વાસ તો હતો જ એટલે સહેજ પણ અચકાયા વગર મેં કહી દીધું : 'જરૂર ભણાવી શકીશ.'

પાછળથી મને જાણવા મળ્યું કે જે શિક્ષક અગિયારમા ધોરણમાં ભૂગોળ ભણાવતા હતા તેમની અને વિદ્યાર્થીઓ વચ્ચે કંઈક એવી અંટસ પડી ગઈ હતી કે શિક્ષક એ વર્ગોમાં ભૂગોળ ભણાવવા તૈયાર નહોતા અને વિદ્યાર્થીઓ એમની પાસે ભણવા તૈયાર નહોતા. સમાધાનનો માર્ગ કાઢવાને બદલે અધ્યાપનકાર્ય કોઈ અન્યને સોંપવાનો નિર્ણય વહીવટની રીતે તંદુરસ્ત ન ગણાય, પણ હું એ વિષય ભણાવવા તૈયાર હતો એટલે

આચાર્યશ્રીને આ તોડ સુગમ લાગ્યો હશે.

ભૂગોળ ભણાવવા અંગે આચાર્યશ્રી સાથે વાત ચાલતી હતી એ વખતે શાળાના મુખ્ય પટાવાળા જોઈતારામ ત્યાં હાજર હતા.

જ્યારે હું આચાર્યશ્રીની ઑફિસમાંથી બહાર નીકળ્યો ત્યારે જોઈતારામ ઑફિસ સામે લૉબીમાં ઊભા હતા. એમણે મને કહ્યું : 'ભૂગોળનું ન ફાવે તો સાહેબને ના કહી દો ને.'

જોઈતારામની આ ચેષ્ટા મને ઠીક ન લાગી. છતાં એમણે દાખેવલી સહાનુભૂતિના પ્રતિભાવરૂપે એક આછું સ્મિત આપીને હું આગળ વધ્યો.

એ દિવસે હું ફરજ પર હાજર તો થયો પણ વર્ગોમાં બીજા દિવસથી કામ કરવાનું હતું.

શાળાના છાત્રાલયના રસોડે જમીને, છાત્રાલયના એક ખૂણે ઉપલા માળે મારા માટે ફાળવવામાં આવેલી રૂમમાં મારો સામાન મુકાવીને, ભૂગોળનાં સંદર્ભ પુસ્તકો મેળવી લેવા હું શાળાના પુસ્તકાલયમાં ગયો.

પુસ્તકાલયમાં પ્રવેશ્યા પછી મને પહેલું આશ્ચર્ય પુસ્તકાલયના ગ્રંથપાલને જોઈને થયું. આ ભાઈ નxચે તો નહીં ? પાટણમાં પ્રાથમિક શાળા નં.૩માં દિવસના આરંભે પ્રાર્થના થાય ત્યારે બધાં ધોરણોના વિદ્યાર્થીઓ સાથે મળે. દરેકના માથે ટોપી તો હોય જ. એક ટોપી ઉપર ઘેરા જાંબલી અક્ષરથી નxચે લખેલું હું જોતો. હું ત્રીજા ધોરણમાં અને આ ભાઈ પાંચમા ધોરણના વિદ્યાર્થીઓના ગ્રૂપમાં હોય. ક્ષણમાં તો મારા મને નિશ્ચયપૂર્વક મને કહી દીધું હા, એ નxચે જ છે. મેં મારો પરિચય આપ્યો. અમે બંને પાટણના વતની. મારે માત્ર એમનું નામ જાણવાનું હતું : એ હતા નરોત્તમ ચેલાભાઈ પટેલ. અમને બંનેને મળીને ખૂબ આનંદ થયો.

બીજું આશ્ચર્ય થયું પુસ્તકોનાં કબાટની ગોઠવણી અને અંદાજે પુસ્તકોની સંખ્યાની ધારણા કરીને.

'કેટલાં પુસ્તકો હશે ?' મેં પૂછ્યું.

'હશે નહીં, છે. ગોળ આંકડો કહીએ તો તેર હજાર' નરોત્તમભાઈએ જવાબ આપ્યો.

વિગતે જાણવા મળ્યું કે જે ઉત્તમ ગણાયાં હોય એવાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત ભાષાનાં પુસ્તકો છે. એમાં સાહિત્યનાં બધાં સ્વરૂપોનો સમાવેશ થયેલો છે. વાત પરથી અંગ્રેજી પુસ્તકોનો સંચય ખૂબ સમૃદ્ધ લાગ્યો. પ્રસિદ્ધ સાહિત્યકાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વપ્રમુખ ભોળાભાઈ પટેલ આ શાળાના વિદ્યાર્થી. એમણે વર્તમાનપત્રની એમની કૉલમમાં આ પુસ્તકાલયનાં ભારોભાર વખાણ કર્યાં હતાં.

સામયિકોની સંખ્યા પણ વિપુલ પ્રમાણમાં. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીનાં કુલ મળીને ૬૩ સામયિકો આ પુસ્તકાલયમાં આવતાં હતાં.

મેં સ્કીટ, થોરન્ટન, લેઈક, ફેરગ્રીવ વગેરે લેખકોનાં ભૂગોળનાં પુસ્તકો ભૂગોળના કબાટમાંથી પસંદ કર્યાં. નરોત્તમભાઈએ કહ્યું : 'એન્સાઇક્લોપીડિયાના વિભાગમાં ભૂગોળનો એન્સાઇક્લોપીડિયા છે. એ પણ જોજો.' 'હમણાં તો આટલું બસ છે.' કહી મેં પુસ્તકાલયમાંથી વિદાય લીધી અને હું શિક્ષકોની કૉમન રૂમમાં ગયો. શિક્ષકોનો પરિચય થશે એવો ખ્યાલ હતો.

સૌથી સીનિયર શિક્ષક શ્રી કલ્યાણભાઈનો ભેટો થયો. એ ચાણસ્મા તાલુકાના લણવા ગામના વતની. લણવા મારું મોસાળ. કલ્યાણભાઈના પિતાશ્રી શિક્ષક. મારા પિતા પણ શિક્ષક. સામાજિક નાતે એ બંને નિકટના પરિચયમાં. હું એમની સાથે વાતો કરતો હતો ત્યાં અકાળે વૃદ્ધ થયા હોય એવા એક શિક્ષક અમારી પાસે આવ્યા. એમનું શરીર કૃશ તો હતું જ. એમાં વળી શરીરના પ્રમાણમાં મસ્તક અને ચહેરો નાનાં હતાં. એમના એક કાનના સૂપડાનો ભાગ વીંધેલો હતો. એમાં ચણાનો દાણો આરપાર નીકળી જાય એવું એક કાણું હતું.

એ શિક્ષક અમારી પાસે આવ્યા અને સાવ સહજભાવે બોલતા હોય એમ કલ્યાણભાઈને ઉદ્દેશીને બોલ્યા : 'તો હેં કલ્યાણભાઈ, આવા કોટ-પાટલૂનવાળા સાહેબું અહીં ટકે ખરા ?'

આ અવિચારી, વિવેકહીન અને ધૃષ્ટતાભર્યો સવાલ હતો. એમના ચિત્તમાં પ્રગટેલા આ સવાલમાં વાજબીપણું હશે પણ અભિવ્યક્તિ નાદાનિયતભરી હતી.

હું છેલ્લી ઢબની સિલાઈવાળાં વસ્ત્રો પહેરતો હતો. મારા દરજી આરંભમાં એમ. પી. રાઠોડ (રિલીફ રોડ) એ પછી પ્રેમાભાઈ હૉલની સામે ઇટાલિયન બેકરીની બાજુમાંની એક દુકાન તેમજ રિલીફ સિનેમા સામેના વિસ્તારમાં પીટર ડિસોઝા હતા. પેન્ટના કાપડમાં મોટા

ભાગે હું સફેદ ઇંગ્લિશ સાટીન ડક પસંદ કરતો. વળી જેમ-જેમ સાસ્કીન, રેયોન, ડેક્રોન વગેરે બજારમાં આવતાં ગયાં તેમ તેમ તેનો ઉપયોગ કરતો રહ્યો. હું બુશકોટ પસંદ કરતો નહોતો. કોટ જ પહેરતો અને શર્ટ ડબલ કફનું જ. એમાં વિવિધ રંગનાં કફલિંગ્ઝ વાપરતો. કોટ-પેન્ટ સાથે બૂટ-મોજાં જ, ચંપલ કે સેન્ડલ નહીં. કેટલોક સમય ક્રેપ સોલના બૂટ પહેરેલા. રૂમમાં લેંઘો પહેરું પણ કેલિકો મિલનાં ૧૦૦x૧૨૦ કાઉન્ટની ધોતી પણ રાખતો. આ મર્સરાઇઝ્ડ ધોતી પહેરવાનું ગમતું.

કોઈ ટીકા કરે એ ન ગમે એ ખરું, પણ ઉશ્કેરાઈ જવાની મારી ટેવ નથી. વળી, અહીં આ સંસ્થામાં મારો પ્રથમ દિવસ હતો એટલે પણ કોઈની સાથે બોલી બગાડવા હું રાજી નહોતો. એટલે જાણે પેલા શિક્ષકના શબ્દો મેં સાંભળ્યા જ ન હોય એમ હું શાંત રહ્યો.

કૉમન રૂમમાં કલ્યાણભાઈની સાથે વાત કરતાં-કરતાં એક રમૂજભર્યું દૃશ્ય નજરે પડ્યું. જેનું ભાવનિર્વહણ એક માનસિક આંચકામાં થયું. કૉમન રૂમમાં ઉત્તર તરફની દીવાલના સામસામેના છેડે પાણીના બે મોટા ગોળા હતા. દીવાલમાં લગાવેલી ખીંટીએ ચળકતા પિત્તળના ડોયા અને પથ્થરના જે પ્રોજેક્શન પર ગોળા હતા તેના પર સ્ટીલના બબ્બે પ્યાલા હતા. દીવાલના પશ્ચિમ તરફના છેડે જે ગોળો હતો તેની અડોઅડ બારી હતી અને બારી નીચેથી શરૂ થતી ખુરશીઓની હારમાં પ્રથમ ખુરશી પર એક શિક્ષક બેઠા હતા. એ ઊભા થઈને પૂર્વ છેડા તરફના ગોળા સુધી પહોંચીને ડોયા વડે પાણી કાઢીને પાણી પીવા લાગ્યા. પોતાની બાજુમાં જ ગોળો હોવા છતાં આ શિક્ષક દૂરના ગોળા સુધી કેમ ગયા ? મારું આ આશ્ચર્ય મેં કલ્યાણભાઈ સમક્ષ વ્યક્ત કર્યું એટલે એમણે કહ્યું : 'એ શિક્ષક બ્રાહ્મણ છે અને જ્યાંથી એમણે પાણી પીધું એ ગોળો બ્રાહ્મણોનો છે.'

'અને બીજો ગોળો ?'

'ઇતર વસતી માટે.' હસતાં હસતાં મજાકભર્યા સૂરે કલ્યાણભાઈએ જવાબ આપ્યો.

એક ક્ષણના વિલંબ વગર આ સંસ્થાના ઇતિહાસની સાંભળેલી ઘટના મને યાદ આવી ગઈ. ઈ. સ. ૧૯૨૯માં ગાંધીજીએ સ્વેચ્છાએ આ સંસ્થાની મુલાકાત લીધી હતી. મારા આઘાતનું કારણ આ હતું. ગાંધીજીએ આ સંસ્થાની મુલાકાત ન લીધી હોત તો કદાચ મને આટલો આઘાત ન લાગત.

પછીના દિવસો, મહિનાઓ અને વર્ષોમાં આ જ્ઞાતિભેદ અહીં મને વારંવાર જોવા મળ્યો. સર્વ વિદ્યાલયનો સ્ટાફ જુદાં-જુદાં નિમિત્તે ભોજનનું આયોજન કરવાનો શોખીન હતો. સર્વ વિદ્યાલયને સંલગ્ન છાત્રાલયના છાત્રો માટે સંસ્થાની માલિકીની દોઢસો વીઘા જમીન (ગૌશાળા અને કૃષિ) લગભગ ત્રણ કિલોમીટરના અંતરે હતી ત્યાં, તેમજ સર્વ વિદ્યાલયથી થોડા અંતરે કડીના શ્રીમંત નાગરિક બાદશાહભાઈની જમીન (જે 'બાદશાહભાઈનો બગીચો' તરીકે ઓળખાતી) પર આ ભોજન ગોઠવાતાં, જમતી વખતે પંગતમાં બે પંક્તિઓ અલગ બનતી : એક બ્રાહ્મણોની અને બીજી સ્ટાફના અન્ય સભ્યોની.

ચાર વાગ્યા પછી કૉમન રૂમની બારીમાંથી એક વિસ્મયભર્યું દૃશ્ય જોવા મળ્યું. પિરિયડ બદલાયાનો બેલ વાગ્યો અને વર્ગોમાંથી નીકળીને કેટલાક વિદ્યાર્થીઓ દફતર-પુસ્તકો સાથે ભાગી રહ્યા હતા. ચાર વાગી ગયા હતા. મેં બારી પાસેની ખુરશીમાં બેઠેલા એક શિક્ષકને પૂછ્યું : 'આ છોકરાઓ આમ ભાગંભાગ ક્યાં જઈ રહ્યા છે ?'

'ગાડીનો ટાઇમ થયો ને, એ બધા સ્ટેશન તરફ જઈ રહ્યા છે.'

'પણ હજુ સ્કૂલ તો ચાલુ છે.'

'સ્કૂલ ચાલુ તો ખરી પણ સ્કૂલ માટે રોકાય તો પછી એમને ચાલીને જવું પડે.'

'ગામડેથી આવતા વિદ્યાર્થીઓ હશે.'

'હા, મોટા ભાગના કરણનગરના.'

'આ તો કેમ ચાલે ?'

'ચાલે જ છે ને !'

'આમ સ્કૂલ છોડીને ભાગી જતાં એમને કેમ રોકવામાં આવતા નથી ?'

શિક્ષકે જવાબ ન આપ્યો.

મને એમાં ઘણું સમજાઈ ગયું.

આવી રીતે સ્કૂલ છોડીને ભાગી જનાર વિદ્યાર્થીઓ ઓછામાં ઓછા પચાસ-સાઠની સંખ્યામાં હશે.

રેલવેસ્ટેશન તરફ ભાગી રહેલા વિદ્યાર્થીઓમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ ગણવેશ વગરના હતા. અહીં આવ્યા પછી નજરે પડેલા વિદ્યાર્થીસમૂહને જોઈને મને સમજાઈ તો ગયું જ હતું કે શાળાનો ગણવેશ બ્લૂ ચડ્ડી અને સફેદ શર્ટ છે.

થોડા દિવસોમાં મને સમજાયું કે વિદ્યાર્થીઓ શાળામાં ગણવેશ પહેરીને આવવા બાબતમાં કાયર હતા એની પાછળ સારાં-સારાં કપડાં પહેરીને ઠઠારો કરવાનો કોઈ શોખ નહીં, પણ ગ્રામપ્રદેશમાં સારાયે સમાજમાં ચડ્ડી પહેરવા અંગેની એક પ્રકારની ઉદાસીનતા કામ કરતી હતી. સમાજમાં ચડ્ડીની ઝાઝી પ્રતિષ્ઠા નહોતી. જોવા મળ્યું કે યુનિફૉર્મ વગર આવનારા વિદ્યાર્થીઓમાં મોટા ભાગના ગામડેથી આવ-જા કરતા હતા. વિદ્યાર્થીઓ ગણવેશ પહેરીને શાળામાં આવે એ માટે આચાર્યશ્રીનો સતત પ્રયત્ન તો રહેતો જ હતો. એટલે સુધી કે એમણે થોડા સમય માટે પોતે ચડ્ડી અને શર્ટ પહેરીને શાળામાં આવવાનું શરૂ કર્યું હતું, પણ સરવાળે ઝાઝો ફેર પડ્યો હોય એવું જણાયું નહીં.

આ બાબતમાં શિક્ષકો થોડા સક્રિય હોત તો ઘણો ફેર પડ્યો હોત, પણ સ્ટાફની બાબતમાં ચિત્ર થોડું નિરાશાજનક હતું.

અહીંના સ્ટાફના સભ્યો વિશે ઘણું કહી શકાય એવી સ્થિતિ હતી, પણ ઉપલાં બે ધોરણોના શિક્ષકોમાં ત્રણ-ચાર શિક્ષકો સિવાય લગભગ બધા જ શિક્ષકો નિસ્તેજ હતા. પોતે જે વિષય ભણાવતા હોય એ વિષયમાં પણ એમની પૂરી સજ્જતા નહોતી. શાળાનું પુસ્તકાલય આટલું સમૃદ્ધ હોવા છતાં બે-ત્રણ શિક્ષકો સિવાય કોઈને મેં પુસ્તકાલયમાં ફરકતા જોયા નહોતા. એક શિક્ષક માન ઊપજે એટલો પુસ્તકાલયનો ઉપયોગ કરતા. હિન્દી અને અંગ્રેજીનું એમનું વાચન વિશેષ. પણ પ્રત્યેક પુસ્તકનાં પાનાં પર પોતે પોતાની રુચિ પ્રમાણે નોંધો અને લીટીઓ પણ કરતા રહેતા અને આ રીતે ઘણાં પુસ્તકો એમના હાથે ખરાબ થયે જતાં. એમની આ ખરાબ ટેવને કોણ રોકે ?

એક શિક્ષકને શાળામાં સમયસર આવતા મેં કદી પણ જોયા નહોતા. શાળામાં પહેલો પિરિયડ શરૂ થઈ ગયો હોય ત્યારે એ, કશું વહી ન ગયું હોય એમ મંદ પગલે આવતા જણાતા. એક શિક્ષક ઘણુંખરું ટેબલ પર બેસીને ભણાવતા અને એમણે કાળા પાટિયા ઉપર ચૉકથી કશું લખ્યું હોય એવું જાણવામાં આવ્યું નથી.

આમ ધોરણ ૧૦ અને ૧૧માં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત ભણાવતા કેટલાક શિક્ષકો સિવાય સમગ્ર ચિત્ર નિરાશાજનક હતું. અહીં એ ઉમેરવું જોઈએ કે આચાર્યશ્રી વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના ઉત્તમ અને ખૂબ જ શક્તિશાળી શિક્ષક હતા.

શાળાના વિદ્યાર્થીઓનું ચિત્ર, છાત્રાલયના કારણે ઊજળું હતું. અભ્યાસ માટે જ ગામડેથી આવતા વિદ્યાર્થીઓનું પ્રદાન લક્ષ્ય અભ્યાસ રહેતું. આ વિદ્યાર્થીઓ સમૂહમાં રહેતા એટલે અભ્યાસનું વાતાવરણ પણ ઉચ્ચ કોટિનું રહેતું. આ વિદ્યાર્થીઓ પુસ્તકાલયનો પણ સારા પ્રમાણમાં ઉપયોગ કરતા. જેમણે સાહિત્યક્ષેત્રે નામ કાઢ્યું છે એવા અનામી, પીતાંબર પટેલ, ભોળાભાઈ પટેલ, પ્રકાશ ગજ્જર, ભગવત સુથાર, દિલીપ રૉય વગેરે તેમજ વિજ્ઞાનના ક્ષેત્રમાં નામના મેળવી ચૂક્યા છે તે પ્રહ્લાદભાઈ પટેલ (પી. સી. પટેલ) અને પીતાંબર પટેલ (ભાભા રિસર્ચ સેન્ટરમાં વિજ્ઞાની તરીકે કામ કરી ચૂક્યા છે તે) આ સંસ્થાના વિદ્યાર્થીઓ હતા. નરોત્તમભાઈ પટેલ અને પી. સી. પટેલ ધો. ૧૦માં હતા ત્યારે જ હિન્દી ભાષામાં વિશારદની ઉપાધિ મેળવી ચૂક્યા હતા.

ઉત્સવો એ સર્વ વિદ્યાલયનો એક વિશેષ હતો. શાળાનો વાર્ષિકોત્સવ નહીં, પણ રાષ્ટ્રીય ઉત્સવો એ સર્વ વિદ્યાલયની પ્રવૃત્તિનો મહત્ત્વનો પ્રસંગ. ૧૫મી ઑગસ્ટ – સ્વાતંત્ર્યદિન તરીકે સર્વ વિદ્યાલય ભારે ઉત્સાહથી ઊજવે. વિદ્યાર્થી આશ્રમના વચ્ચેના ખુલ્લા મેદાનમાંના સ્ટેજ પર રાત્રે રાસ, ગરબા, એકાંકી, વેશભૂષા વગેરેનું આયોજન થાય. આ રાત્રિ ઉત્સવ ફક્ત સર્વ વિદ્યાલય પૂરતો મર્યાદિત ન રહે. એ કડી અને આસપાસનાં ગામડાંનો ઉત્સવ બની રહે. રાત્રે આ સંસ્કાર કાર્યક્રમ જોવા આસપાસનાં ગામડેથી પણ લોકો આવે. આખું મેદાન માનવમેદનીથી હકડેઠઠ ભરાય. કાર્યક્રમ મોડી રાત સુધી ચાલે. કશી અશાંતિ કે ઉપદ્રવ વિના કાર્યક્રમ પૂરો થાય અને લોકો હરખાતા પોતપોતાના સ્થાને જાય.

એવી રીતે રેંટિયા બારસથી બીજી ઑક્ટોબર દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાય. સફાઈ કાર્યક્રમ તો

હોય જ. એની હરીફાઈ પણ થાય. પણ એ અઠવાડિયાનું મુખ્ય આકર્ષણ 'ગાંધીકુટિર' વિદ્યાર્થી-આશ્રમની સામે એનું આયોજન થાય. છાત્રો નાનીસરખી કુટિર (ઝૂંપડી) રચે. એને શણગારે. અંદર ગાંધીજીનો ફોટો મૂકે. અંદરનું વાતાવરણ સુગંધિત બને એ માટે ફૂલ, અગરબત્તી વગેરેનો ઉપયોગ થાય. કોઈ હોંશીલો વિદ્યાર્થી ક્યાંકથી રેંટિયો અને પૂણીઓ લાવીને કાંતવા બેસી જાય.

ઈ. સ. ૧૯૫૫ના અરસામાં નાથાભાઈની તબિયત બગડી હતી. એમને ક્ષય થયો હતો. ઉપચાર અને આરામ માટે એમણે પંચગની જવું એવું નક્કી થયું હતું. શાળામાં એક વર્ષ માટે એ રજા ઉપર રહેવાના હતા. આ એક વર્ષ માટે આચાર્યની નવી નિમણૂક ન કરતાં ચાલુ સ્ટાફમાંથી કોઈને એ ચાર્જ સોંપવો એવું મંડળે ઠરાવ્યું હતું. આ સોંપણી બાબતે નિર્ણય લેવા એક દિવસ સંચાલક મંડળની મિટિંગ થઈ હતી.

બીજા દિવસથી ઉનાળુ વૅકેશન શરૂ થવાનું હતું. હું વતન જવાની તૈયારી કરી રહ્યો હતો. વહેલી સવારે ચાર વાગ્યાની ગાડીમાં હું પરિવાર સાથે પાટણ જવાનો હતો.

સંચાલક મંડળની મિટિંગ પૂરી થયા પછી લગભગ છ વાગ્યે સંસ્થાના મંત્રી શ્રી છગનભાઈ રા. પટેલ મારે ત્યાં આવ્યા. એ સમયમાં હું ગૃહપતિ હતો એટલે કૅમ્પસમાં જ મારો આવાસ હતો. મંત્રીશ્રીએ આવીને મને કહ્યું : 'અભિનંદન, મોહનભાઈ !'

'શા નિમિત્તે આ અભિનંદન ?' મને તથ્યનો અણસાર તો આવી ગયો હતો છતાં મેં પૂછ્યું.

'જૂનથી તમારે શાળાના આચાર્ય તરીકે કામ કરવાનું છે.'

આ પદ મેળવવાની મારી કોઈ આકાંક્ષા નહોતી એટલે આ સમાચાર સાંભળી હું રાજી ન થયો. આ તબક્કે મંત્રીને શું કહેવું એ મને સમજાયું નહીં એટલે મેં મૌન સેવ્યું. મંત્રીશ્રીએ ઘેર જતી વખતે મારે ત્યાં ડોકિયું કર્યું હતું એટલે એ રોકાયા નહીં એટલે ઝાઝી કોઈ ચર્ચા ન થઈ.

આચાર્યની પસંદગીનો પ્રશ્ન ઊભો થયો ત્યારથી મંડળ ઑફિસમાં ઘણાં વર્ષોથી કામ કરતા અને પોતાની જાતને મહત્ત્વની માનતા શ્રી ભાઈલાલભાઈ પટેલ સ્ટાફ પરના શ્રી અંબાલાલ શિ. પટેલને આચાર્યપદ પર ગોઠવવા માગતા હતા અને એ માટેની પેરવીમાં એ સક્રિય હતા. મંડળની કારોબારીએ મારા નામનો ઠરાવ કર્યો એ પછી પણ એમની પેરવી ચાલુ રહી. એનો સિલસિલો આ હતો :

રાત્રે અંબાલાલ મારી પાસે આવ્યા. એમણે કહ્યું : 'મારું એક કામ કરશો ?'

મારા અને અંબાલાલના સંબંધો સારા હતા. હું હંમેશાં એમને 'અંબાલાલભાઈ' કહીને સંબોધતો. એ એસ.એસ.સી.ના વર્ગોમાં અંગ્રેજી અને ઇતિહાસ ભણાવતા હતા, પણ હિન્દી ભાષાના પ્રખર અભ્યાસી. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની કોવિદની પરીક્ષામાં સારાયે ભારતમાં પ્રથમ આવ્યા હતા. એમનું હિન્દી સાહિત્યનું વાચન તો ચાલુ જ હતું.

'શું કામ કરવાનું છે ?' મેં પૂછ્યું.

'ફાઇનલની ઉત્તરવહીઓનું બંડલ શિક્ષણાધિકારીની કચેરીએ પહોંચાડવાનું છે.'

'જરૂર પહોંચાડીશ. ફિકર ન કરતા.'

'પણ એની સોંપણી માટેનો આવતી કાલે છેલ્લો દિવસ છે.'

'હું કાલે વહેલી ગાડીમાં પાટણ જાઉં છું, આખો દિવસ મળશે. તમારું બંડલ હું રૂબરૂ જઈને સોંપીશ.' મેં કહ્યું.

બીજે દિવસે વહેલી સવારે અમે ટ્રેનમાં જગ્યા લીધી. ગાડી ઊપડવા માટેની વ્હિસલ થવાની તૈયારી હતી એ વખતે શ્રી ભાઈલાલભાઈ અમે જે ડબામાં બેઠા હતા એ ડબા આગળ આવીને પ્લેટફૉર્મ ઉપર ઊભા રહ્યા. એમણે મને કહ્યું : 'તમને અમીનસાહેબ યાદ કરતા હતા.'

અમીનસાહેબ એટલે શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન – સંસ્થાના ઉપપ્રમુખ અને સર્વ પ્રકારે કર્તાહર્તા. એમનો બોલ એ સંસ્થા માટે છેલ્લો નિર્ણય. સંસ્થાના પ્રમુખ તો અરવિંદપ્રસાદ મફતલાલ, પણ એ ઉદ્યોગપતિને આવી સંસ્થાઓ ચલાવવા માટે સક્રિય રહેવાનો સમય ન હોય. એટલે ઉપપ્રમુખ જ સંસ્થાસંચાલનો બધો દોર હાથમાં રાખે. સંસ્થાનું કામ બંધારણ પ્રમાણે જ ચાલે, પણ પ્રમુખ કે ઉપપ્રમુખનો

પ્રભાવ એવો હોય કે એમની દોરવણી પ્રમાણે બધું સમુંસૂતરું ચાલે.

અત્યારે ગાડી ઊપડવાના સમયે ભાઈલાલભાઈએ કહ્યું : 'તમને અમીનસાહેબ યાદ કરતા હતા.'

અમીનસાહેબ સવારે ચાર વાગે થોડું યાદ કરે ? કે રાત્રે સૂવાના સમયે પણ યાદ ન કરે. એટલે આગલા દિવસે અમીનસાહેબને મળવાનો અવકાશ હોય એવા સમયે મને યાદ કર્યો હશે. એમાં કશી શંકા ન હોય.

મેં ભાઈલાલભાઈને કહ્યું : 'ગાડી ઊપડવાની તૈયારી છે એ તો સમજ્યા, પણ અંબાલાલભાઈએ સોંપેલું આ બંડલ શિક્ષણાધિકારીની કચેરીમાં સોંપવાનું છે. અને સોંપણી માટેનો આજે છેલ્લો દિવસ છે. અમીનસાહેબને મારી વતી આટલી જાણ કરજો.'

રમત ન સમજી શકું એટલો મૂર્ખ હું નહોતો. અમીનસાહેબ આગળ શો રિપોર્ટ થશે એ મને એ વખતે જ સમજાઈ ગયું.

વૅકેશનમાં શ્રી અંબાલાલનો કાગળ મને મળ્યો. એમાં લખ્યું હતું : 'તમને મુખ્ય ગૃહપતિ તરીકે નીમવામાં આવ્યા છે. અભિનંદન. અમારો તમને સંપૂર્ણ સાથ અને સહકાર હશે.' આ સિવાય બીજું કંઈ લખ્યું નહોતું.

વૅકેશન દરમિયાન છાત્રાલયના ગૃહપતિઓમાંથી એકને થોડા દિવસ માટે વારા પ્રમાણે સંસ્થામાં હાજર રહેવાનું હોય છે. મારા વારા વખતે હું સંસ્થામાં હતો ત્યારે એક દિવસ અમદાવાદી દરવાજાના રસ્તે શાળાના શિક્ષક વાલજીભાઈ (કૉમન રૂમમાં જેમણે કોટ-પેન્ટ પહેરીને આવનારા શિક્ષકોના ટકવા વિશે શંકા દર્શાવી હતી તે શિક્ષક) મળ્યા. એમણે મને ઊભો રાખીને કહ્યું : 'મોહનભાઈ, તમે કેમ ના પાડી ?'

આટલા વાક્યમાં મને બધો સંદર્ભ સમજાઈ ગયો, એટલું જ નહીં પણ આચાર્યપદ માટેની રમતમાં જે રમાવાની મને શંકા હતી તે સાચી ઠર્યાનું પણ બરાબર સમજાઈ ગયું. મેં વાલજીભાઈને કહ્યું : 'શાની ના કહેવાની વાત છે ?'

'તમે આચાર્ય થવાની કેમ ના પાડી ?'

મને શોભે એવો જવાબ મેં આપ્યો : 'હું બહુ નાનો માણસ છું. સ્ટાફ ઉપર મારા કરતાં સીનિયર ભાઈઓ છે એટલે આચાર્યપદનો ભાર ઉપાડવા હું તૈયાર થઈ જાઉં એ મને ન શોભે.'

બીજી ઝાઝી વાત કર્યા સિવાય હું છૂટો પડીને સ્ટેશન તરફ આગળ વધ્યો. મને મનમાં વસવસો એ રહ્યો કે અમીનસાહેબના સૂચનને અવગણીને હું એમને મળવા ન ગયો એવી છાપ એમના મન ઉપર પડી હશે. મારા માટે આટલી વાત દુઃખદ હતી. બાકી આચાર્યપદ અંગે મનમાં જરા પણ અફસોસ નહોતો.

જૂનમાં શાળા ઊઘડે એ પહેલાં નાથાભાઈના વિષયો માટે એક શિક્ષકની નિમણૂક કરવી પડે એમ હતી. એ વર્ષોમાં જાહેરાત આપ્યા સિવાય પણ વ્યક્તિની સીધેસીધી નિમણૂક કરી શકાતી હતી. મેં મંડળને હરિભાઈ દેસાઈનું નામ સૂચવ્યું. હરિભાઈ દેસાઈ અને હું બી.એડ્.ના અભ્યાસ વખતે સાથે હતા. સારા મિત્રો બની ગયા હતા. અમે રોજ સાંજે જમ્યા પછી યુનિવર્સિટી કૅમ્પસ સુધી ફરવા જતા. એ વખતે યુનિવર્સિટીનું મકાન બનતું હતું. સાંજે કૅમ્પસ શાંત અને સૂનું હોય. અમે મકાન માટેના છૂટાછવાયા પડેલા પથ્થરોમાંના કોઈ એક પર બેસીને વાતો કરતા. હરિભાઈ અનાવિલ બ્રાહ્મણ. પ્રકૃતિએ ગંભીર છતાં સ્વભાવે આનંદી. બી.એડ્.માં એ યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે પાસ થયા હતા. વિજ્ઞાનના એમના વિષયો. હિન્દી પણ સારું (અગિયારમા ધોરણમાં એક વર્ગમાં એમને હિન્દી ભણાવવાનું સોંપ્યું હતું.) એમની નિમણૂક થઈ ગઈ.

નોંધવા જેવી વાત તો એ છે કે એ વર્ષે બી.એડ્.માં યુનિવર્સિટીમાં પહેલા ત્રણ નંબરે ઉત્તીર્ણ થયેલા શિક્ષકો સર્વ વિદ્યાલયના સ્ટાફ પર હતા. એક હરિભાઈ દેસાઈ, બીજા પૂજાલાલ શાહ અને ત્રીજો હું. હરિભાઈ અને પૂજાલાલ સાયન્સના વિદ્યાર્થી અને હું આર્ટ્સનો. હરિભાઈ અને પૂજાલાલે સ્ટેટિસ્ટિક્સ વિષય પસંદ કરેલો અને એના વિકલ્પે મેં 'કરન્ટ પ્રૉબ્લેમ્સ' વિષય પસંદ કર્યો હતો. સ્ટેટિસ્ટિક્સમાં પૂરા માર્ક્સ મળી શકે (૫૦માંથી ૫૦) જ્યારે કરન્ટ પ્રૉબ્લેમ્સમાં એ શક્ય નહીં આના કારણે હું યુનિવર્સિટીમાં ત્રીજા સ્થાને રહ્યો.

જૂનની નિયત તારીખે શાળાનું સત્ર શરૂ થયું. અંબાલાલે આચાર્ય તરીકેનું પદ સંભાળી લીધું. કેવું ગણતરીપૂર્વકનું કામ હતું ! એ ગણતરીમાં એમની

બુદ્ધિએ કામ કર્યું હતું કે બીજા કોઈથી એ ઝટ સમજાય એવું નહોતું. એક જ તીરથી એમણે બે લક્ષ્ય વીંધ્યાં હતાં. પ્રથમ તો આચાર્યની જવાબદારી સ્વીકારવાની સંમતિ અગાઉ એમણે એ શરત મૂકી કે એમને આચાર્યને મળતો પગારસ્કેલ મળવો જોઈએ. એ પોતે અને મંડળ સૌ જાણતા હતા કે આ નિયુક્તિ સાવ હંગામી ધોરણે છે. એક વર્ષની જ રજા ઉપર ગયેલા નાથાભાઈ નવા વર્ષે તો પાછા આવવાના હતા. છતાં અંબાલાલની આ માગણી હતી. મંડળે એ સ્વીકારી લીધી. આપેલો સ્કેલ વર્ષ પૂરું થયા પછી પાછો ખેંચાવાનો નથી એ અંબાલાલ જાણતા જ હશે. પહેલા લક્ષ્યમાં એમણે મોટો આર્થિક લાભ મેળવી લીધો. એમણે બીજું લક્ષ્ય સિદ્ધ કર્યું તે છાત્રાલયના મુખ્ય ગૃહપતિ તરીકેનો કાંટાળો તાજ ઉતારી દીધો તે. છાત્રાલયમાં ગૃહપતિ કે મુખ્ય ગૃહપતિ તરીકેની જવાબદારી સંભાળવાનું કામ કેટલું કપરું હોય છે તે તો તે સંભાળનાર જ જાણે. અંબાલાલ આ કપરી જવાબદારીમાંથી મુક્ત થઈ ગયા. મુખ્ય ગૃહપતિ તો શું, મદદનીશ ગૃહપતિ તરીકેનું કામ પણ માથેથી દૂર કરી દીધું. આચાર્ય મદદનીશ ગૃહપતિ તો હોય જ નહીં ને.

મુખ્ય ગૃહપતિનો કાંટાળો તાજ મેં માથા પર ન લીધો હોત, પણ ચાલતા કાર્યમાં રોડાં નાખવાની મારી આદત નથી. સંસ્થાના હિતમાં, અનિચ્છા હોવા છતાં એ કામ મેં સ્વીકાર્યું. ગૃહપતિ તો હતો જ, મુખ્ય ગૃહપતિ બન્યો.

શક્તિ વિના કરેલી ગણતરીઓ અવળી પડે છે એ કદાચ અંબાલાલે વિચાર્યું નહીં હોય. સૌથી સીનિયર હોવા છતાં એક પણ પ્રસંગે એમણે આચાર્યના કામમાં સહાય કરી હોય એવું અમારા જોવામાં આવ્યું નહોતું. મુક્ત હોય ત્યારે કૉમન રૂમની ખુરશી પર બેસી રહીને લાઇબ્રેરીનાં પુસ્તકો કે હિન્દી મૅગેઝિનો વાંચ્યા કરવાં અને અગાઉ કહ્યું તેમ પુસ્તક કે માસિકમાં લીટીઓ તાણ્યા કરવી કે ટૂંકી નોંધ લખ્યા કરવી એ સિવાય શાળા સંચાલનમાં કે શાળાની ઇતર પ્રવૃત્તિઓમાં એમણે કદી કંઈ કર્યું નહોતું.

કામ હાથમાં લીધા પછી જ એમને એના અઘરાપણા વિશે ખ્યાલ આવ્યો હશે. એમનાં પત્ની પાસેથી જાણવા પ્રમાણે નિશાળેથી છૂટ્યા પછી (શાળા એ વખતે સવારની હતી) ઘેર આવીને જમ્યા સિવાય પછેડીની સોડ તાણીને સૂઈ જતા હતા.

ધ્યાનથી નીરખનારને આશ્ચર્ય થયું હશે કે અંબાલાલના માથે આવું ટૅન્શન ન રહે અને શાળાનું કામ સમુસૂતરું ચાલે એ હેતુથી હું અને હરિભાઈ દેસાઈ બરાબર સક્રિય રહ્યા અને કાર્યાલયમાં થતું વહીવટી કામ જે.યુ. રાવલે ઉપાડી લીધું. જે. યુ. રાવલ અંગ્રેજીના જૈફ ઉંમરના શિક્ષક. એ શાળા છૂટ્યા પછી સાડાબાર - એક વાગ્યે ઘેર પહોંચ્યા હોય. અઢી-ત્રણ વાગ્યે પાછા શાળામાં આવી પહોંચતા. નિષ્ઠાવાન શિક્ષક. સ્વભાવમાં જરાય આળસ નહીં.

બધું સમુંસૂતરું ચાલવા લાગ્યું હતું ત્યાં વળી, અંબાલાલ માટે દુષ્કાળમાં અધિક માસ જેવી સ્થિતિ ઊભી થઈ. નાથાભાઈએ શાળામાં લોકશાહી પદ્ધતિથી વિદ્યાર્થી યુનિયનનો આરંભ કરેલો. ચૂંટણી માટેનો સમય આવી પહોંચ્યો સમજી વિદ્યાર્થીઓમાં એની હલચલ શરૂ થઈ, પણ ઑફિસ તરફથી હજુ કંઈ અણસાર મળતો નહોતો. શાળામાં ચૂંટણી સંદર્ભે કોઈ પણ જવાબદાર વ્યક્તિનું મન એના આયોજન પ્રત્યે ઉદાસીન બની જાય એ સ્વાભાવિક છે. ચૂંટણી સાથે ખટપટ, અશાંતિ, વેરઝેર, મારામારી જોડાયેલાં રહે છે એ કોણ નથી જાણતું ? ચૂંટણી મોટી કે નાની પેલાં અનિષ્ટ તત્ત્વો એને વળગેલાં રહેવાનાં. આ કે તે, ગમે તે કારણે ચૂંટણીમાં વિલંબ થઈ રહ્યો હતો. વિદ્યાર્થીઓમાં એક એવી હવા પ્રસરવા લાગી કે આચાર્ય ચૂંટણી ટાળવા માગે છે. આ હવાના કારણે વિદ્યાર્થીઓનાં મન ઉત્તેજિત થવા લાગ્યાં.

ઑફિસ સાથે કંઈ વાટાઘાટ થઈ કે કેમ, એ અંગે અમને કંઈ જાણવા મળ્યું નહોતું. પણ વિદ્યાર્થીઓએ ચૂંટણીની માગણી આગળ ધરીને હડતાળ શરૂ કરી. એ વખતે અમીનસાહેબ સંસ્થામાં હતા. શિસ્તમાં માનનાર અને ચોક્સાઈથી એને પાળનાર જૂની પેઢીના માણસો એને કેમ સાંખી શકે ? શહેરમાં રહેતા મંત્રીઓની આવનજાવન શરૂ થઈ. એ વખતે છગનભાઈ રા. પટેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સક્રિય મંત્રી. એમણે ભારે હાથે કામ લેવા ધાર્યું. હડતાળમાં જેમણે આગેવાની લીધી હોય એવા વિદ્યાર્થીઓને ધાકધમકી આપવા માંડી.

ધાકધમકી કે આકરી શિક્ષાથી પ્રશ્નો ઊકલતા નથી. વાત વણસી અને છાત્રાલયના વિદ્યાર્થીઓ છાત્રાલય છોડીને ચાલ્યા જાય એવી સ્થિતિનાં એંધાણ દેખાવા લાગ્યાં.

અંબાલાલના માથે દિનપ્રતિદિન ટેન્શન વધતું જતું હોય એવું જણાયું. એમને કમળાની અસર થયાનું સાંભળવા મળ્યું. વહેતી વાત પણ હોય.

ગમે તેવો પ્રશ્ન હોય, આખરે હલ તો થાય જ ને ?

પ્રશ્ન કેવી રીતે હલ થયો, ચૂંટણી થઈ કે નહીં એ અત્યારે યાદ નથી, પણ સંસ્થાની છાપ બગડે નહીં એ ધ્યેયને નજરમાં રાખીને અમે સૌએ જહેમત સાથે કામ કર્યું અને વર્ષને અંતે, પાછળનાં કેટલાંક વર્ષોમાં શાળાનું એસ.એસ.સી.નું પરિણામ ન આવ્યું હોય એવું એટલે કે ૯૫ ટકા પરિણામ આવ્યું. અને છાત્રાલયના વિદ્યાર્થીઓનું પરિણામ ૧૦૦ ટકા હતું. અત્યારે ૧૦૦ ટકા પરિણામ એ સામાન્ય વાત છે પણ એ સમય (૧૯૫૫) ૧૦૦ ટકા પરિણામવાળો નહોતો જ.

**(સૌજન્ય : મોહનલાલ પટેલકૃત 'ટાઇમ્સ કેપ્સ્યૂલ' બીજી સંવર્ધિત આવૃત્તિ, અમદાવાદ : રંગદ્વાર પ્રકાશન, ૨૦૧૯. પૃ. ૧૧૬-૧૨૮)**

---

**(અનુસંધાન પૃ. ૧૯નું ચાલુ)**

જવું છે પણ બસમાં જગ્યા નથી. વિનંતી કરવા છતાં જડ જેવો કંડક્ટર યુવતીને બસમાં બેસવા દેતો નથી. એવામાં એક યુવક બસમાંથી ઊતરી જાય છે અને પેલી યુવતીને બસમાં બેસવા મળે છે, છેલ્લે છેલ્લે માને મળવા મળે છે. અન્ય ઉતારુઓને અને સ્વયં યુવતીને એવું લાગ્યું કે પેલા શિક્ષક યુવકે સ્ત્રીદાક્ષિણ્ય ('શિવલ્રી') વશ કે યુવતી પ્રત્યે સહાનુભૂતિથી સ્વેચ્છાએ બસમાંથી ઊતરી જગ્યા કરી આપી અને સંભવતઃ ઉપકારવશ થઈ તે યુવતી એ યુવક આર્થિક રીતે સામાન્ય સ્થિતિનો હોવા છતાં તેને પરણે છે. લગ્ન પછી, કૃતિના ઉત્તરાર્ધમાં યુવતી આ બાબતનો એકરાર પણ કરે છે. યુવકને જ્યારે યુવતી આ સંદર્ભે પૃચ્છા કરે છે ત્યારે તે હોશિયારીપૂર્વક મોઘમ જવાબ આપે છે.

'ડબલ સોપારી' શબ્દપ્રોગનો લેખકે આ લઘુકથામાં કુશળ વિનિયોગ કર્યો છે. એ શબ્દની વ્યંજના ડબલ ચમત્કૃતિનો આહ્‌લાદક અનુભવ કરાવે છે. બસમાં બેઠેલો નાયક નજીકમાં લીમડા પાસે પાનના ગલ્લે કોઈને ડબલ સોપારીવાળા પાનનો ઓર્ડર આપતો સાંભળે છે ત્યારે પોતે શાળાએથી છૂટી ડબલ સોપારીવાળું પાન ખરીદતી વખતે ખિસ્સામાં હતા તે પૈસા ખર્ચી નાખ્યા છે એનો અચાનક ખ્યાલ આવતાં નાતની પેલી યુવતીની સામે પોતાની બેઇમાની ન થાય તે માટે પોતાની સલામતી માટે નછૂટકે બસમાંથી ઊતરી જાય છે, પણ યુવતીને તો તે પોતાને જગ્યા કરી આપવા ઊતર્યો છે એવું લાગે છે !

લગ્ન પછી પણ યુવક આ રહસ્યનો ઘટસ્ફોટ થવા દેતો નથી અને 'ડબલ સોપારી' શબ્દો દ્વારા પોતાની લાગણી મોઘમ રીતે પ્રદર્શિત કરે છે. આ શબ્દોની વ્યંજનામાં સમગ્ર કૃતિનું હાર્દ સમાયેલું હોઈ લેખકે સમુચિત રીતે જ તેને શીર્ષકમાં સ્થાન આપ્યું છે.

ગુજરાતી સાહિત્યની પ્રથમ ટૂંકી વાર્તા 'ગોવાલણી'માં પણ અંતે આહ્‌લાદક ચમત્કૃતિનો અનુભવ થાય છે. ગુજરાતી સાહિત્યની આ પ્રથમ લઘુકથાના અંતે પણ ડબલ ચમત્કૃતિનો અહેસાસ થાય છે. કથાસાહિત્યનાં આ બે લઘુ અને સૂક્ષ્મ સ્વરૂપોમાં ચમત્કૃતિનું મહત્ત્વ આમ આરંભથી જ જોવા મળે છે.

**- પ્રસાદ બ્રહ્મભટ્ટ**
૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી,
વેજલપુર, અમદાવાદ - ૩૮૦ ૦૫૧
મો. ૯૯૨૫૧ ૫૯૭૫૧

# ગુજરાતી સાહિત્યની પ્રથમ લઘુકથા

**પ્રસાદ બ્રહ્મભટ્ટ**

અર્વાચીન ગુજરાતી સાહિત્યની શરૂઆત ઈ. સ. ૧૮૫૦ આસપાસ થઈ અને સાહિત્યિક ગદ્યનું ખેડાણ અર્વાચીન યુગમાં થયું એ જાણીતું છે. ઈ.સ. ૧૮૫૦થી ૧૮૮૫ વચ્ચેના સુધારકયુગમાં ગદ્યનાં અનેક સ્વરૂપો ખેડાવાં શરૂ થયાં. ચરિત્રસાહિત્ય (જીવનચરિત્ર અને આત્મચરિત્ર), નાટક, નિબંધ, ડાયરી, વિવેચન વગેરે સ્વરૂપ આ સમયગાળામાં પાંગરવાં લાગ્યાં.

અંગ્રેજીમાં જેને Fiction કહે છે એ કથાસાહિત્યના મુખ્ય સ્વરૂપ નવલકથાનો પ્રારંભ પણ સુધારક યુગમાં થયો. નંદશંકરકૃત 'કરણઘેલો' (ઈ. સ. ૧૮૬૬) ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા આ યુગમાં સાંપડી.

કથાસાહિત્યના બીજા લોકપ્રિય સ્વરૂપ ટૂંકી વાર્તાનો પ્રારંભ સુધારક-સાક્ષરયુગ પછી છેક ગાંધીયુગમાં થયો. 'મલયાનિલ'ની 'ગોવાલણી' (ઈ. સ. ૧૯૧૯)ને ગુજરાતી સાહિત્યની પ્રથમ ટૂંકી વાર્તા ગણવામાં આવી છે.

ગાંધીયુગના અંતિમ સ્તબકમાં લઘુનવલનું સ્વરૂપ ખેડાવા લાગે છે, પરંતુ કથાસાહિત્યના સૌથી નાના સ્વરૂપ લઘુકથાની શરૂઆત અનુગાંધીયુગમાં, અર્વાચીન ગુજરાતી સાહિત્યની એક સદી પછી થાય છે !

ગુજરાતી લઘુકથાના પ્રથમ સર્જક, જનક મોહનલાલ પટેલ છે એ જાણીતું છે, પણ ગુજરાતી સાહિત્યની પ્રથમ લઘુકથા કઈ એ વિશે થોડી અસ્પષ્ટતા પ્રવર્તે છે.

લઘુકથાના સ્વરૂપના વિકાસમાં સામયિક તરીકે 'કુમાર'નો ફાળો ઉલ્લેખનીય છે. 'કુમાર'ના દ્વિતીય તંત્રી બચુભાઈ રાવતે ગુજરાતી સાહિત્યમાં લઘુકથાને પ્રસ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે 'લઘુકથા' સંજ્ઞા 'કુમાર'ના નવેંબર ૧૯૫૩ના અંકમાં પ્રગટ કરેલી મોહનલાલ પટેલની કૃતિ 'શાળાનો રિપોર્ટ' માટે પ્રયોજેલી. 'લઘુકથા' સંજ્ઞા માટે પ્રગટ થયેલી આ ગુજરાતી સાહિત્યની પ્રથમ કૃતિ છે. પરંતુ તે પૂર્વે ૧૯૫૧ના ઑગસ્ટ માસના 'કુમાર'ના અંકમાં ટૂંકી વાર્તા તરીકે પ્રગટ થયેલી મોહનલાલ પટેલની કૃતિ, 'ડબલ સોપારી'ને વાસ્તવમાં ગુજરાતી સાહિત્યની પ્રથમ લઘુકથા કહેવી પડે.

આજે આપણે જેને લઘુકથા કહીએ છીએ એ પ્રકારનું ગુજરાતી સાહિત્યની પ્રથમ રચના 'ડબલ સોપારી' જ છે તેથી ભલે તે સામયિકમાં 'ટૂંકી વાર્તા' સંજ્ઞા સાથે પ્રગટ થઈ હોય છતાં તેને જ ગુજરાતી સાહિત્યની પ્રથમ લઘુકથા ગણવી જોઈએ. મારી સાથેની ટેલિફોનિક વાતચીતમાં સર્જકશ્રીએ પણ આ બાબતનું સમર્થન કરેલું.

'ડબલ સોપારી' લઘુકથાનો આસ્વાદ કરીએ. કૃતિનો આરંભ એક ઉક્તિથી થાય છે : કંડક્ટરે કહ્યું, 'બહેન, ઊતરી જાઓ; જગ્યા નથી.' આ સાંભળી યુવતી બસના પગથિયાં પર જ ઊભી રહી વિનંતીના સૂરમાં કહે છે,

'મારે ખૂબ ઉતાવળ છે, લઈ લો ને.'

યુવતીને ખરેખર ઉતાવળ હતી. એની માતા હૉસ્પિટલમાં છેલ્લા શ્વાસ લઈ રહી હતી. એણે ફરી કંડક્ટરને વિનંતી કરી પણ કંડક્ટર કાયદાજડ હતો. એને કોઈના મરવા-જીવવાની પરવા હોય એમ જણાતું નહોતું.

ત્રણ-ચાર મિનિટ વહી ગઈ એટલે કેટલાક ઉતારુઓએ આકળા થઈ કંડક્ટરને બસ ઉપાડવા કહ્યું.

એટલામાં બહારથી કોઈનો ખોખરો ઘાંટો સંભળાયો : 'સોપારી ડબલ; બીજું કંઈ નહીં.' આ સાંભળી બસના ઉતારુઓમાંનો એક ચમક્યો. એ સફાળો ઊભો થયો અને બસમાંથી ઝપાટાબંધ ઊતરી ગયો.

કેટલાક એને માનભેર જોઈ રહ્યા, તો વળી, એક જણ બબડ્યો 'શિવલ્રી!'

કંડક્ટરે યુવતીને બસની અંદર દાખલ થવા દીધી. યુવતીના ચહેરા ઉપર એકાધિક ભાવ પ્રગટ્યા. બસમાંથી ઊતરી જનારા યુવકને એણે ત્રાંસી નજરે બરાબર જોઈ લીધો હતો.

બસના ઉતારુઓએ જે ધાર્યું તે ખરું પણ ઊતરી જનાર યુવાનની વાત અલગ હતી. તે વ્યવસાયે એક શિક્ષક હતો. સામાન્ય નોકરિયાત વર્ગની બાબતમાં બને છે એમ મહિનાની પચીસમી તારીખથી એનું ખિસ્સું લગભગ ખાલી હતું. સ્કૂલમાંથી નીકળ્યા પછી એણે પાનના ગલ્લે ડબલ સોપારીવાળું પાન ખાવામાં ખિસ્સું ખાલી કરી નાખ્યું હતું. આ વાતની યાદ ઉચ્ચારાયેલા 'સોપારી ડબલ' શબ્દોએ આપી દીધી અને એ સફાળો બસમાંથી ઊતરી ગયો. એ મહા આફતમાંથી ઊગરી ગયો હોય એમ પાછા વળીને બસને ઊપડતી જોતાં એણે છુટકારાનો દમ ખેંચ્યો અને મનમાં બબડ્યો : 'હાશ, બચી ગયા ! નાતની છોકરી!'

બીજી બાજુ બસમાં ચડેલી યુવતી દવાખાને પહોંચી ત્યારે તેની માનો આખરી શ્વાસ ચાલતો હતો. ચારેક મિનિટ પછી એણે દેહ છોડ્યો. પેલા યુવકને કારણે અંતિમ પળોમાં માનો ભેટો થઈ શક્યો તેથી ભારે અનુગ્રહની લાગણીથી યુવતીનું હૈયું ભાવવિભોર બની રહ્યું.

અહીં કૃતિનો પૂર્વાર્ધ પૂરો થાય છે. ઉત્તરાર્ધમાં વાર્તા વળાંક લે છે. દસેક મહિના પછી એક ગૃહસ્થ આ યુવકના નિવાસસ્થાન પર આવે છે. યુવક એમને, ન્યાતના હોવાથી ઓળખતો હતો. તે સદ્‌ગૃહસ્થને આદરથી આવકારે છે.

ઔપચારિક વાતો પછી તક મળતાં ગૃહસ્થે પોતાની પુત્રીનો એ યુવક સાથે વિવાહ કરવાની કામના વ્યક્ત કરી. યુવક એકલવાયા જીવનથી કંટાળ્યો તો હતો જ. એણે મૌન રહીને પોતાની સંમતિ સૂચવી. પછી કહ્યું, 'જો કન્યાને આ સગપણ માન્ય હોય તો વાત બને.'

પછી મુલાકાત ગોઠવાઈ, મુલાકાત વખતે હસતે મુખે એક યુવતીએ પ્રવેશ કર્યો. 'અરે! આ તો પેલી જ છોકરી!' આવી જાજરમાન છોકરી મુલાકાત માટે પણ કેમ સંમત થઈ એ યુવકને મન એક આશ્ચર્ય હતું. એટલે જ તો, એણે પોતે શિક્ષક હોવાનું અને પોતાની આર્થિક સ્થિતિ સાવ સામાન્ય હોવાનું ભારપૂર્વક જણાવ્યું.

યુવતીને એ અંગે કોઈ વાંધો નહોતો.

બંનેનાં લગ્ન થાય છે.

એક દિવસ હળવી વાતો ચાલતી હતી ત્યારે પત્નીએ પ્રશ્ન કર્યો : તમારા જીવનમાં કોઈ ઘટનાના અણધાર્યા પરિણામ વિશે મને જાણવાનું ગમશે.

'પહેલાં તું તારી વાત કર એટલે મને તારા પ્રશ્નનું હાર્દ સમજાય.'

યુવતીએ વાતનો આરંભ કર્યો : 'બસવાળો પ્રસંગ તમને યાદ છે ?'

'હા, બરાબર યાદ છે. બસ ભરાઈ ગઈ હતી અને કંડક્ટર તને પ્રવેશ આપતો નહોતો.'

'તમે બસમાંથી ઊતરી ગયા અને મને જગ્યા મળી. તમારા આ પગલાથી હું મમ્મીને છેલ્લી પળોમાં મળી શકી. મારા માટે આ એક મોટી ઘટના હતી અને અણધાર્યું પરિણામ તે આપણું લગ્ન.' જરાક અટકી પત્ની બોલી : 'હવે તમારી વાત કહો.'

'મારી વાત ?'

'હા.'

'ડબલ સોપારી!' કહી પતિ મોટેથી હસી પડ્યો.

કંડક્ટરની ઉક્તિથી આરંભાયેલી આ રચના શિક્ષક-યુવકની ઉક્તિથી સમાપ્ત થાય છે.

ટૂંકી વાર્તા તરીકે 'કુમાર'માં પ્રગટ થયેલી આ કૃતિમાં ટૂંકી વાર્તાનાં લક્ષણો તો છે જ પણ એના અંતને અનુલક્ષીને એને લઘુકથાના સ્વરૂપના મૂળમાં એક મહત્ત્વની રચના ગણી શકાય. એમાં રહેલી બેવડી ચમત્કૃતિ કૃતિને લઘુકથા બનવામાં ઉપકારક નીવડે છે.


ઉપર નિર્દેશ કર્યો તેમ આ કૃતિ બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. પૂર્વાર્ધમાં એક ઘટના ઘટે છે અને ઉત્તરાર્ધમાં એના પરિણામ સ્વરૂપે કશુંક નીપજી આવે છે. લેખકની કુશળતા આ બંને પરિસ્થિતિઓને કલાત્મક રીતે સહોપસ્થિત (Juxta pose) કરવામાં છે. પૂર્વાર્ધનો પ્રસંગ આ તો સામાન્ય છે. એક યુવતીને હૉસ્પિટલમાં અંતિમ શ્વાસ લઈ રહેલી પોતાની માતાને મળવા બસમાં

**(અનુસંધાન પૃ. ૧૭મે પાને)**

# વૉલ્ટ વ્હિટ્મન (અમેરિકા) (Walt Whitman)

ડૉ. મનીષ વ્યાસ

અમેરિકન સાહિત્યના ઇતિહાસમાં કોઈ લેખક કે કવિને સમગ્ર રાષ્ટ્રની વિચારધારા, સંસ્કૃતિ અને આદર્શો સાથે સરખાવવામાં આવ્યા હોય તો તે કવિ છે વૉલ્ટ વ્હિટ્મન. વીસમી સદીના ઉત્તરાર્ધ સુધી વિશ્વસાહિત્યમાં જેમને આધુનિક કવિતાના દ્યોતક કહેવામાં આવે છે એવા એઝરા પાઉન્ડે (Ezara Pound) વ્હિટ્મન માટે કહેલું, ''He is America.'' વેસ્ટ હિલ્સ, લોંગ આઇલૅન્ડ ખાતે ૩૧મી મે, ૧૮૧૯ના રોજ જન્મેલા વ્હિટ્મન કવિની સાથે-સાથે નિબંધકાર અને પત્રકાર પણ હતા. નવ ભાઈ-બહેનો અને માતા-પિતા એમ અગિયાર વ્યક્તિઓના બહોળા કુટુંબમાં વ્હિટ્મનનો ઉછેર ખૂબ જ સામાન્ય કહી શકાય તેવી પરિસ્થિતિમાં થયો હતો. લગભગ અગિયાર વર્ષની ઉંમરે તો શાળા અભ્યાસ અધૂરો મૂકીને કુટુંબને આર્થિક મદદ કરવાના હેતુથી વકીલોની ઑફિસોમાં ઑફિસ-બૉય તરીકે અને પછી The Patriot નામના દૈનિક વર્તમાનપત્રમાં કામ કરવાનું શરૂ કર્યું. ૧૮૩૦થી ૧૮૩૫ના સમયગાળા દરમિયાન બ્રુકલિન (Brooklyn) ખાતે સ્થિત ખ્યાતનામ Long Island Star નામના સાપ્તાહિક વર્તમાનપત્રના તંત્રી ઍલ્ડન સ્પૂનર (Alden Spooner)ની ઑફિસમાં જોડાયા. આ સમયગાળા દરમિયાન તેમને બ્રુકલિનના ગ્રંથાલયની મુલાકાતે જવાની, શહેરની સ્થાનિક ચર્ચાસભાઓમાં ભાગ લેવાની અને નાટ્યગૃહોની મુલાકાતે જવાની તક મળી. કલા, સાહિત્ય અને પત્રકારત્વના સત્સંગના પરિણામે ૧૮૫૩ના મે મહિનામાં માત્ર ૧૬ વર્ષની ઉંમરે New York Mirrorમાં વ્હિટ્મનની કવિતાઓ પ્રકાશિત થઈ. વર્ષ ૧૮૩૫ના અંત સમયે તેઓ બ્રુકલિન શહેર છોડીને ન્યૂ યૉર્ક શહેરમાં આવ્યા, જ્યાં તેમની અપેક્ષા પ્રમાણેનું કામ શોધવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ૧૮૩૫થી ૧૮૫૦ દરમિયાન વ્હિટ્મને પત્રકાર, શિક્ષક, ટાઇપ સેટર, Free Soil Party નામક રાજકીય પક્ષના પ્રતિનિધિ એમ અનેકવિધ ક્ષેત્રે કામ કર્યું. ૧૮૫૨માં ન્યૂ યૉર્કથી પ્રકાશિત થતા The Sunday Dispatchમાં Life and Adventure of Jack Engle : An Autobiography નામની નવલકથા પ્રકાશિત થઈ, પરંતુ વાચકો અને સમીક્ષકો તરફથી અપેક્ષિત પ્રતિભાવ ન મળ્યો.



પત્રકારિત્વ અને ગદ્ય લેખનમાં નિષ્ફળતા મળ્યા બાદ વ્હિટ્મન કવિતા લખવાનું નક્કી કરે છે. અલબત્ત, પદ્ય લેખન માટે સામાન્યતઃ જરૂરી એવા ક્લાસિકલ યુગના કવિઓની કૃતિઓનો કે પછી છંદ અને વ્યાકરણનો વિધિસરનો અભ્યાસ કરવાને બદલે વ્હિટ્મન તે સમયની લોકપ્રિય અને રોજબરોજની બોલચાલની ભાષાનો વિનિયોગ કરે છે. આ જ કારણથી વ્હિટ્મનની કવિતાનો સંગ્રહ Leaves of Grass તે સમયના અન્ય તમામ પદ્ય સંગ્રહોથી નોખો તરી આવે છે. વ્હિટ્મને Leaves of Grass લખવાની શરૂઆત ૧૮૫૦માં કરી હતી અને મૃત્યુ પર્યંત તેમાં અનેકવિધ સુધારાઓ અને નવી આવૃત્તિનું પ્રકાશન તેઓ કરતા રહ્યા; જેના પરિણામ સ્વરૂપ એક તરફ આ કવિતા સંગ્રહની પહેલી આવૃત્તિમાં જ્યાં ફક્ત ૧૨ કવિતાઓ

હતી, ત્યાં તેની છેલ્લી આવૃત્તિમાં ૪૦૦થી પણ વધુ કવિતાઓ જોવા મળે છે. આ અછાંદસ કવિતાઓ થકી વ્હિટ્મન એક વિશિષ્ટ અમેરિકન અભિવ્યક્તિ રજૂ કરવા માગતા હતા. જે ક્લાસિકલ યુરોપિયન મહાકાવ્યોથી સ્વરૂપ અને વિષય-વસ્તુ એમ બંને પરિમાણોથી ભિન્ન હોય. વ્હિટ્મન દઢપણે માનતા હતા કે અમેરિકન સાહિત્ય પણ તેના દેશની જેમ નવીન, સાહસિક અને વ્યક્તિ કેન્દ્રિત હોવું જોઈએ. રાલ્ફ વાલ્ડો ઍમર્સન અને ગુણાતીતવાદ* (transecendentalism)ના સિદ્ધાંતોને વરેલા વ્હિટ્મન માટે વ્યક્તિસ્વાતંત્ર્યતા અને અભિવ્યક્તિ સર્વોપરી હતાં. અલબત્ત, પ્રકૃતિ અને તેની સુંદરતા પ્રત્યે વ્હિટ્મનનો અનુરાગ પણ તેટલો જ દઢ હતો.

વ્હિટ્મનના સાહિત્ય સર્જન તરફ દૃષ્ટિ નાખવામાં આવે તો જણાઈ આવે છે કે Leaves of Grass સિવાય અન્ય કોઈ કૃતિ નોંધપાત્ર કે દુરોગામી અસર છોડી શકી નથી. તથાપિ એ ન ભૂલવું જોઈએ કે Leaves of Grass એ ફક્ત વ્હિટ્મનની જ નહીં; પરંતુ સમગ્ર અમેરિકન સાહિત્યની પ્રધાનકૃતિ (magnum opus) છે. આ એક જ કૃતિ થકી વ્હિટ્મને આવનારા કેટલાય દશકો અને સૈકાઓ સુધી અમેરિકન સાહિત્યને શાશ્વત યૌવન બક્ષ્યું છે. પ્રથમ આવૃત્તિના પ્રકાશન સમયે પ્રકાશકોની ઉદાસીનતા પારખી ગયેલા વ્હિટ્મને ગાંઠના પૈસા ખર્ચીને ૭૯૫ પ્રતો છપાવી હતી. પ્રથમ આવૃત્તિમાં પ્રકાશિત થયેલી કવિતાઓ પૈકી Song of Myself સૌથી વધુ ખ્યાતિ પ્રાપ્ત કવિતા છે. તેને વ્હિટ્મનની સમગ્ર કાવ્યાત્મક દૃષ્ટિના મૂળને રજૂ કરતી કૃતિ તરીકે ઓળખવામાં આવે છે. આજે પણ અમેરિકન સાહિત્યમાં સ્નાતક કે અનુસ્નાતકનો અભ્યાસ કરતો વિદ્યાર્થી, ચાહે તે વિશ્વની કોઈ પણ યુનિવર્સિટીમાં હોય, આ કવિતાથી ભાગ્યે જ અનભિજ્ઞ હશે. અમેરિકન નવલકથાકાર, કવિ, વિવેચક અને પટકથા લેખક જય પારિની (Jay Parini)એ ૨૦૧૧માં Song of Myselfને અત્યાર સુધી લખાયેલી કવિતાઓ પૈકી શ્રેષ્ઠ અમેરિકન કવિતા તરીકે મૂલવી છે. પ્રથમ આવૃત્તિના પ્રકાશન સાથે જ વ્હિટ્મને અમેરિકન વિવેચકો અને લેખકોનું ધ્યાન આકર્ષિત કર્યું. આ પંક્તિમાં મહાન અમેરિકન લેખક, નિબંધકાર અને તત્ત્વચિંતક રાલ્ફ વાલ્ડો ઍમર્સન (Ralph Waldo Emerson) સૌથી મોખરે હતા. તેમણે માત્ર પુસ્તકની ખુલ્લા મોઢે પ્રશંસા કરી એટલું જ નહીં, પરંતુ પોતાના મિત્રો, અન્ય લેખકો અને વિવેચકો સુધી તેની મહેક પ્રસરાવીને વ્હિટ્મનને સિદ્ધહસ્ત લેખક તરીકે પ્રસ્થાપિત કરવામાં સિંહફાળો આપ્યો. Song of Myself કવિતાની કેટલીક પંક્તિઓ વાચકો માટે અહીં પ્રસ્તુત છે.

**I celebrate myself and sing myself,**
**And what I assume you shall assume,**
**For every atom belonging to me as good belongs to you.**
**I will go to the bank by the wood and become undisguised and naked,**
**I am mad for it to be in contact with me.**

**A Child said What is the grass? fetching it to me with full hands;**
**How could I answer the child ? I do not know what it is any more than he.**

**I guess it must be the flag of my disposition, out of hopeful green stuff woven.**

**Or I guess it is the handkerchief of the Lord.**

Leaves of Grassની પ્રથમ આવૃત્તિના પ્રકાશન અને તેના પ્રસારના સમયગાળા દરમિયાન જ અમેરિકાના રાજકીય ઇતિહાસની સૌથી રક્ત-રંજિત ઘટના આકાર લેવા માંડી હતી. એપ્રિલ ૧૨, ૧૮૬૧ના રોજ અમેરિકાના ઉત્તર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે લોહિયાળ આંતરવિગ્રહ (Civil War)ની શરૂઆત થઈ, જેનો અંત ૯મી મે, ૧૮૬૫ના રોજ આવ્યો. ઉત્તરનાં રાજ્યો તરફથી વ્હિટ્મનના ભાઈ જ્યૉર્જે આ લડાઈમાં ભાગ લીધો હતો. આ આંતરવિગ્રહની શરૂઆતના દિવસોમાં વ્હિટ્મને Beat ! Beat ! Drums ! શીર્ષકથી અછાંદસ કવિતા પ્રકાશિત કરી. જેમાં કવિએ ડ્રમ અને

બ્યૂગલનો યુદ્ધના પ્રતીક તરીકે ઉપયોગ કર્યો છે. આ કવિતાના પ્રકાશનથી લઈને ૧૮૭૧ સુધી વ્હિટ્મનના સાહિત્યિક સર્જનમાં ખાસ કોઈ નોંધપાત્ર કૃતિ જોવા મળતી નથી. અલબત્ત, વર્ષ ૧૮૬૮માં ઇંગ્લૅન્ડમાં Leaves of Grassની સૌપ્રથમ આવૃત્તિના પ્રકાશનથી વ્હિટ્મનની લોકપ્રિયતાની ફોરમ સમગ્ર યુરોપમાં પ્રસરે છે.

નિર્વિવાદ રીતે વ્હિટ્મનનું સ્થાન અમેરિકાના રાષ્ટ્રીય કવિ તરીકે આટલા સૈકાઓ વિત્યા બાદ પણ અજેય છે. નવીન અમેરિકાની સંસ્કૃતિ અને તેને સંલગ્ન લોકશાહી વિચારધારાને બળવત્તર કરવામાં જેટલો ફાળો રાલ્ફો વાલ્ડો એમર્સન અને હેન્રી ડેવિડ થોરો (Henry David Thoreau)નો છે. તેટલું જ યોગદાન વ્હિટ્મનનું પણ આંકી શકાય. આગળ જોયું તેમ વ્હિટ્મનનું કાવ્યજગત અન્ય તમામ પારંપરિક કવિઓ અને લેખકોથી તદ્દન ભિન્ન જોવા મળે છે, કારણ કે વ્હિટ્મન તત્કાલીન અમેરિકન વાચકગણ, જે પ્રકૃતિથી જોડાયેલો હતો, ને કેન્દ્રમાં રાખીને સર્જન કરે છે. માટે જ Leaves of Grassમાં સંકલિત કરેલી કવિતાઓ કોઈ ભવ્ય કે ગંભીર વિષય-વસ્તુ પ્રસ્તુત નથી કરતી; અપિતુ એક ઘાસના તણખલા જેટલી 'ક્ષુદ્ર' વસ્તુ પણ કવિ માટે પ્રેરણા-સ્રોત બની રહે છે. સાંપ્રત વિવેચકોની વ્હિટ્મન પ્રત્યેની નારાજગી આ જ કારણસર તો હતી ! આ બધી જ ઉપેક્ષાથી અનભિજ્ઞ રહીને વ્હિટ્મન પોતાની કવિતાઓમાં વિશિષ્ટ અમેરિકન લાક્ષણિકતાઓને વાચા આપતા જ રહ્યા. આથી જ મશહૂર આર્ટ હિસ્ટોરિયન મેરી કૉસ્ટેલો (Mary Costelloe) લખે છે, ''You cannot really understand America without Walt Whitman, without Leaves of Grass... He has expressed that civilization up to date.'' વિશ્વ પ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને દાનવીર ઍન્ડ્રુ કાર્નેગી (Adrew Carnegie) એ વ્હિટ્મનને અત્યાર સુધીના સર્વ શ્રેષ્ઠ કવિ તરીકે નવાજ્યા છે. બીજી બાજુ અંગ્રેજી સાહિત્યિક વિવેચનામાં સૌથી આદરપાત્ર વિવેચક હારોલ્ડ બ્લુમ (Harold Bloom) નોંધે છે :

''અગર જો તમે અમેરિકન છો તો વૉલ્ટ વ્હિટ્મન તમારા કાલ્પનિક માતા અને પિતા છે. પછી ભલેને તમે મારી જેમ કવિતાની એક પણ પંક્તિ ક્યારેય નથી લખી. અમેરિકાના બિનસાંપ્રદાયિક ગ્રંથ તરીકે અગર પુસ્તકોની યાદી બનાવવામાં આવે તો મેલવિલ (Herman Melville)ની નવલકથા મોબી-ડિક (Moby-Dick), માર્ક ટ્વેન (Mark Twain)ની ધ એડવેન્ચર્સ ઑફ હકલબરી ફિન (The Adventures of Huckleberry Finn) અને ઍમર્સનની Essys and the Conduct of Lifeનો સમાવેશ કરી શકાય, પરંતુ આમાંથી કોઈ પણ કૃતિ Leaves of Grassની પ્રથમ આવૃત્તિના તોલે ના આવી શકે.''

વ્હિટ્મનની રખડુ (vagabond) જીવનશૈલીનું પ્રતિબિંબ અમેરિકામાં ૧૯૫૦ના દશકમાં શરૂ થયેલી Beat Movement* અને anti-war કવિઓ જેવાં કે એલન ગિન્સબર્ગ (Allen Ginsberg), એલિસિઆ ઑસ્ટ્રીકર (Alicia Ostriker) અને ગારી સ્નાઇડૂહ (Gary Snyder)ના સર્જનમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. જમાઇકન-અમેરિકન નાટ્યકાર, પોલિટિકલ ઍક્ટિવિસ્ટ અને કવિ જુન જોર્ડન (June Jordan) વ્હિટ્મનની પ્રશંસા કરતાં તેમના નિબંધ For the Sake of People's Poetry : Walt Whitman and the Rest of Usમાં લખે છે, ''જે પ્રમાણે શેક્સપિયર (Shakespeare) ઇંગ્લૅન્ડના, દાન્તે (Dante) ઇટલીના, ટૉલ્સ્ટૉય (Tolstoy) રશિયાના, ગેથે (Gothe) જર્મનીના, ઍગોસ્ટીનો નેતો (Aghostino Neto) ઍન્ગોલાના, પાબ્લો નેરુદા (Pablo Neruda) ચીલીના, હો ચી મિન્હ (Ho Chi Minh) વિયેટનામના તેમ વ્હિટ્મન અમેરિકાના મહાનતમ સાહિત્યકાર છે.''

વ્હિટ્મનની લોકપ્રિયતા માત્ર યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા પૂરતી જ સીમિત ન રહેતાં ૧૯મી અને ૨૦મી સદીમાં લેટિન અમેરિકા, યુરોપ, એશિયા અને આફ્રિકન દેશો સુધી પણ વિસ્તરી છે. ક્યૂબન કવિ અને રાષ્ટ્રીય નેતા જોસ માર્ટી (Jose Marti)ના નિબંધો અને ઉરુગ્વેના અલ્વરો અર્માન્ડો વસૂરના (Alvaro Armando Vasseur) Leaves of Grassના ભાષાંતરે લેખકો અને કવિઓની ભાવિ પેઢીને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડ્યું. ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ સ્વ. શ્રી રાજેન્દ્ર શાહે આ કવિતા-સંપુટનું ભાષાંતર કર્યું છે, જેનું પ્રકાશન ૧૯૯૨માં સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા કરવામાં આવેલું છે. એટલું જ નહીં પ્રથમ

નજરે પ્રાસહિન લાગતી આ કવિતાઓને વીસમી સદીના ઉત્તરાર્ધમાં જ્હૉન અદામ્સ (Jhon Adams), લિઓનાર્ડ બર્નસ્ટેન (Leonard Bernstein), રોનાલ્ડ કૉર્પ (Ronald Corp), ચાર્લ્સ સ્ટેનફર્ડ (Charles Stanford) જેવા કલાકારોએ સંગીતબદ્ધ પણ કરી છે. છેલ્લે ૨૦૧૪માં અમેરિકન કમ્પોઝર જ્હોન ઝોર્ન દ્વારા Leaves of Grass ઉપર મ્યુઝિકલ આલબમ જાહેર કરવામાં આવ્યું છે. વિવિધ પેઢી અને દેશના કવિઓ, લેખકો, વિવેચકો અને કલાજગત સાથે સંકળાયેલ લોકોને સતત પ્રેરણા આપનારા અમેરિકાના આ રાષ્ટ્રીય કવિનું ન્યૂમોનિયાને કારણે ૨૬મી માર્ચ ૧૮૯૨ના રોજ અવસાન થયું.

* ગુણાતીતવાદ : ગુણાતીતવાદ (Transcendentalism) એ એક દાર્શનિક ચળવળ છે જે પૂર્વી યુનાઇટેડ સ્ટેટ્સમાં ૧૮૨૦ના દસકાના અંતમાં વિકસિત થઈ હતી. આ વિચારધારાના મૂળમાં વ્યક્તિના સહજ સદ્‌ગુણો અને સાલસતા કેન્દ્રસ્થાને રહેલાં છે. જ્યારે-જ્યારે સમાજ અને તેની સંસ્થાઓ વ્યક્તિની શુદ્ધતાને ભ્રષ્ટ કરે છે તેવા સંજોગોમાં આત્મનિર્ભર અને વૈચારિક રીતે સ્વતંત્ર લોકો દૂરના સ્વર્ગમાં વિશ્વાસ કરવાને બદલે દૈનિક વ્યવહારમાં પ્રકૃતિદત્ત દિવ્યતાનો અનુભવ કરે છે. કેમ્બ્રિજ મસાચ્યુસેટ્સ ખાતે ૮મી સપ્ટેમ્બર, ૧૮૩૬ના રોજ ટ્રાંસડેન્ટલ ક્લબની સ્થાપના સાથે આ ચળવળ સુસંબદ્ધ રીતે જોડાયેલી હતી. સ્વાભાવિક રીતે જ વ્હિટ્‌મન આ ચળવળ અને તેની વિચારધારાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને તેથી જ આ ચળવળ સાથે જોડાયેલા અન્ય ફિલસૂફોની જેમ વ્યક્તિની આંતરિક શક્તિ ઉપર અડગ શ્રદ્ધા ધરાવતા હતા.

* Beat Movement : Beat Movement અમેરિકામાં ૧૯૫૦ના દસકામાં શરૂ થયેલી સામાજિક અને સાહિત્યિક ચળવળ હતી. આ ચળવળનાં મુખ્ય કેન્દ્રો સાન ફ્રાંસિસ્કોના નોર્થ બીચ, લોસ એન્જેલસના વેનિસ વેસ્ટ અને ન્યૂ યૉર્ક શહેરના ગ્રિનવીચ વિલેજ ખાતે સ્થિત હતા. આ ચળવળ સાથે જોડાયેલા આર્ટિસ્ટ અને સાહિત્યકારો પોતાનો પરિચય 'બિટ' (જેનો અર્થ થાય છે સ્વૈરવૃત્તિવાળા) તરીકે આપતાં ગૌરવ અનુભવતા હતા. આધુનિક સમાજમાં સર્વત્ર વ્યાપ્ત ભૌતિકવાદની નિરર્થકતાનો સામનો સામાજિક રૂઢિઓનો સંપૂર્ણ બહિષ્કાર અને વિરોધ થકી શક્ય છે તેવી માન્યતા આ ચળવળના કેન્દ્રમાં રહેલી છે. કેટલાક સમાજશાસ્ત્રીઓ આ ચળવળને હિપ્પી જીવન વ્યવસ્થા સાથે પણ જોડે છે.

**Further Reading**


Walt Whitman's Selected Journalism. Iowa City : University of lowa Press, 2015

Leaves of Grass and other Writing. New York : W. W. Norton, 2002

Life and Adventures of Jack Engle : An Auto-Biography; A Story of New York at the Present Time in which the Reader Will Find Some Familiar Characters. Iowa City : University of Iowa Press, 2017

Manly Health and Training : To Teach the Science of a Sound and Beautiful Body. New York : Regan Arts. 2017

Franklin Evans, or the Inebriate. A Tale of the Times. Durham, NC: Duke University Press, 2007

Spengemann, William Nineteenth-Century American Poetry. New York; Penguin, 1996

Kaplan, Justin. Walt Whitman : A Life. New York : Perennial Classics, 2003

Matthiessen, F. O. American Renaissance : Art and Expression in the Age of Emerson and Whitman. New York : Oxford University Press, 1968

Reynolds, David, Walt Whitman's America, New York : Knoof. 1995



**– ડૉ. મનીષ વ્યાસ**

એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી & રિસર્ચ, ગાંધીનગર. મો. ૯૪૨૮૦૪૭૪૬૩

# ધાર્મિક શિક્ષણની સમસ્યા

તુલસીભાઈ પટેલ

આજકાલ બે તદ્દન વિરોધી પ્રવાહો વેગ સાથે વહેતા જોવા મળે છે. એક તરફ ભૌતિકવાદ વકરતો જાય છે. પદ-પૈસો-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો માણસને જાણે કે હડકવા લાગ્યો છે, તો બીજી તરફ ભૌતિકવાદથી બિલકુલ વિપરીત એવી ધાર્મિક ઘેલછા એટલી હદે ફૂંફાડા મારતી જોવા મળે છે કે એને એક પ્રકારનો ઉન્માદ રોગ જ કહેવો પડે ! વળી, ક્યારેક આ બંને સાવ વિરોધી બાબતો એક જ વ્યક્તિ કે પરિવારમાં સમાંતરે ચાલતી જોવા મળે છે. માણસ કોઈક સંપ્રદાયના શરણે જાય. કાળાંધોળાં કરે. કરોડો રૂપિયા કમાય. કમાણીનો યશ પેલા સંપ્રદાયને આપે; અને એ ઋણ ચૂકવવા માટે સોને મઢ્યાં મંદિરો બનાવે.

આવા વાલીઓ પોતે જેમાં માનતા હોય તે સંપ્રદાયનો વારસો પોતાનાં બાળકોને પણ અભિનિવેશપૂર્વક આપવા લાગ્યા છે; એ અત્યંત ચિંતાજનક બાબત છે. પોતાનાં સંતાનોને જે તે ધર્મ-સંપ્રદાયમાં ઝનૂનપૂર્વક દીક્ષિત કરવામાં આવે છે. એ બદલ માતા-પિતા ગર્વ લેતાં જોવા મળે છે. એમની પાસે અઢળક સંપત્તિ છે, એટલે સંપત્તિના જોરે તેઓ શાળાઓ-છાત્રાલયો ચલાવે છે; જેમાં સાંપ્રદાયિક શિક્ષણ કેન્દ્રસ્થાને હોય છે.

અહીં બે સવાલો ઉદ્ભવે છે :

(૧) બાળકો ધર્મ જેવા ગહન વિષય અંગે સ્વતંત્ર રીતે વિચાર કરવાની ક્ષમતા ધરાવતાં નથી. આવાં કોરી સ્લેટ જેવાં બાળકો પર પોતે માની લીધેલું સત્ય લાદવાનો માતા-પિતાનો અધિકાર ખરો ? આવો અધિકાર એમને કોણે આપ્યો ?

(૨) જેને આપણે 'ધર્મ' કહીએ છીએ, તે વાસ્તવમાં ધર્મ છે ખરો ? આજે સંસારમાં અનેક ધર્મો પ્રચલિત છે. વાસ્તવમાં ધર્મો અનેક હોઈ શકે નહીં. 'ધર્મ' તો એક જ હોય. અનેક ભગવાનો હોઈ શકે નહીં. 'ભગવાન' તો એક જ હોય. God is on : ઈશ્વર એક છે : એમ આપણે પોપટની જેમ બોલીએ છીએ ખરા; પરંતુ આપણું આચરણ એનાથી તદ્દન ઊલટું છે ! વળી હવે તો મુલ્લા-મહંત પોતે જ સવાઈ ભગવાન થઈ બેઠા છે !! આજે અનેક સંપ્રદાયો ફૂલ્યાફાલ્યા છે. એટલું જ નહીં; જેને આપણે 'ધર્મ' કહીએ છીએ, તે પણ વાસ્તવમાં સંપ્રદાય જ છે. સંપ્રદાય એ સંકુચિતતા છે; તો ધર્મ વ્યાપક સંકુચિતતા છે. વ્યાપક હોવાને કારણે એ કાંઈ સદ્ગુણ બની જતો નથી. આ બાબત બરાબર સમજવા જેવી છે. નિર્દોષ બાળકોમાં આવી સંકુચિતતા આરોપવી એ સ્વયં અધર્મ નથી શું ?

ધર્મ કે સંપ્રદાય વિશે મૂળ સુધી જઈને વિચાર કરવાની જરૂર છે.

આપણે જે ધર્મ કે સંપ્રદાય પાળીએ છીએ; તે શું આપણે સમજપૂર્વક કે વિચારપૂર્વક પસંદ (Select) કરેલો છે ? વિડંબના તો એ છે કે ધર્મ કે સંપ્રદાય પાળવાની બાબતમાં સ્વ-પસંદગી (Self Selection)ને કોઈ અવકાશ જ નથી ! આપણને જન્મ સાથે જ ધર્મ-સંપ્રદાય પ્રાપ્ત થઈ જાય છે. કોઈ બાળકને પૂછવામાં આવતું નથી કે તને કયો ધર્મ ગમે છે ? વળી, બાળક આ સવાલનો ઉત્તર આપવાની ક્ષમતા પણ ધરાવતું નથી. જેમ વર્ણ-જ્ઞાતિ વગેરે જન્મના અકસ્માત સાથે જ પ્રાપ્ત થઈ જાય છે, એવી જ રીતે ધર્મ પણ જન્મના અકસ્માત સાથે પ્રાપ્ત થાય છે. આપણે જે ધર્મ-સંપ્રદાય પાળીએ છીએ; તે એક અકસ્માત છે. અકસ્માતનો મહિમા હોઈ શકે નહીં. તેમ છતાં આ અકસ્માતે કેટકેટલા ઉપદ્રવો મચાવ્યા છે ! લડાઈ-ઝઘડા માટે ધર્મના જેવું અસરકારક બહાનું બીજું કોઈ નથી. શ્રી ગુણવંત શાહ યોગ્ય જ કહે છે કે, જે લોકો ધર્મ વિશે ઓછામાં ઓછું જાણે છે; તે લોકો ધર્મ

માટે વધુમાં વધુ ઝઘડા કરે છે ! એટલે જ તો કવિ ઈકબાલને કહેવું પડ્યું : **मजहब नहीं सीखाता आपस में बैर रखना ।** જાણીતા કવિ હરિવંશરાય બચ્ચને કહ્યું : **मंदिर-मस्जिद बैर बढाते, मेल कराती मधुशाला ।**

પ્રત્યેક વ્યક્તિની (અરે પ્રાણીમાત્રની) અંદર રહેલી સુષુપ્ત ચેતનાને આપણે સમજવાની છે; ને એનું ગૌરવ કરવાનું છે. એનો આદર કરવાનો છે. અધ્યાત્મવિદ્યામાં આ સુષુપ્ત ચેતના વિશે વિચારણા કરવામાં આવે છે. પરંતુ કરુણતા એ છે કે આપણે ત્યાં મોટા ભાગના માણસો ધર્મ અને અધ્યાત્મને એક માનીને ચાલે છે. ધર્મ તથા અધ્યાત્મ બંનેને લગભગ એક માની લેવામાં આવ્યાં છે. આ ગેરસમજમાંથી ભારે ગરબડ થતી રહી છે. આપણે સંકુચિત ધર્મના ઉન્માદમાંથી બચવાનું છે અને સર્વ વ્યાપક અધ્યાત્મનો પુરસ્કાર કરવાનો છે. આજે વિજ્ઞાનના પ્રતાપે વિશ્વ જ્યારે એક પરિવાર બનતું જાય છે, ત્યારે સંપ્રદાયના કોચલામાં પુરાઈ રહેવું કેટલું વાજબી ગણાય ?

અલબત્ત, ધર્મને વ્યાપક અર્થમાં આપણે 'ફરજ' (Duty) કહી શકીએ. આ અર્થ પ્રચલિત પણ છે. ફરજ કે કર્તવ્યપાલનનું અવમૂલ્યન થઈ શકે નહીં. આ દૃષ્ટિએ ડૉ. રાધાકૃષ્ણન કહે છે તે પ્રમાણે 'ધર્મ એટલે સદ્વર્તનનો નિયમ.' ધર્મ એટલે એક એવી આચારસંહિતા (Code of conducts) કે જે આપણા વ્યક્તિ-જીવન તેમજ સમષ્ટિ-જીવનને વ્યવસ્થિત અને સુસંવાદી બનાવે. બસ, આ અર્થમાં જ આપણે 'ધર્મ' ગ્રહણ કરવો રહ્યો. બીજી રીતે કહીએ તો ધર્મ આપણને નાગરિક તરીકેની ફરજો શીખવે છે. ટૂંકમાં 'નાગરિક ધર્મ' એ જ ધર્મ.

અહીં સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે કે હાલ જે પ્રૌઢ પેઢી છે અને જેઓ ચુસ્ત રીતે સાંપ્રદાયિક છે, એમની લાગણી આપણે દૂભવવા માગતા નથી. તેઓ ભલે પોતે માની લીધેલા સાંપ્રદાયિક ટેકાના સહારે પોતાના શેષ આયુષ્યની પીડા ભૂલીને જીવન પસાર કરતા રહે. ધર્મ કે સંપ્રદાય એ પીડાશામક મનોવૈજ્ઞાનિક ગોળી છે. પીડાશામક ગોળી તરીકે ધર્મશ્રદ્ધાનું ઘણું જ મહત્ત્વ છે. આ યથાર્થનો પણ સ્વીકાર કરવો જ રહ્યો.

પરંતુ ભાવિ પેઢી વિશે અવશ્ય મૌલિક રીતે વિચારવું ઘટે છે, ધર્મ વિશે આ પંક્તિઓ લખનારની માન્યતા શી છે; તે ઉપરોક્ત ચર્ચામાંથી સ્પષ્ટ થાય છે જ. આ માન્યતાના સમર્થનમાં સાચા અધ્યાત્મવાદી શ્રી શાંતિપુરીજી નામના એક સાધકના વિચારો, ભાવિ પેઢીનું યોગ્ય રીતે ઘડતર થાય એ માટે તેમજ આજના વાલીઓ આ અંગે મૌલિક રીતે વિચારતા થાય એ દૃષ્ટિએ રજૂ કરવાનું મન થાય છે. શ્રી શાંતિપુરીજીને એક શિષ્યાએ પૂછેલા સવાલો અને એના ઉત્તરો 'સમભાવ' દૈનિક (તા. ૯-૩-૯૭)માં 'વિચિત્ર વિશ્વ' નામની કટારમાં પ્રગટ થયેલા છે. એનો એક ઉપયોગી અંશ આ પ્રમાણે છે :

**પ્રશ્ન : મૂર્તિપૂજાની આવશ્યકતા શી ?**

**ઉત્તર :** જે લોકો માખણ મેળવવા ભાગ્યશાળી નથી કે જે લોકો તે પચાવી શકતા નથી તેવાને જેમ દૂધ વાપરવાની ભલામણ કરવામાં આવે છે, તેમ બૌદ્ધિક મંદતા ધરાવતી વ્યક્તિને પણ મૂર્તિપૂજાથી સાધનાનો આરંભ કરવાનું કહેવામાં આવે છે. એવી જ વાત એમના માનસમાં ઠસે છે.

**પ્રશ્ન : બાળકોને મંદિરમાં જવા અને ધાર્મિક પ્રવચનોનું શ્રવણ કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ કે નહીં ? એ બાબતમાં આપનું શું માનવું છે ?**

**ઉત્તર :** ના, ઊછરતાં બાળકોને એવી પ્રવૃત્તિઓમાં પોતાના સમયનો દુર્વ્યય કરવા દેવો એ હિતાવહ નથી. સૌ પ્રથમ તો તેમને આત્મવિશ્વાસ કેળવવા દેવો જોઈએ. નહીં તો અદૃશ્ય એવા ઈશ્વરમાંની તેમની શ્રદ્ધા તેમને પરાવલંબી બનાવી મૂકશે અને તેમના નૈસર્ગિક વિકાસ અને સમજદારીને કુંઠિત કરી દેશે. અભ્યાસમાં જ તેઓ પોતાના સમયને ભક્તિભાવથી પરોવે એવી ખાસ કાળજી લેવી જોઈએ. જેમ-જેમ તેમનો માનસિક તેમજ બૌદ્ધિક વિકાસ થતો જશે તેમ-તેમ તેઓ આપોઆપ જ આધ્યાત્મિક વિષયોમાં ડૂબકી મારતા થઈ જશે. તેઓ જ્યારે પુખ્ત સમજના થાય ત્યારે પણ એમના ઉપર કશુંય લાદ્યા વિના જીવનની ઉચ્ચ ભૂમિકાની સમસ્યાઓ સમજવામાં આપણે ભલે મદદ કરીએ. ત્યાં સુધી તો તેમને દેવસ્થાનો અને શાસ્ત્રાદિના ઉપદેશ-શ્રવણમાં રસ લેતા અટકાવવા જોઈએ.

**પ્રા. તુલસીભાઈ પટેલ**
**મો. ૯૯૯૮૦૮૯૬૩૩**

# શ્રમિક કાયદાઓમાં સુધારણા

**ડૉ. કમલેશ જોશીપુરા**

રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન સરકાર દ્વારા બીજી ટર્મમાં સત્તાનાં સૂત્રો ધારણ કર્યાં પછી દેશનાં વિવિધ ક્ષેત્રો અને મહત્ત્વના વિષયો તેમજ સમસ્યાઓનાં સંદર્ભમાં સુધારાલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા છે. શૈક્ષણિક ક્ષેત્રમાં ૩૪ વર્ષના લાંબા ગાળા પછી જાહેર થયેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિનાં માધ્યમથી પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ સુધી વ્યાપક સ્તરે પરિવર્તન લાવવાની સંકલ્પના વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત વૈશ્વિક પડકારોને ઝીલે તે પ્રકારે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં આમૂલ પરિવર્તન અર્થે કેટલાક દુરોગામી અસર પાડનારા સુધારાઓ સૂચવવામાં આવ્યા છે, એ જ પ્રકારે બ્રિટિશકાળથી અમલમાં આવેલ અનેક જરીપુરાણા કાયદાઓ કે જે, વર્તમાન સમયમાં અપ્રસ્તુત બની ગયેલા છે, તેવા અનેક કાયદાઓને વર્તમાન સરકારે રદ કર્યા છે. આ ઉપરાંત ખાસ કરીને રાષ્ટ્રીય એકાત્મતા દૃષ્ટિથી અનુચ્છેદ ૩૭૦ હટાવવાનો નિર્ણય હોય કે નાગરિકના સંશોધન સંદર્ભે ખૂબ જ મહત્ત્વનો નિર્ણય હોય અથવા તો શ્રમિક કાયદાઓનાં સંદર્ભમાં પણ બ્રિટિશ શાસનકાળમાં રોયલ કમિશન દ્વારા સૂચવવામાં આવેલ વિવિધ કાયદાઓ સુધારવાની વાત એમ પ્રત્યેક બાબતમાં ૨૦૧૯ તથા ૨૦૨૦નાં વર્ષો ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહ્યાં.

સવિશેષ રીતે શ્રમિક કાયદાઓના સંદર્ભોમાં સમગ્રપણે શ્રમિક ક્ષેત્રમાં આવેલ વ્યાપક પરિવર્તન તેમજ વૈશ્વિક સ્તરે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની વ્યાપક અસરો છેલ્લા બે દાયકામાં શ્રમિક ક્ષેત્ર ઉપર પણ જોવા મળી છે અને શ્રમિક બજાર એટલે કે લેબર માર્કેટ, શ્રમશક્તિ અને શ્રમના પ્રકારના સંદર્ભમાં આવેલ વ્યાપક પરિવર્તન અન્વયે શ્રમિક કાયદાઓમાં વ્યાપક સ્તરે જરૂરી સુધારાઓની ચર્ચા ઘણા સમયથી ચાલી રહેલી હતી. સેકન્ડ LABOUR COMMISSION એટલે કે બીજા શ્રમ પંચ દ્વારા પણ ખાસ કરીને શ્રમિક કાયદાઓની સંખ્યાનું બાહુલ્ય જોવા મળતું હતું અને સાથોસાથ આટલી મોટી સંખ્યામાં કાયદા ઘડવામાં આવેલા હોવાને કારણે તેના અર્થઘટનમાં, અમલીકરણમાં કે અસરકારકતામાં પણ વિપરીત અસર પડતી હતી અને માટે શ્રમિક કાયદાઓમાં અંગ્રેજી ભાષામાં જેને આપણે RATIONALISATION એટલે કે તર્કસંગત સમન્વયીકરણની ખૂબ જ મોટી આવશ્યકતા હતી, આ પ્રસ્તાવિત પરિવર્તન અંગે છેલ્લાં દસેક વર્ષથી ચર્ચા ચાલતી હતી પરંતુ નક્કર રીતે કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો.

બીજી તરફ જોવા જઈએ તો દેશની શ્રમશક્તિના સ્વરૂપમાં પણ વ્યાપક પરિવર્તનો જોવા મળે છે. ૧૯૪૭થી ૧૯૭૦ના ગાળામાં જે રીતે સંગઠિત શ્રમશક્તિ દેશમાં જોવા મળતી હતી તેમાં ક્રમે-ક્રમે પરિવર્તન આવ્યું અને સમગ્ર શ્રમશક્તિ અસંગઠિત શ્રમિક ક્ષેત્રમાં પરિવર્તિત થતી રહી અને આ સંદર્ભમાં પણ શ્રમિક વિધિવિધાનમાં વ્યાપક સ્તરે પરિવર્તનની આવશ્યકતા નિષ્પન્ન થઈ હતી. વર્તમાન આંકડાકીય સ્વરૂપ જોતાં લગભગ ૯૨ ટકાથી વધારે શ્રમિકો અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત છે અને આ શ્રમિકો કાં તો અસંગઠિત ક્ષેત્રના છે અથવા તો INFORMAL SECTOR અનૌપચારિક ક્ષેત્રના છે. આટલી મોટી વિરાટ સંખ્યામાં આ શ્રમિકોનું અસ્તિત્વ છે ત્યારે ખાસ કરીને સામાજિક સુરક્ષા, કલ્યાણ તેમજ અન્ય શ્રમિક કાયદાઓના રક્ષણ સંદર્ભે આ વર્ગ કે સમગ્ર ક્ષેત્ર અસંગઠિત સ્વરૂપનું છે તેની વિશાળતા તેની વ્યાપકતાના સંદર્ભમાં સંગઠિત ક્ષેત્ર માટે જે કાયદાઓ છે તે કાયદાનો લાભ અસંગઠિત શ્રમિકોને આપવો લગભગ અસંભવ જેવી બાબત છે અને માટે જ આ ક્ષેત્રને ધ્યાનમાં રાખીને પણ શ્રમિક કાનૂનમાં વ્યાપક પરિવર્તનની આવશ્યકતા હતી. સેકન્ડ લેબર કમિશન પાસે બે અપેક્ષાઓ વ્યક્ત કરવામાં આવી હતી, અલત્ત બીજી ઘણી બધી બાબતો અને મુદ્દાઓ આ કમિશનને સૂચવવામાં આવ્યા હતા પરંતુ મુખ્યત્વે (૧) RATIONALISATION OF EXISTING LABOUR LEGISLATIONS અને (૨) UMBRELLA LIGISLATION FOR UNORGANISED LABOUR SECTOR, બે મુખ્ય

બાબતો વિચારણા હેઠળ હતી, બંધારણીય દષ્ટિ એ શ્રમિક કાયદાઓ ભારતીય બંધારણની સમવર્તી યાદીમાં આવે છે અને એ બાબત ખૂબ જ જાણવી રસપ્રદ બની રહેશે કે દેશમાં ૪૦ જેટલા કેન્દ્રીય શ્રમિક કાનૂન છે અને લગભગ ૧૦૦થી વધારે વિવિધ રાજ્યોના કાયદાઓ અસ્તિત્વમાં છે અને આમ ખૂબ જ મોટી સંખ્યામાં કોઈ ને કોઈ સમયે પરિસ્થિતિજન્ય રીતે કે આવશ્યકતાનુસાર કાયદાઓ અમલમાં આવેલા છે. આ ઉપરાંત કાયદાઓના બાહુલ્ય હોવાને કારણે ખાસ કરીને મજૂર, માલિક જે ESTABLISHMENT જે મહત્ત્વની પાયાની બાબતમાં વ્યાખ્યાઓમાં વ્યાપક વિસંગતતા જોવા મળતી હતી તેને કારણે શ્રમિક વિધિવિધાન અને તેની અમલવારી ખૂબ જ જટિલ બનતી જતી હતી, સાથોસાથ પગાર વિષયક બાબતો, સામાજિક સુરક્ષા, ઔદ્યોગિક સંબંધો, આરોગ્ય, કલ્યાણ, મહિલા વિશે કાનૂન, સમાન વેતન, લઘુતમ વેતન જેવા અનેક આયામો જે શ્રમિક જગત માટે ખૂબ જ મહત્ત્વના છે. તેમાં એટલા બધા કાયદાઓની સંખ્યા હતી અને તેને કારણે અનેક મુશ્કેલીઓ સર્જાતી હતી, આ સ્થિતિમાં સમગ્રપણે ખૂબ જ કાળજીપૂર્વક વ્યાપક સ્તરે અભિપ્રાય મેળવી, શ્રમિક સંગઠનોનાં મંતવ્યો મેળવવાની સાથે જે વાસ્તવિક પરિસ્થિતિ છે તેનું સંશોધનાત્મક આકલન કરી અનેક પેટા સમિતિઓ અને સમિતિઓનાં મંતવ્યો પછી સરકારે મુખ્યત્વે ચાર LABOUR CODE અમલમાં લાવવાની જાહેરાત કરી છે.

THE CODE ON WAGES, 2019 (4 LABOUR LAWS)

1. THE OCCUPATIONAL SAFETY, HEALTH AND WORKING CONDITIONS CODES, 2020 (13 LABOUR LAWS)

2. THE INDUSTRIAL REALATION CODES, 2020 (3 LABOUR LAWS)

3. THE SOCIAL SECURITY CODE 2020

4. THE CODE ON WAGES 2019

સમગ્ર રીતે CODE ON WAGES ચાર જેટલા કાયદાઓ, OCCUPATIONAL SAFETY અંતર્ગત ૧૩ જેટલા કાયદાઓ, ઔદ્યોગિક સંબંધો એટલે કે INDUSTRIAL RELATIONS CODE અંતર્ગત ત્રણ જેટલા કાયદાઓ અને સોશિયલ સિક્યુરિટી કોડ એટલે કે સામાજિક સુરક્ષાના પ્રબંધો અંતર્ગત નવ જેટલા કાયદાઓ મર્જ કરવામાં આવેલ છે અને ૨૮મી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા તેને મંજૂરી પણ મળી ગઈ છે અને સમગ્ર દેશમાં આ કાયદાઓ અમલમાં આવશે. આ દષ્ટિથી જોવા જઈએ તો કોરોના મહામારીના કાળ દરમિયાન કદાચ અભ્યાસુઓને આ વિષયમાં હજુ પૂરતો વિશ્લેષણાત્મક અભ્યાસ કે સંશોધનો માટે સ્કોપ કે સમય નહીં મળ્યો હોય પરંતુ સમગ્ર રીતે દેશના અર્થતંત્ર માટે અને ક્ષેત્રની દષ્ટિથી શ્રમિક જગત માટે આ ખૂબ જ આમૂલ પરિવર્તન લાવનારી બાબત બની રહેશે.

અનેકવિધ કાયદાઓને ચાર જેટલા સમૂહમાં એકીકૃત કરી દઈ અને મજૂર કાયદાઓને સરળ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

સૌથી મહત્ત્વની બાબત એટલે સામાજિક સુરક્ષા (SOCIAL SECURITY) સંગઠિત જ માત્ર નહીં પરંતુ અસંગઠિત શ્રમિકોને પણ સામાજિક સુરક્ષાનાં લાભો આપવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. ૧૪ જેટલાં પ્રકરણો અને ૧૬૪ જેટલા ક્લોસીઝ (કલમો) આ કાયદામાં પ્રયોજવામાં આવેલ છે. આ કાયદાનું નામ છે કોડ ઓન સોશિયલ સિક્યુરિટી ૨૦૨૦. કામદાર વળતર ધારા રાજ્ય વીમા ધારો, પ્રોવિડન્ટ ફંડ, પ્રસૂતિ, ગ્રેચ્યુઇટી, સિનેમા કામદારો, બાંધકામ શ્રમિકો તેમજ અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકો સામાજિક સલામતી વિષયક પ્રબંધો એમ ૯ જેટલા કાયદાઓનું વિલીનીકરણ કરી અને આ કાયદો ઘડી કાઢવામાં આવેલ છે. વર્તમાન સમયને અનુરૂપ તકનીકી બાબતોનો આધાર લઈ સરળ અમલીકરણ, ઉપરાંત વધુ પડતા કાયદાઓને કારણે અમલીકરણ, અર્થઘટન અને અસરકારકતા જેવી બાબતોમાં પડતી મુશ્કેલીઓ નિવારવાનો સરકારનો ખાસ પ્રયત્ન છે. અસરકારક અમલીકરણ હેતુ ૫ જેટલાં બોર્ડ બનાવાયાં છે જે ખૂબ આવકારદાયક છે.

અસંગઠિત શ્રમિકોની ટકાવારી ૯૨ ટકાથી વધારે છે ત્યારે આ શ્રમિકોને શોધી કાઢવા (IDENTIFY) કરવા એ ખૂબ જ મોટો પડકાર છે. અલબત્ત, આ વર્ગના શ્રમિકોને માટે સામાજિક સુરક્ષા પ્રબંધોએ ખૂબ જ મહત્ત્વની બની રહેશે તેમાં શંકા નથી.

આ ઉપરાંત આંતરરાજ્ય સ્થળાંતરિત શ્રમિકો માટે પણ સામાજિક સુરક્ષાના વિશેષ પ્રબંધોની જોગવાઈ સામેલ કરવામાં આવેલ છે. નવા કાયદામાં પ્લૅટફૉર્મ વર્ક – શબ્દ દ્વારા ઓનલાઈન સર્વિસ/ વર્ક, પ્રોવાઇડર (સેવા-શ્રમિકો પૂરા પાડનાર)ને પણ આવરી લેવામાં આવેલ છે. ''SELF EMPLOYED'' સ્વરૂપના શ્રમિકો પણ સામેલ કરાયેલ

છે. સમગ્ર રીતે સામાજિક સુરક્ષાના પ્રબંધોથી કોઈ પણ સ્વરૂપમાં કાર્યરત શ્રમિકોને આવરી લેવામાં આવેલ છે. અસંગઠિત શ્રમિકની વ્યાખ્યા દ્વારા લગભગ સમગ્ર અસંગઠિત શ્રમિક ક્ષેત્રનાં SOCIAL SECURITY NET (સામાજિક સુરક્ષા છત્ર)માં આવરી લીધેલ છે.

OCCUPATIONAL SAFETY HEALTH AND WORKING CONDITIONS CODE 2020 એટલે વ્યવસાયગત સલામતી, આરોગ્ય અને કાર્યસ્થળની પરિસ્થિતિ 2020 અંતર્ગત કારખાના ધારો 1948, કોન્ટ્રેક્ટ લેબર એક્ટ 1970, આંતરરાજ્ય સ્થળાંતરિત શ્રમિકોનો કાયદો 1979, બાંધકામ શ્રમિકોનો કાયદો, માઇન્સ એક્ટ 1952, પ્લાન્ટેશન લેબર એક્ટ 1951, ડોક લેબર વેલ્ફેર એક્ટ, બીડી-સિગાર વર્કસ એક્ટ, વર્કિંગ જર્નાલિસ્ટ એક્ટ, મોટર ટ્રાન્સપોર્ટ વર્કસ, સિનેમા વર્કસ, સેલ્સ પ્રમોશન સહિત 13 જેટલા કાયદાઓનું વિલીનીકરણ કરવામાં આવેલ છે.

સદરહુ કોડ પ્રત્યેક કારખાનાઓ, ખાણ, બંદરગાહ, બાંધકામ અને નિર્માણ ક્ષેત્રે તમામ પ્રકારના પ્લાન્ટેશન, વ્યવસાયી પત્રકાર, વાહન-વ્યવહારના ક્ષેત્રમાં કાર્યરત શ્રમિકો, વેચાણને પ્રોત્સાહક આનુશાંગિક પ્રવૃત્તિઓના કર્મચારીઓ ને સિનેમા વર્કસને આ કાયદા અંતર્ગત સમાવિષ્ટ કરવામાં આવેલ છે. આ ત્રણ પ્રકારની અનુસૂચિઓમાં જોખમી ઉત્પાદન પ્રક્રિયાઓ જાહેરનામાંથી સમાવિષ્ટ થઈ શકે તે રોગોની યાદી અને ખાસ કરીને આરોગ્ય સુરક્ષા અને કામના સ્થળે પ્રવર્તી રહેલી સ્થિતિની વિવિધ બાબતો સમાવિષ્ટ કરાયેલ છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોને બાકાત રખાયેલ છે, પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા સરકારોને પૂરા પાડવામાં આવતાં પ્રત્યેક કામો માટેનાં શ્રમિકોને આવરી લેવામાં આવેલ છે. કાયદાના વિસ્તાર સંદર્ભે સરળીકરણ કરી અને દશ અથવા વધારે કામદારો ધરાવતા એકમને આવરી લઈ ''સિંગલ રજિસ્ટ્રેશન''ની જોગવાઈ કરવામાં આવેલ છે. ખાસ કરીને વિજાણું પ્રચાર માધ્યમો, ડિજિટલ મીડિયા અને ઈ-પેપરમાં કાર્યરત પત્રકારોને આ કાયદાના પરિઘમાં આવરી લેવામાં આવેલ છે.

પ્રત્યેક એકમોમાં સંપૂર્ણ નિશુલ્ક વાર્ષિક આરોગ્ય તપાસણીની જોગવાઈ ખાસ ઉલ્લેખનીય છે. આંતર-રાજ્ય સ્થળાંતરિત શ્રમિકોની નોંધણી માટે ખાસ પોર્ટલની જોગવાઈ કરવામાં આવેલ છે અને રેશનિંગના અનાજ વગેરે મેળવવામાં તકલીફ ન પડે તેથી એકબીજા રાજ્યોમાં રેશનકાર્ડ વગેરે ચાલી શકે તેવી ખાસ જોગવાઈ કરવામાં આવી છે. સમગ્ર રીતે શ્રમિકોનાં આરોગ્ય સુરક્ષા, અકસ્માત જેવા વિષયો પર કેન્દ્ર સરકારને વ્યાપક સત્તાઓ અપાયેલ છે અને સંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે સામાજિક સુરક્ષા ફંડની ખાસ જોગવાઈ કરવમાં આવેલ છે.

INDUSTRIAL RELATIONS CODE 2020 અંતર્ગત ઔદ્યોગિક તકરારનો કાયદો, 1947, ઇન્ડસ્ટ્રિયલ એમ્પ્લોઈમેન્ટ (STANDING ORDERS) ACT 1946 અને ધી ટ્રેડ યુનિયન એક્ટ, 1926 જેવા મહત્ત્વના કાયદાઓ વિલીન કરવામાં આવેલ છે. કામદાર અને માલિકના સંબંધોનું નિયમન કરતાં શ્રમિક કાનૂનના આ મહત્ત્વના ક્ષેત્રમાં શ્રમિકની વ્યાખ્યા માસિક રૂ. 18,000 મેળવતા સુપરવાઈઝર સ્વરૂપના કર્મચારીને પણ આવરી લેવામાં આવેલ છે. આ ઉપરાંત નિશ્ચિત સમય માટે કામે રખાયેલ શ્રમિકને પણ ગ્રેચ્યુઇટી સહિતના લાભ મળી રહે તેવો પ્રબંધ કરવામાં આવેલ છે. માસ સી.એલ. જેવી બાબતને હડતાલની વ્યાખ્યામાં આવરી લેવામાં આવેલ છે. ગ્રીવન્સ રીડ્રેસલ ફોરમમાં મહિલાઓને પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે. ટ્રેડ યુનિયનની માન્યતા સંદર્ભેની જોગવાઈમાં 51%નું ધોરણ સુનિશ્ચિત કરવામાં આવેલ છે. અને નેગોશિએટિંગ કાઉન્સિલની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. ઇન્ડસ્ટ્રિયલે ટ્રીબ્યુનલની રચનામાં ન્યાયિક સભ્યો ઉપરાંત એડમિનિસ્ટ્રેટિવ સભ્યોને ઉમેરવામાં આવે છે. ઔદ્યોગિક વિવાદ અર્થે 'કૉર્ટ ઑફ ઇન્ક્વાયરી' કન્સિલીએશન અને અમુક કિસ્સામાં લેબર કૉર્ટસ જેવાં માધ્યમો રદ કરી અને ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલની જ વ્યવસ્થા કરવામાં આવી છે. હડતાળ-તાળાબંધી વગેરે જેવાં આયામોમાં ખૂબ જ કડક શિક્ષાત્મક જોગવાઈઓ કરવામાં આવેલ છે. ઉદ્યોગોની વ્યાખ્યામાંથી સખાવતી સંસ્થાઓ અને સમાજસેવી સંસ્થાઓને બાકાત કરાયેલ છે.

સમગ્ર રીતે જોઈએ તો ખાસ કરી ઔદ્યોગિક સંબંધોના કાયદામાં દુરોગામી અસર પાડનારા સુધારા કરવામાં આવ્યા છે. ઔદ્યોગિક ક્ષેત્રની વર્તમાન પરિસ્થિતિ ઉપરાંત વૈશ્વિક પ્રવાહો તેમજ ઉદારીકરણ અને ખાનગીકરણમાં વ્યાપક સંદર્ભમાં શ્રમિક વિધિ વિધાનમાં કરાયેલા આમૂલ પરિવર્તન દેશના શ્રમિક ક્ષેત્રને માટે આવા આયામો નિષ્પન્ન કરશે તે નિશ્ચિત છે.

**ડૉ. કમલેશ જોશીપુરા**
મો. 9824212033

# અંધારી રાત્રે આકાશદર્શનનો ઉત્તમ અવસર

ભૂપેન્દ્ર ધોળકિયા

ખગોળશાસ્ત્ર એ કાલગણનાનો પાયો છે. ભારતીય જ્યોતિષશાસ્ત્ર પણ ખગોળશાસ્ત્રના આધાર ઉપર રચાયેલું છે.

કાકાસાહેબ કાલેલકરે ચંદ્ર-શુક્રની યુતિને 'દેવોનું કાવ્ય' એવી ઉત્તમ ઉપમા આપે છે. શિયાળામાં રાત્રિ સાધારણ રીતે વધુ લાંબી અને ચોખ્ખી હોય છે. આકાશમાં ઊડતા ધૂળના રજકણો પણ ચોમાસાના વરસાદથી નીચે બેસી ગયાં હોય છે.

(૧) હંમેશાં એક જ સ્થળે દેખાતા કાયમી તારકસમૂહો – નક્ષત્ર ઓળખવા માટે સારા એટલાસ – ખગોળનાં પુસ્તકો કે સંદેશ પ્રત્યક્ષ પંચાંગની મદદ લઈ શકાય છે.

(૨) જે તે માસનાં રખેવાળ નક્ષત્રો નક્કી હોય છે તે માસમાં તે નક્ષત્ર આખી રાત સારી રીતે જોવા મળે છે. દા.ત., કારતકમાં કૃત્તિકા, માગસરમાં મૃગશીર્ષ, મહા માસમાં મઘા, ચૈત્રમાં ચિત્રા, શ્રાવણમાં શ્રવણ, આસોમાં અશ્વિની નક્ષત્ર.

(૩) આકાશ દર્શન માટે નવરાત્રિથી શિવરાત્રિ સુધીનો સમય અને તેમાં પણ ખાસ કરીને ક્ષીણ ચંદ્રના દિવસો વદ આઠમથી સુદ આઠમ સુધીના પંદર દિવસો વધુ અનુકૂળ રહે છે.

(૪) આકાશ દર્શનમાં નક્ષત્રો – તારક સમૂહો જોવા માટે રાત્રે નવ કલાકનો સમય વધુ અનુકૂળ ગણાય, કારણ કે તે સમયે જોયેલા નક્ષત્રો, ગ્રહો, તારક સમૂહો ત્રણ-ચાર કલાક સુધી ફરીથી પશ્ચિમ દિશામાં ખસતા-ખસતા જોઈ શકાય છે.

(૫) અંગ્રેજી માસની પહેલી તારીખે જે તારો રાત્રે દસ વાગ્યે માથે આવે તે જ તારો છેલ્લી તારીખે (ત્રીસ દિવસ પછી) રાત્રે આઠ વાગ્યે (અર્થાત્ બે કલાક વહેલો) માથા ઉપર આવે છે.

(૬) આકાશ દર્શનના નકશાનો ઉપયોગ કરવામાં ખાસ કાળજી એ રાખવી કે તે રોડ એટલાસ કે ભૂગોળના એટલાસની જેમ નીચે મૂકીને વાંચવાના હોતા નથી. આપણે ડોક ઊંચી કરીને આકાશ સામે જોતાં હોઈએ ત્યારે જે દૃશ્ય દેખાય તેનું દર્શન કરાવે છે. રોડ એટલાસ, ભૂગોળ એટલાસમાં ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય ચારેય ખૂણા ક્લોકવાઇઝ (ઘડિયાળના કાંટાની દિશામાં.) હોય છે. જ્યારે આકાશ દર્શનના નકશામાં આ ચારેય ખૂણા એન્ટી ક્લોકવાઇઝ (ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં) જણાય છે. તે ઉપયોગ કરવાથી સરળતાથી સમજાશે.

(૭) વધુ જાણકારી માટે સંદેશ પ્રત્યક્ષ પંચાંગના ખગોળ-આકાશ દર્શન વિભાગના સાહિત્યનું મનન-ચિંતન કરવું. ખગોળના પ્રાથમિક પુસ્તકોનો અભ્યાસ કરવો જોઈએ.

**તારા મંડળ - નક્ષત્ર દર્શન**

આપણે આકાશમાં તારાઓ અને નક્ષત્રનાં ઝૂમખાં રાત્રે નવ વાગે જોઈએ અને ફરીથી રાત્રે દસ વાગે જોઈએ તો આ તારાઓ – નક્ષત્રોના સ્થાનમાં ફેર પડે છે. પશ્ચિમ તરફ ખસતાં જણાય છે. જે તારાઓ પૂર્વ દિશામાં હતા તે થોડા ઉપર આવે છે. પશ્ચિમમાં ક્ષિતિજ નજીકના અમુક તારાઓ આથમી ગયા હશે. આમ થવાનું કારણ શું ? પૃથ્વી પોતાની ધરી આસપાસ ફરતી હોવાથી પૂર્વ દિશામાં આકાશનો ભાગ આપણી સામે આવતો જાય છે અને પશ્ચિમ દિશામાં આકાશનો ભાગ આથમતો જાય છે.

પૃથ્વી પોતોનું ભ્રમણ પશ્ચિમથી પૂર્વ દિશા તરફ કરે છે માટે આપણને આકાશમાં દિવસે સૂર્ય અને રાત્રે

તારા-નક્ષત્રો પૂર્વથી પશ્ચિમ તરફ ફરતાં જણાય છે.

પૃથ્વી પોતાની ધરી આસપાસ ૨૪ કલાકમાં એક આંટો મારતી હોત તો જે જગ્યાએ તારા-નક્ષત્રો આજે છે તે આવતી કાલે, પરમ દિવસે તથા કાયમ માટે જે તે જગ્યાએ (એટલે કે કાયમી એક જ સ્થળે) જોવા મળત. પરંતુ પૃથ્વી પોતાની ધરી આસપાસ ૨૩ કલાક - ૫૬ મિનિટમાં એક આંટો મારે છે. આથી બધા તારાઓ બીજા દિવસે ૪ મિનિટ વહેલા ઊગે છે. એક મહિના પછી ૩૦ x ૪ = ૧૨૦ મિનિટ = ૨ કલાક વહેલા બધા જ તારા ઊગે છે.

૧૨ મહિના પછી જે તે તારીખે ૧૨ x ૨ = ૨૪ કલાક થાય છે એટલે કે એ જ જગ્યાએ એ સમયે તારાઓ-નક્ષત્રો ઊગે છે. માટે જ ૧૨ માસના વિવિધ તારાઓના નકશાની જરૂર પડે છે.

## ગ્રહો અને તારા વચ્ચે તફાવત

ગ્રહો અને તારા વચ્ચે મુખ્ય ભેદ સમજવા જેવો છે. તારાઓ ઝબૂકે છે – ટમટમે છે, એટલે કે પલકારા મારે છે. તારાઓ જે તે તારીખે વર્ષોનાં વર્ષો સુધી એક જ જગ્યાએ જોવા મળે છે. ગ્રહો પોતાની ગતિ પ્રમાણે વારંવાર જગ્યા બદલે છે. ચંદ્રને એક માસ દરમિયાન દરરોજ પોતાનું સ્થાન બદલતો જોઈએ છીએ. સુદ બીજ-ત્રીજની સમી સાંજે પશ્ચિમ આકાશમાં દેખાતો ચંદ્ર સુદ સાતમ-આઠમ તિથિએ મધ્ય આકાશમાં જોવા મળે છે. આજ ચંદ્ર સુદ ચૌદશ-પૂનમે સમી સાંજે પૂર્વ આકાશમાં જોવા મળે છે.

ચંદ્રની વિવિધ કળાઓ જોવા મળે છે તેવી જ રીતે બુધ અને શુક્રની કળાઓ પણ હોય છે. ટેલિસ્કોપની મદદથી કળાઓ સારી રીતે જોઈ શકાય છે.

## તારક નિરીક્ષણ

આવડું મોટું આકાશ અને એમાં આટલા બધા તારા આડેધડ નીરખતાં આપણે ગૂંચવાઈ જઈએ નહીં તે માટે  આકાશનું કાલ્પનિક વિભાગીકરણ કરી નાખવામાં આવ્યું છે. એ વિભાગીકરણ જાણ્યા પછીયે તારાઓ યાદ રહી જાય છે માટે એમનાં વિવિધ નામ આપવામાં આવ્યાં છે. એ વિભાગીકરણ કઈ રીતે કર્યું છે અને એ નામો કેમ પાડવામાં આવ્યાં છે તેનો પ્રાથમિક ખ્યાલ ખગોળના  સમૃદ્ધ પુસ્તકોમાં જોવા મળે છે.

## અંધારી રાત્રે આકાશદર્શનનો ઉત્તમ અવસર

વિશ્વની પ્રત્યેક સંસ્કૃતિમાં ખગોળશાસ્ત્ર-આકાશદર્શનનો ઉલ્લેખ તથા ઉપયોગ જોવા મળે છે. સવારે વહેલા ઊઠીને પૂર્વ દિશામાં ઊગતા સૂર્યનાં કિરણોને વધાવીએ છીએ તે સૂર્ય એક મોટો શક્તિપુંજ છે. અંધારી રાત્રે આકાશમાં ટમટમતા નાના-મોટા તારાઓનો એક આગવો ઇતિહાસ હોય છે. તારાઓને પણ બાલ્યાવસ્થા - યુવાવસ્થા - પ્રૌઢાવસ્થા - વૃદ્ધાવસ્થા હોય છે.

આકાશમાં ઊગતા સૂર્ય - ચંદ્ર - મંગળ - બુધ - ગુરુ - શુક્ર - શનિ વગેરે ગ્રહોનું સ્થળાંતર તથા સપ્તર્ષિના તારાઓ, ધ્રુવનો તારો વગેરે બાબતોથી ઋષિમુનિઓ તથા વૈજ્ઞાનિકોને જેટલું આકર્ષણ હોય છે તેટલું જ આકર્ષણ સામાન્ય બાળકો તથા સાધારણ લોકોને પણ હોય છે. વિદ્યાર્થીઓ, ખેડૂતો અને વિચારશીલ મનુષ્યો જ્યારે આકાશી ઘટના અંગે વધુ અનુભવ ધરાવે છે, જિજ્ઞાસાથી વધુ આગળ વિચારે છે ત્યારે આ દુનિયાને ઘણું જ્ઞાન આપી શકે છે.

મહાત્મા ગાંધીજી તથા કાકાસાહેબ કાલેલકર તો નિયમિત રીતે રાત્રે આકાશદર્શન કરતા હતા. અમદાવાદમાં કાંકરિયા તળાવ પાસે બાલવાટિકામાં વર્ષોથી ''નભોમંડળ આકાશદર્શન''નો એક નાનો પણ સુંદર કાર્યક્રમ થતો અને સંખ્યાબંધ લોકો તેનાથી જ્ઞાન-સમજ મેળવતા હતા.

## આકાશદર્શન વિશે કેટલાક અભિપ્રાયો

''બાળકોને અને મોટાને નાટકો અને એમાં થતાં દૃશ્યો બહુ ગમે છે, પણ જે નાટક કુદરતે આપણા સારુ આકાશમાં ગોઠવ્યું છે, તેને એકેય મનુષ્યકૃત નાટક પહોંચે તેમ નથી. વળી નાટકશાળામાં આંખ બગડે, ફેફસાંમાં મલિન હવા જાય અને નીતિ બગડવાનો પણ ઘણો સંભવ, આ કુદરતી નાટકમાં તો લાભ જ છે. આકાશ નિહાળતાં આંખને શાંતિ થાય છે. આકાશ નિહાળવા બહાર રહેવું જ જોઈએ, તેથી શુદ્ધ હવા ફેફસાંને મળે. આકાશ નિહાળતાં નીતિ બગડવાનું આજ લગી સાંભળ્યું નથી. જેમ-જેમ ઈશ્વરી ચમત્કારનું ધ્યાન

ધરીએ તેમ-તેમ આત્માનો વિકાસ જ થાય. જેને રોજ મેલા વિચારો - સ્વપ્નાં રાત્રિમાં આવતાં હોય, તે બહાર સૂઈ આકાશ દર્શનમાં લીન થવાનો પ્રયત્ન કરી જુએ. તેને તુરત નિર્દોષ નિદ્રાનો અનુભવ થશે. આકાશમાં રહેલા ગણો કેમ જાણે ઈશ્વરનું મૂક સ્તવન કરતા ના હોય, એમ આપણે જ્યારે એ મહાદર્શનમાં ઓતપ્રોત થઈએ, ત્યારે સાંભળતા જણાઈએ છીએ. જેને આંખ હોય તે આ નિત્ય નવો નાચ જુએ. જેને કાન છે તે આ અસંખ્ય ગાંધર્વોનું મૂક ગાન સાંભળે.''

**- મહાત્મા ગાંધી**

''રાત્રિના આકાશમાં જે અસંખ્ય તારાગણ આપણે જોઈએ છીએ તે બધાને આ જગતને નિભાવવામાં સ્થાન છે... એટલે આપણે આપણા આશ્રયદાતા આકાશમાં વિચરતા દિવ્ય ગણોનો થોડોઘણો પરિચય કરવો જ જોઈએ... જ્યાં સહેજે ઈશ્વર છે તેનું નિરીક્ષણ હું કેમ ન કરું ? ઈશ્વરની મહાન લીલા નીરખવાની આ તક કેમ જવા દેવાય ?... આકાશ એટલે અવકાશ. આપણા શરીરમાં અવકાનશ ન હોય તો આપણે એક ક્ષણ પણ ન જીવી શકીએ. જેમ શરીરને વિશે તેમજ જગતને વિશે સમજવું... મારે સારુ આ નક્ષત્રો ઈશ્વરની સાથે અનુસંધાન કરવાનું એક સાધન થઈ પડ્યું છે. આશ્રમવાસીઓને પણ તેમ થાઓ.

**- ગાંધીજી સન ૧૯૩૨.**
**'આશ્રમજીવન', પૃ. ૩૫થી ૫૧**

''બધી માનસિક પ્રવૃત્તિ ચાલે છે. તારા, ગ્રહો, નક્ષત્રો વગેરે નિહાળવાની ખૂબ ધૂન લાગી છે. ઓળખું ફક્ત બે-પાંચને એટલે બાકીના જ્યોર્તિધરો સામે બાઘાની જેમ જોઈ રહું છું. રાત્રિઓ એટલી સ્વચ્છ હોય છે કે રાતના બે-ત્રણ-ચાર બજે, ત્યારે ઊઠું ત્યારે, અગાશીમાં ઊભીને ધરાઈ-ધરાઈ જોયા કરું છું ને કોઈ સમજાવનારો ભેટે માટે ઝંખું છું. એમ થાય છે કે અહોહો ! ચાલીસ વર્ષો જીવનનાં ગયાં, આખું જગત ડોળવાનો દાવો કરનાર લેખક બન્યો ને રોજના આ વિરાટ સોબતી આકાશને જ ઓળખ્યા વિનાનો રહ્યો ! અને એ ન જોયું તેને પરિણામે કેટલી બધી કંગાલિયત મારા સાહિત્યમાં પણ રહી ગઈ હોવી જોઈએ !

**- બોટાદ : ૨૫-૧૧-૧૯૩૮, ઝવેરચંદ મેઘાણી**

તિથિ એટલે સૂર્ય-ચંદ્ર વચ્ચેનું અંતર તિથિના આધારે ચંદ્રની કળા તથા ચંદ્રનું સરનામું એટલે કે જે તે સમયે ચંદ્ર આકાશમાં ક્યાં દેખાશે તે અગાઉથી નિશ્ચિત રીતે જાણી શકાય છે.

'તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં છે ઝૂમખાં તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની.'

**- કલાપી**

**દૂર-દૂરથી જોઈ રહેલી**
**ક્ષિતિજે ત્યાં લંબાવ્યો હાથ**
**અવઢવ બાકી રહી હવે કઈ ?**
**આ તો અનન્તનો સંગાથ !**

**- 'સ્નેહરશ્મિ'**

આકાશ દર્શન તથા ખગોળ પરિચય માટે પ્રા. હરિહર ભટ્ટ, છોટુભાઈ સુથાર, ડૉ. જે. જે. રાવલ તથા પ્રો. વિઠ્ઠલભાઈ પટેલનાં પુસ્તકો ઉપયોગી નીવડે છે.

**ભૂપેન્દ્ર ધોળકિયા**
બી/૮ ન્યૂ ભૂમિકા ફ્લેટ્સ
સત્કાર બંગ્લોઝ, કે. કે. નગર ચાર રસ્તા,
ઘાટલોડિયા, અમદાવાદ - ૩૮૦ ૦૬૧
મો. ૯૮૭૯૫ ૬૨૯૨૬

સત્યને એટલે ઈશ્વરને છોડીને હિંદુસ્તાનનું ભલું નથી ચાહતો. કારણ, મને વિશ્વાસ છે કે જે માણસ ઈશ્વરને ભૂલી શકે છે તે દેશને ભૂલી શકે છે, માતાપિતાને ભૂલી શકે છે, પત્નીને પણ ભૂલી શકે છે.

**મો૦ ક૦ ગાંધી** ['નવજીવન' : ૨૬-૧૦-૧૯૨૬]
'ગાંધી-ગંગા : ૨'માંથી સાભાર

# પ્રિન્સિપિયાનું ત્રીજું પુસ્તક

વિઠ્ઠલભાઈ અં. પટેલ

પ્રિન્સિપિયાનાં ત્રણ પુસ્તકો છે. પુસ્તક Iમાં કેન્દ્રીય બળો અને તેના કારણે જે ભ્રમણકક્ષાઓ મળે તેનો અભ્યાસ છે. ભ્રમણ માટેના માધ્યમમાં કોઈ પણ જાતનો વિરોધ નથી. જ્યારે પુસ્તક IIમાં ભ્રમણ માટેના માધ્યમમાં હવા, પ્રવાહીઓ વગેરે હોય તેનો અભ્યાસ છે. પુસ્તક I અને IIમાં જે બધું તૈયાર કર્યું તેનો ઉપયોગ વિશ્વનો અને તેમાંયે સૂર્યમંડળનો એટલે કે ગ્રહો અને ગ્રહોની આસપાસ ફરતા ચંદ્રોનો (ઉપગ્રહોનો) ન્યૂટનના વિશ્વવ્યાપી ગુરુત્વાકર્ષણ બળનો ઉપયોગ કરીને અભ્યાસ કર્યો જે પુસ્તક IIIમાં આપ્યું છે. ખરેખર આ વાંચતાં આનંદ એટલા માટે થાય છે કે માનવશક્તિ આવું વિચારી શકે છે અને એકલા હાથે આટલું બધું ગંભીર અને ઊંડાણવાળું કામ કરી શકે છે તેનો વિચાર કરતાં અહોભાવ થાય છે.

પુસ્તક IIIના છ વિભાગો છે. પહેલા વિભાગમાં પદાર્થ વિજ્ઞાનના (Natural Philosophy) પ્રગતિ કરવા માટેના જરૂરી નિયમો આપ્યા છે. બીજા ભાગમાં જુદી-જુદી અસાધારણ (Phenomena) વિગતો આપી છે કે જેના ઉપર વિશ્વની રચનાનું સ્પષ્ટીકરણ થઈ શકે. ત્રીજા ભાગમાં વિશ્વના ગુરુત્વાકર્ષણના નિયમથી ગ્રહો અને તેમના ચંદ્રોની ગતિ સમજાવી છે. ચોથા ભાગમાં ભરતી, પાંચમા ભાગમાં ચંદ્રના વેગનું સૂક્ષ્મ નિરીક્ષણ જે પ્રિન્સિપિયાનું સરસમાંનું એક છે. છઠ્ઠો અને છેલ્લો ભાગ પૂંછડિયા તારાની ગતિનો છે. ત્રીજું પુસ્તક પહેલાં બેની જેમ વિભાગોમાં વહેંચાયેલું નથી.

ન્યૂટન પુસ્તક IIIથી ઓળખાણ એ રીતે આપે છે કે તે આગળનાં બે કરતાં જુદી જાતનું છે. આ પુસ્તક સમજવા માટે ન્યૂટન જણાવે છે, ''Read with care the definitions, the Law of Motion, and the first three sections oa Book I. He/She may pass on to this book, and consult each of the remaining propositions of the first two books as references in this, and his occasions, shall require.''

આના કારણે આપણે પહેલાં બંને પુસ્તકો પૂરાં કર્યા વગર પુસ્તક IIIની શરૂઆત કરી છે. આમ કરવાનું કારણ થોડીક વિવિધતા હોય તો સારું. આના કારણે આપણે Book IIIનો અભ્યાસ કરીશું.

પ્રિન્સિપિયાના પુસ્તક IIIની પહેલી આવૃત્તિની શરૂઆત જ નવ અનુમાનોથી (Hypothesis) થઈ જેની ટીકાકારોએ ખૂબ જ ટીકા કરી. આથી ન્યૂટને આ અનુમાનોને બે ભાગમાં વહેંચ્યાં. પહેલાં ચાર અનુમાનો 'Rules for Natural philosophy'ના નામથી ઓળખાય છે અને બાકી રહેલાં અનુમાનો સુધારા-વધારા કરતાં છ વિલક્ષણો (Phenomena) તરીકે ઓળખાય છે.

ન્યૂટનના તત્ત્વજ્ઞાનના પ્રયોજનના (Reasons) નિયમો :

**નિયમ ૧ :**

We are to admit no more causes of natural things than such as are both true and sufficient to explain their appearances.

આપણે વધારે કુદરતી કારણો સ્વીકારીશું નહિ જ્યારે સાચા અને પૂરતાં કારણો વર્ણન કરવા પૂરતાં હોય.

આનો આશય Nature does nothing in vain and more is in vain when less will serve, for Nature is pleased with Simplicity

કુદરત કારણ વગર કશું જ કરતી નથી અને જ્યારે ઓછામાં કરી શકે ત્યારે વધારાનાં નકામાં છે. કુદરત સાદાઈથી ખુશ છે.

**નિયમ ૨ :**

'Therefore to the same natural effects we must as far as possible, assign the same causes.'

આથી એક જ જાતની કુદરતી અસર માટે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી સમાન કારણો આપો.

ન્યૂટનનું કહેવું છે કે જે ભૌતિક અસરો અને ભૌતિકશાસ્ત્રના નિયમો જે આપણી પૃથ્વી ઉપર છે તે વિશ્વમાં સર્વત્ર છે.

**નિયમ ૩ :**

The qualities of bodies, which admit neither intension nor remission of degress, and which are found to belong to all bodies within the reach of own experiments, are to be esteemed the universal qualities of all bodies whatsoever

પદાર્થોના ગુણધર્મો જે તીવ્ર નથી કે ડિગ્રી ઉત્સર્જન નથી અને જે આપણા પ્રયોગોમાં આવતા સર્વે પદાર્થોમાં રહેલા છે તે ગુણધર્મોને વિશ્વવ્યાપક ગુણધર્મો તરીકે આદરભાવે સ્વીકારવા જોઈએ.

**નિયમ ૪ :**

In experimental philosophy We are to look upon propositions collected by general induction from phenomena as accurately or very nearly true, notwith standing any contrary hypotheses that may be imagined, till such time as other phenomena occur, by which they may either be made more accurate or liable to exceptions.

પ્રાયોગિક તત્ત્વજ્ઞાનમાં આપણે ઘટનાઓમાંથી સામાન્ય અનુમાન દ્વારા એકત્રિત કરેલી દરખાસ્તોને ચોક્કસ અથવા ખૂબ જ સાચી તરીકે જોવી જોઈએ, કલ્પના કરી શકાય તેવી કોઈ પણ વિપરીત પૂર્વધારણાઓ સાથે, અન્ય ઘટનાઓ બને ત્યાં સુધીના સમય સુધી, જેના દ્વારા તેઓને વધુ સચોટ બનાવી શકીએ અથવા કાયદેસર અપવાદ.

પ્રિન્સિપિયાની ત્રીજી આવૃત્તિમાં નિયમ 4 ન્યૂટને આપેલો, આ બધા નિયમોમાં અગત્યનો નિયમ છે. આનો ખાસ આશય તો અનુમાનથી (Induction) મેળવેલાં પરિણામો કોઈ કાલ્પનિક અધિકર્તથી (Hypothesis) મેળવેલાં પરિણામોની સામે માન્ય કરવા માટે છે.

**વિગત (Data)**

ન્યૂટન નીચેની છ માહિતીઓ જોડે કામ કરે છે. આ માહિતીઓને ફીનોમીના (Phenomena) તરીકે ઓળખે છે. તત્ત્વજ્ઞાનમાં કોઈ વસ્તુનું અસ્તિત્વ સાબિત થયું હોય કે ન થયું હોય, તેના ગુણધર્મો સમજમાં આવ્યા હોય કે ન આવ્યા હોય, પણ મગજને જે સાચું દેખાય તેને ફીનોમીના તરીકે ઓળખે છે. જ્યારે ભૌતિકશાસ્ત્રમાં, ''જોઈ શકાય તેવો પ્રસંગ (observable event)' ફીનોમીના કહેવાય છે. આપણે ગુજરાતીમાં પણ આ જ અર્થમાં ફીનોમીના ઓળખીશું.

**ફીનોમીના I**

A That he circumjovial planets [or satellites of Jupiter], by radii drawn to the center of Jupiter, describe areas proportional to the times, of description; and their periodic times - the fixed stars being at rest are as the 3/2 power of their distances from that center.

નોંધ : જ્યુપિટર એટલે કે ગુરુ અથવા બૃહસ્પતિ જે સૂર્યમાળાનો મોટામાં મોટો ગ્રહ છે. આ ગ્રહના ચંદ્રો અંગ્રેજીમાં circumjovial planets તરીકે ઓળખાય છે.

ગુરુના ચંદ્રોથી ગુરુના કેન્દ્રને જોડતી ત્રિજ્યાઓથી બનતું ક્ષેત્રફળ વર્ણનના સમયના પ્રમાણસાર છે; અને તેમનો આવર્તકાળ (નિયત તારાઓ નિષ્ક્રિય છે) તેમના કેન્દ્રથી અંતરના 3/2 વર્ગ છે.

**ફીનોમીના II**

The circumsaturain planets [or satellites of saturn], by radii drawn to the center of Saturn, describe areas propotional to the times of description, and their periodic time - the fixed stars being at rest - are as the 3/2 powers of their distances from its center.

શનિના ચંદ્રથી શનિના કેન્દ્રને જોડતી ત્રિજ્યાઓથી બનતું ક્ષેત્રફળ વર્ણના સમયના પ્રમાણસર છે અને તેમનો આવર્તકાળ (નિયત તારાઓ નિષ્ક્રિય (Rest) તેમના કેન્દ્રથી અંતરના 3/2 વર્ગ છે.

**ફીનોમીના III**

The orbits of the five primary planets - Mercury, venus, Mars, Jupiter and Saturn - encircle the sun

મુખ્ય પાંચ ગ્રહો બુધ, શુક્ર, મંગળ, ગુરુ અને શનિની ભ્રમણકક્ષાઓ સૂર્યને ઘેરે છે.

**ફીનોમીના IV**

The periodic times of the five primary planets and of either the sun about the earth or the earth about the sun - the fixed stars being at rest - are as the 3/2 nowers of their mean distances from the sun.

મુખ્ય પાંચ ગ્રહોની અને પૃથ્વીનો આવર્તકાળ સૂર્યથી તેમના અંતરના 3/2 વર્ગ છે.

**ફીનોમીના V**

The Primary planets, by radii drawn to the earth describe areas in no way proprtional to the times but, by radii drawn to the sun, traverse areas proportional to the times.

મુખ્ય ગ્રહોથી પૃથ્વીને જોડતી ત્રિજ્યાઓથી બનતું ક્ષેત્રફળ (વર્ણનના) સમયના પ્રમાણસર નથી પણ સૂર્યને જોડતી ત્રિજ્યાઓથી બનતું ક્ષેત્રફળ સમયના પ્રમાણસર છે.

**ફીનોમીના VI**

The moon, by a radius drawn to the center of the earth, describes areas proportional to the time of description

ચંદ્રથી પૃથ્વીના કેન્દ્રને જોડતી ત્રિજ્યાઓથી વર્ણવતા ક્ષેત્રફળ વર્ણનના સમયના પ્રમાણસર છે.

જાણે કે ચંદ્રની ગતિને સૂર્યના બળથી થોડીક અસર થશે પણ તે ખૂબ જ નાની ભૂલ થતી હોઈને આપણે તેને મહત્ત્વ આપીશું નહિ.

ન્યૂટન ગુરુના ચંદ્ર ઉપર લાગતા કેન્દ્રગામી બળ વિશેનું પ્રમેય આપે છે. ગુરુના ચંદ્રની ગ્રહ ગુરુના કેન્દ્ર સાથે જુદા-જુદા સમયે જોડવાથી બનતી આકૃતિનું ક્ષેત્રફળ સમયના તફાવતને પ્રમાણસર હોઈને પુસ્તક Iના પ્રમેય 2ના કારણે

**પ્રમેય ૧ :**

The forces by which the circumjovial planets [or Satellites of Juptier] are continually drawn away from rectilinear motions and are maintained in their respective orbits are directed to the center of Jupiter and are inversely as the squares of the distances of their places from that center.

જે ગુરુના ચંદ્રોને સીધી રેખાઓની ગતિમાંથી સતત ખેંચી લઈને તેમને .યોગ્ય ભ્રમણકક્ષાઓમાં રાખે છે તે બળો ગુરુગ્રહના કેન્દ્ર તરફ વળે છે અને તેઓ (બળો) કેન્દ્રથી ચંદ્રો સુધીના અંતરોના વર્ગોના વ્યસ્ત પ્રમાણમાં છે. આ જ વસ્તુઓ શનિ ગ્રહના ચંદ્રોને પણ લાગુ પડે છે.

**પ્રમેય ૨ :**

The forces by which the primary planets are continually drawn away from rectilinear motions and are maintained in their respective orbits are directed to the sun and are inversely as the squares their distances from its center.

જે મુખ્ય ગ્રહોને સીધી રેખાની ગતિ સતત ખેંચી લઈને તેમની યોગ્ય ભ્રમણકક્ષામાં રાખે તે બળો સૂર્ય તરફ વળે છે અને આ (બળો) સૂર્યના કેન્દ્રથી ગ્રહો સુધીના અંતરોના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે.

**પ્રમેય ૩ :**

The force by which the Moon is maintained in its orbit is directed toward the earth and is inversely as the square of the distance of its place from the center of the earth.


જે બળ ચંદ્રને તેની ભ્રમણકક્ષામાં જાળવી રાખે છે તે પૃથ્વી તરફ વળે છે અને પૃથ્વીના કેન્દ્રથી તેના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે.

**પ્રમેય ૪**

The moon gravitates towards the earth and by the force of gravity is continually drawn off from rectilinear motion and kept in its orbit.

ચંદ્ર પૃથ્વી તરફ આકર્ષાય છે અને ગુરુત્વાકર્ષણ બળ સતત રીતે સીધી રેખાની ગતિમાંથી ખેંચી લઈને તેની ભ્રમણ કક્ષામાં રાખે છે.

સાબિતી : ન્યૂટને આની સાબિતી માટે આકૃતિ 1માં બતાવ્યા પ્રમાણે ચંદ્ર એક મિનિટમાં સીધી રેખાથી કેટલો નીચે આવશે તે ગણી બતાવ્યું છે.




**આકૃતિ 1**

કેન્દ્ર C એ પૃથ્વી છે અને ચંદ્ર A બિંદુએ છે. ન્યૂટનના ગતિના પહેલા નિયમ પ્રમાણે જો ગુરુત્વાકર્ષણ બળ ન હોય તો ચંદ્ર Aથી B સીધી રેખામાં મુસાફરી કરે છે, પણ ગુરુત્વાકર્ષણ બળ જેનું કેન્દ્ર C છે તે હોઈને આ બંને બળોના કારણે ચંદ્રની ભ્રમણકક્ષા ચાપ AD બને છે. ટૂંકમાં ચંદ્ર Bથી નીચે D એ આવે છે. આપણે BDની લંબાઈ શોધવી છે. ધારો કે ચંદ્ર એક મિનિટમાં કોણીય ચાપ (Angular Arc) $\delta\theta$ બનાવે છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ 27 દિ 7 ક 43 મિનિટમાં એક ચક્કર ફરે છે.

આથી, $\delta\theta = \frac{2\pi}{27 \text{ દિ } 4 \text{ ક } 43 \text{ મિ}} = \frac{2\pi}{39,343}$ Radian છે.

$\Delta ABD$માં, આપણે $\angle BAD = \alpha$ લઈએ. આથી, $\angle DAC = 90^o - \alpha$ છે. AC = DC હોઈને $\angle CDA = \angle DAC = 90^o - \alpha$ છે. આપણે જાણીએ છીએ કે,

$$\angle CDA + \angle DAC + \angle DCA.$$

$$= (90^o - \alpha) + (90^o - \alpha) + \delta\theta = 180^o$$

$\therefore \quad \delta\theta = 2\alpha \qquad \therefore \quad \alpha = \frac{\delta\theta}{2}$ થાય.

$$\therefore \quad \angle BAD = \frac{\delta\theta}{2}$$

$\Delta ABD$માં,

$sin \angle BAD = sin\frac{\delta\theta}{2} = \frac{BD}{AD}$, $\delta\theta$ નાનો હોઈને,

$$sin\frac{\delta\theta}{2} \equiv \frac{\delta\theta}{2} = \frac{BD}{R\delta\theta} \qquad \therefore \quad BD = \frac{1}{2}R(\delta\theta)^2$$

R = AC એ ચંદ્રનું પૃથ્વીના કેન્દ્રથી P અંતર છે, જેના બરાબર 60 $R_E$ જ્યાં, $R_E$ એ પૃથ્વીની ત્રિજ્યા છે. એટલે કે, AC = 60 $R_E$ છે.

પૃથ્વીનો પરિઘ = $2\pi R_E = 1.232496 \times 10^8$ પૅરિસ ફીટ

$$R_E = \frac{1.232496 \times 10^8}{2\pi}$$

$$\therefore \quad BD = AD\left(\frac{\delta\theta}{2}\right) = \frac{1}{2}(R\delta\theta)(\delta\theta) = \frac{1}{2}R(\delta\theta)^2$$

$$= \frac{1}{2}60R_E\ (\delta\theta)^2 = \frac{1}{2}\left\{60 \times \frac{1.232496 \times 10^8}{2\pi}\right\}\left\{\frac{2\pi}{39,343}\right\}^2$$

$$= 60\pi \frac{1.232496}{(3.9343)^2} = 15\frac{1}{120} \text{ Paris Feet}$$

$$= 15\frac{1}{120} \times 12 \times 2.707 = 487.5 \text{ Cm}$$

પૃથ્વી ઉપર જે ગુરુત્વાકર્ષણ બળ લાગે છે તે જ ગુરુત્વાકર્ષણ બળ ચંદ્ર ઉપર લાગતું હોય તો,

$$F_m = \frac{Gm_1m_2}{R^2} = G\frac{m_1m_2}{(60\,R_E)^2} = \frac{1}{3600}\boxed{\frac{m_1m_2}{{R_E}^2}G}$$

$$= \frac{1}{3600} F_e$$

$$\therefore \quad F_e = 3600\ F_m$$

$F_e$ = પૃથ્વી ઉપરનું ગુરુત્વાકર્ષણ બળ

$F_m$ = ચંદ્ર ઉપરનું ગુરુત્વાકર્ષણ બળ

આથી, પૃથ્વીની સપાટી ઉપર લાગતું બળ ચંદ્ર ઉપર લાગતા ગુરુત્વાકર્ષણથી 3600 ગણું છે.

જે બળ ચંદ્રના ખેંચાઈને નીચે પડવાના માટે જવાબદાર છે તે જ બળ પૃથ્વીની સપાટી ઉપર પડતા પદાર્થો માટે જવાબદાર હોય તો તે બળ પૃથ્વીની સપાટી ઉપર ચંદ્રની સપાટી ઉપર 3600 ગણું છે. આ કારણે સરખું અંતર કાપવા માટે ચંદ્ર ઉપર 60 ગણો સમય જોઈએ. પૃથ્વી ઉપર 1 સેકન્ડમાં જે અંતર કપાય તે જ અંતર કાપવા માટે 60 સેકન્ડ (એટલે કે 1 મિનિટ) ચંદ્ર ઉપર જોઈએ.

પૃથ્વી ઉપર અંતર કાપવાનું સૂત્ર,

$S = \frac{1}{2}gt^2$ માં $t = 1$ મૂકતાં $25 = g$ થાય.

આથી, $g = 2\left(15\frac{1}{120}\right) = 975$ cm/sec$^2$ થાય, જે હાલમાં વપરાતી $g = 970$ cm/sec$^2$ ની ઘણી નજીક હોઈને આપણે કહી શકીએ કે જે ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વી ઉપર લાગે છે તે જ બળ ચંદ્રને એક મિનિટમાં $15\frac{1}{120}$ ફીટ નીચે ખેંચે છે.

આ ખૂબ જ અગત્યનું પરિણામ છે. આને ટેકો આપવા ન્યૂટને નીચેનો વિચાર પ્રયોગ સૂચવ્યો.

ગુરુ અને શનિના ગ્રહોને અનેક ચંદ્રો છે તે જ પ્રમાણે ધારો કે પૃથ્વીને અનેક ઉપગ્રહો છે. ધારો કે પૃથ્વીની આસપાસ નીચામાં નીચી ભ્રમણકક્ષામાં ઘણા ચંદ્રો ફરે છે. આખરે એક ચંદ્રની પૃથ્વીના પર્વતની ટોચની ઊંચાઈએ ભ્રમણકક્ષા હશે. આ ભ્રમણકક્ષામાં ચંદ્રને રાખવા માટે વપરાતું બળ પૃથ્વી ઉપર લાગતા બળથી જુદું હોય તો આ ચંદ્ર બે બળોથી નીચે ધસતો આવતો હોય. આમ બનતું ન હોઈને કહી શકીએ કે ચંદ્ર ઉપર લાગતું તે પૃથ્વી પર લાગતું બળ જ છે. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ ચંદ્રની ભ્રમણકક્ષા અને પૃથ્વી ઉપર પડતી વસ્તુઓ ઉપર કાબૂ ધરાવે છે.

ન્યૂટન પૃથ્વી અને ચંદ્રની સરખામણી ગુરુ અને તેના ચંદ્રો સાથે કરીને આ બંને systemમાં સરખાપણું હોઈને નિયમ 2ના કારણે તેમનું બંનેનું સામાન્ય કારણ કયું ? સામાન્ય કારણ ગુરુત્વાકર્ષણ છે.

**પ્રમેય ૫**

That the circumjovial planets gravitate towards Jupiter; the circumsaturnal towards Saturn; the circumsoler towards the Sun; and by the forces of their gravity are drawn

off from rectilinear motions and retained in curvilinear orbits.

ગુરુના ઉપગ્રહો ગુરુ તરફ આકર્ષાય છે; શનિના ઉપગ્રહો શનિ તરફ આકર્ષાય છે; સૂર્યના ગ્રહો સૂર્ય તરફ આકર્ષાય છે; ગુરુત્વાકર્ષણ બળથી સુરેખા ગતિમાં મુસાફરી કરનારને ખેંચી લઈ અને તેમની વક્રરેખા ભ્રમણકક્ષામાં રાખે છે.

અત્યાર સુધી વિશ્વમાં તારાઓ, ગ્રહો અને ઉપગ્રહોને તેમની ભ્રમણકક્ષામાં રાખવા જે કેન્દ્રગામી બળ છે તે બીજું કોઈ નહિ પણ ગુરુત્વાકર્ષણ (Gravitating) બળ જ છે. [આપણા નિયમો I, II, II અને IVથી જે] આથી આપણે હવે ગુરુત્વાકર્ષણ બળથી જ ઓળખીશું.

**ઉપપ્રમેય ૧ :**

There is therefore, a power of gravity tending to all the planets for, doutless, Venus, Mercury, and the rest are bodies of the same sort with Jupiter and Saturn. And since all attraction is mutual, Jupiter will therefore gravitate towards all his own Satellites, Saturn towards his, the Earth towards the Moon, and the Sun towards all the Primary planets.

આથી ગુરુત્વાકર્ષણની શક્તિ બધા ગ્રહો તરફી છે; શંકા વગર શુક્ર, બુધ અને બાકીના ગુરુ અને શનિની જેમ અને બધાં આકર્ષણો અરસપરસ હોઈને ગુરુ તેના બધા ચંદ્રો તરફ આકર્ષાય છે. શનિ પણ તે જ રીતે, પૃથ્વી તેના ચંદ્ર તરફ અને સૂર્ય તેના પ્રાથમિક ગ્રહો તરફ આકર્ષાય છે.

**ઉપપ્રમેય ૨ :**

The force of garvity which tends to any one planet is inversely as the Square of the distance of places from that planet's center.

ગુરુત્વાકર્ષણ બળ, જેનું કોઈ એક ગ્રહ તરફ વલણ હોય, તે ગ્રહના કેન્દ્રથી તેના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે.

**ઉપપ્રમેય ૩**

All the planets do mutually  gravitate towards one anothers by cor. 1 and 2. And hence it is that Jupiter and Saturn, when near their conjunction by their mutual attractions sensibly disturb each other's motions. So the Sun disturbs the Motions of the Moon; and both Sun and Moon disturb our sea, as We shall herafter explain.

ઉપપ્રમેય 1 અને 2થી બધા ગ્રહો અરસપરસ એકબીજાને આકર્ષે છે અને આથી ગુરુ અને શનિ જ્યારે એકબીજાની નજીક હોય ત્યારે પરસ્પર આકર્ષણથી એકબીજાની ગતિમાં ખલીલ પડે છે. એ જ રીતે સૂર્ય-ચંદ્રની ગતિમાં ખલેલ પડે છે. અને સૂર્ય અને ચંદ્ર આપણા દરિયાને ખલેલરૂપ થાય છે જેને આપણે હવે પછી સમજાવીશું.

**પ્રમેય ૬**

All bodies gravitate towards each of the planets and at any given distance from the center of any one planet the weight of any body whatever towards that planet is proprotional to the quantity of matter which the body contains.

બધા જ પદાર્થો દરેક ગ્રહ તરફ આકર્ષાય છે અને ગ્રહના કેન્દ્રથી આપેલા અંતરે આવેલા કોઈ પણ પદાર્થનું ''આપેલા ગ્રહ તરફ''નું વજન તે પદાર્થમાં રહેલા દ્રવ્યના પ્રમાણસર છે. સાદી ભાષામાં ન્યૂટનનું કહેવું છે કે કોઈ પણ ગ્રહની સાપેક્ષમાં કોઈ પણ જગ્યાએ કોઈ પણ પદાર્થનું વજન તેના દ્રવ્યના પ્રમાણસર છે. આની સાબિતી પ્રયોગોના

પરિણામોના આધારે આપેલી છે.

આ પ્રમેય ન્યૂટનના સર્વવ્યાપી ગુરુત્વાકર્ષણના નિયમનું કેન્દ્ર અને મહત્ત્વશીલ ભાગ છે.

ઉપપ્રમેય 1 : Hence the weights of bodies do not depend upon their forms and texures; for if the weights could be altered with the forms, they would be greater or less according to the variety of forms, in equal matter; altogether against experience.

હવેથી પદાર્થનાં વજનો તેમની આકૃતિ કે આકાર અને વણાટ ઉપર આધાર રાખતા નથી; જો આકૃતિ કે આકાર જોડે વજન બદલી શકતાં હોત, તો ભાતભાતની આકૃતિઓ પ્રમાણે તે (વજન) વધારે કે ઓછું હોત જે સંપૂર્ણપણે અનુભવ વિરુદ્ધ છે.

પ્રમેય 4 અને 6 પછી ન્યૂટને બે પદાર્થો વચ્ચેના પારસ્પરિક આકર્ષણનો નિયમ નીચે પ્રમાણે જણાવ્યો.

**પ્રમેય ૭**

That there is a power of gravity pertaining to all bodies, proportional to the several quantities of matter which they contain.

આથી પ્રત્યેક પદાર્થમાં પારસ્પરિક આકર્ષણ બળ જે પદાર્થમાં રહેલા ઘણા દ્રવ્યોના પ્રમાણસર છે તે રહેલું છે.

**આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે.**


(1) Cohen, I. Bernard. "A guide to Newton's Principia." In Isaac Newton : The Principia, by I. Bernerd cohen and Ann Whiteman, Berkely : University of california Press, 1999.

(2) Collin, Pask. "Magnificent Principia." Prometheus Books New York, 2019.

(3) Chandrasekhar, S. "Newton's Principia for the common Reader." Clarendon Press, Oxford, 1995.



**– વિઠ્ઠલભાઈ અં. પટેલ**

**'સ્વરાજ'** નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ, શેરથા

Mo. : 94280 19042


*ગાંધીજી રાષ્ટ્રવાદની ભૂમિકાએ રહીને કામ કરે છે; એટલે તેઓ વર્ગવિગ્રહની દષ્ટિએ વિચાર નથી કરતા, ને વર્ગ વર્ગ વચ્ચેના કજિયાની પતાવટ કરાવવા ઇચ્છે છે; એ સાચું છે. પણ જે અમલી કામ તેમણે પોતે કર્યું છે, ને જે કામ કરતાં તેમણે લોકોને શીખવ્યું છે, તેનાથી જનસમૂહમાં પ્રચંડ જાગૃતિ આવી છે, અને સામાજિક પ્રશ્નોને ઘણું જ મહત્ત્વ અપાવા લાગ્યું છે. વળી, જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં, ધનિક વર્ગના જામી પડેલા સ્વાર્થોનો ભોગ આપીને પણ ગરીબ જનતાનું કલ્યાણ સાધવાનો જે આગ્રહ તેમણે રાખ્યો છે. તેને લીધે રાષ્ટ્રીય હિલચાલમાં જનસમૂહના કલ્યાણની સાધનાને ઘણું અગત્યનું સ્થાન મળ્યું છે...*

*તેઓ ભારતવર્ષના આત્માની, તેના સ્વમાનની, તથા તેનાં દીનદલિત કરોડોની અગણિત બોજાઓમાંથી છૂટવાની ઝંખનાની, સાક્ષાત મૂર્તિ છે, એમ અમે માનીએ છીએ; અને બ્રિટિશ સરકાર કે બીજું કોઈ તેમનું અપમાન કરે, તો તેને અમે ભારતવર્ષનું તથા તેની પ્રજાનું અપમાન લેખ્યું છે.*

**જવાહરલાલ નહેરુ**

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**ભારતીય મહિલા વિશ્વકોશ : વેદથી મહાભારત સુધી સ્ત્રીઓની સ્થિતિ / ટીના દોશી અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, 2015. 28.5 x 22 સેમી.; 16+804 પૃ. ISBN : 978-93-5198-041-4 કિ રૂ. 1500/-**

આપણા આર્ષગ્રંથો, પ્રશિષ્ટગ્રંથો, લોકસાહિત્ય વગેરેમાં નારીનું ભારે મોટું મહિમાગાન કરવામાં આવ્યું છે, જેમ કે, 'નારી તું નારાયણી', 'નારીએ જગ ઊપજે દાનવ માનવ દેવ / નારી બિન કૈસે ઊપજે નારીએ નામ રહંત', 'યત્ર નારી પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા / યત્રૈયાસ્તુ ન પૂજ્યન્તે સર્વસ્તત્રાફલાઃ ક્રિયાઃ', 'ગુરુણાં માતા ગરીયસી', 'માતા કિલ મનુષ્યાણાં દેવતાનાં ચ દૈવતમ' વગેરે વગેરે આ યશોગાન સાંભળતાં તેમજ બહુવિધ ગ્રંથોમાં વાંચવામાં આવતાંની સાથે જ પ્રસ્તુત ગ્રંથની સ્વપ્નદ્રષ્ટા લેખિકા – સંપાદિકા અને વ્યવસાયે પત્રકાર ટીના દોશીનું મન – ચેતોજગત, આ આદર્શની સામે પ્રવર્તમાન સમયના સમાજમાં નારીની વાસ્તવિક સ્થિતિ 'હાંસિયામાં ધકેલાયેલી' જોઈને તેમજ તેમની માનસિકતાનો સાદ સાંભળીને – સ્ત્રીઓ તો ઘર ચલાવી જાણે વળી પહેલાંની સ્ત્રીઓ પણ ઘર જ સંભાળતી ને ? એ પણ પિતા, પતિ કે પુત્રના નામે જ ઓળખાતી ને ? એ કયાં સ્વતંત્ર હતી ? – વિચારે ચઢી જાય છે – ચિંતા અને ચિંતન કરતાં તેનો માંહ્યલો ખોજી પત્રકારનો જીવ જાગી ઊઠે છે અને પ્રશ્નો કરે છે કે શું આ વાત ખરેખર સાચી છે ? પહેલાંની સ્ત્રી સ્વતંત્ર નહોતી ? કોઈની પુત્રી હોવું, કોઈની પત્ની હોવું કે કોઈની માતા હોવું એ જ સ્ત્રીની ઓળખ હતી ? સ્ત્રીનું આગવું વ્યકિતત્વને આગવું અસ્તિત્વ નહોતું ? પ્રસ્તુત પ્રશ્નો / જિજ્ઞાસાના શમન અર્થે ભારતના પ્રાચીનસાહિત્યના આધારે મહિલાઓ વિશેના પ્રખર અભ્યાસીઓ, જેમ કે, ડૉ. અલ્તેકર, પ્રો ઇન્દ્ર, પીન્ખમ, પ્રો આર. એમ. દાસ, ડૉ. ભગવત શરણ ઉપાધ્યાય, શકુંતલા રાવશાસ્ત્રી, વનમાલા ભવાલકર વગેરેના ગ્રંથો તેમજ આપણા આર્ષગ્રંથો સાદ્યંત કર્મઠ બની રહી ફંફોસી જોયા, જેની ઉપલબ્ધિ છે પ્રસ્તુત ગ્રંથ

પ્રસ્તુત 'મહિલા વિશ્વકોશ'માં પ્રાચીન ભારતીય નારીની સ્થિતિના વિશદ અભ્યાસ હેતુ આપણા પ્રમુખ આર્ષગ્રંથોને આધારસ્રોત તરીકે સ્વીકારીને તેમના સ્વરૂપ અનુસાર ૭ અધ્યાયોમાં વિભાજિત કરીને તેનું નામકરણ કરવામાં આવ્યું છે : ૧ વેદગ્રંથોમાં સ્ત્રી, ૨ બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ ગ્રંથોમાં નારી, ૩ સૂત્રસાહિત્યમાં સ્ત્રી, ૪ સ્મૃતિ ગ્રંથોમાં સ્ત્રી, ૫ પુરાણ ગ્રંથોમાં સ્ત્રી, ૬ રામાયણમાં સ્ત્રી, ૭ મહાભારતમાં સ્ત્રી અને છેલ્લે સંદર્ભસૂચિ આપવામાં આવી છે આ સાતેય આર્ષગ્રંથોમાં નિરૂપિત નારીના અભ્યાસ માટે તેનાં ક્રમાનુસાર વિવિધ સ્વરૂપો, જેમકે કન્યા, બહેન, પત્ની, સહપત્ની, માતા, સાસુ, દાસી, વેશ્યા / પુંશ્ચલી, વિધવા / સતી / મૃત્યુ અને આ સ્વરૂપો સાથે આનુષંગિક બાબતો, જેમ કે કન્યાજન્મ વધામણી વગેરે, શિક્ષણ, ઉછેર, મનોરંજન, વસ્ત્રપરિધાન, આભૂષણો, સૌંદર્ય, વિવાહ વય, પતિ પસંદગી, વિવાહ – બહુપત્ની / બહુપતિપ્રથા, પુનઃ વિવાહ, યજ્ઞ અધિકાર, વ્યભિચાર (સ્ત્રી સંગ્રહણ) અને દંડ, સંપત્તિ અધિકાર વગેરે બાબતોને આવરી લેવામાં આવી છે

પ્રત્યેક અધ્યાયના પ્રારંભમાં સંબંધિત આર્ષગ્રંથ / ગ્રંથોના માહાત્મ્ય, રચનાકાળ, વિષયવસ્તુ, કર્તૃત્વ, સંસ્કરણો વગેરે બાબતોને આવરી લઈને પ્રત્યેકનો પ્રાયઃ બે–ત્રણ પૃષ્ઠોમાં સંતર્પક પરિચય કરાવવામાં આવ્યો છે સંબંધિત સ્રોતના પરિચય બાદ આગળ ઉપર દર્શાવેલાં નારીનાં વિવિધ સ્વરૂપો અને તેની સાથે આનુષંગિક

બાબતો સંદર્ભે સંબંધિત આર્ષગ્રંથમાં નિરૂપિત નારીની સ્થિતિ સાધાર અને સ–રસ રીતે ઉજાગર કરવામાં આવી છે અર્થાત્ નારીના કોઈ સ્વરૂપ વિશે સંબંધિત એકથી અધિક આર્ષગ્રંથોનાં મંતવ્યોની તાર્કિક ગૂંથણી અને પ્રસ્તુતિ વિવેચ્ય વિષય ઉપરનાં સમજણ, પક્કડ અને નિષ્ઠાનાં પ્રતીતિકારક બની રહે છે નારીના પ્રત્યેક સ્વરૂપ સંબંધિત બાબતના વિષય હેઠળની ચર્ચાના પ્રારંભ પ્રાયઃ તત્સંબંધી લોકોકિત, દોહા કે શ્લોકની પંકિતઓ ઉદ્ધૃત કરીને કરવામાં આવ્યો છે, જેમ કે, કન્યાજન્મઃ 'ખોળાનો ખુંદનાર દે ને રન્ના દે', કન્યા શિક્ષણ : 'ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય' , વિવાહ : 'પહેલું પહેલું મંગળિયું વરતાય રે' , પત્ની : 'જાયેદસ્તં મધવન્ ત્સેદુ યોનિઃ', માતા : 'મા એ મા બીજા બધા વગડાના વા' વગેરે ત્યારબાદ સંબંધિત બાબતનાં પક્ષ / વિપક્ષનાં જે તે સ્રોતનાં વિવિધ મંતવ્યો સંબંધી શ્લોક / શ્લોકો, ઘટના / કથા વગેરેના સંદર્ભ સીલસીલાબંધ પ્રસ્તુતિની સાથે જ લેખિકાએ પોતાનાં મંતવ્યો પણ વણી લીધાં છે પ્રસંગોપાત્ત જે તે સ્વરૂપ સંદર્ભે તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં વિચાર–વિમર્શ પ્રસ્તુત કરવામાં આવ્યો છે. ઉદા તરીકે સ્મૃતિ ગ્રંથોમા સ્ત્રી, 'અંતર્ગત જુઓ પત્ની (પૃ. ૧૪૧–૧૪૪) વિશેનું અધિકરણ, 'સૂત્ર સાહિત્યમાં સ્ત્રી અંતર્ગત કન્યાશિક્ષણ અંગેનું અવલોકન 'વેદકાળમાં સર્વોચ્ચ શિખર પર બિરાજમાન કન્યાશિક્ષણ સ્મૃતિકાળ સુધીમાં ગબડતું ટોચેથી તળેટીએ આવી ગયું કન્યા સાથે આવો વહેરોવંચો શા માટે ?' વગેરે નારીના જેતે સંદર્ભેની સ્થિતિ સાથે રામાયણ, મહાભારત, પુરાણો વગેરેમાં કોઈ નારી વિશેષના જીવનમાં કોઈ ઘટના / ઘટનાઓએ આકાર લીધો હોય તો તે સંબંધી કથાઓને કાળજીથી સાધાર વણી લેવામાં આવી છે, પરિણામે આદર્શ / પરંપરા અને વ્યવહારનું ચિત્ર તાર્દશ કરી આપ્યું છે. આ ઉપરાંત પ્રત્યેક મુદ્દાના વિશ્લેણ દરમ્યાન સમાપનમાં લેખિકાએ અભ્યાસનિષ્ઠ મંતવ્ય આપ્યું છે, જેમકે, સ્મૃતિકારોનાં કેટલાંક વિધાનો સામે લેખિકાનાં મંતવ્યો, જેમ કે 'વિવાહ' 'સ્મૃતિકાલિન વિવાહને ઊંચો દરજ્જો અપાયો છે, વાસ્તવિકતા એ હતી કે આ પ્રથા હેઠળ પતિ માલિક અને પત્ની દાસી બની જતી' (પૃ. ૧૩૩), 'સ્ત્રી અને યજ્ઞ': 'વિરોધાભાસી કથનોને પગલે જ કદાચ આજે પણ સ્ત્રીની ધાર્મિક સ્થિતિ ઘડિયાળના લોલક જેમ ઝૂલતી રહે છે' (પૃ. ૧૬૦), 'સંપત્તિ અધિકાર' સ્ત્રી વંશ ચલાવે પણ વારસ ન બની શકે, સ્મૃતિ ગ્રંથોનો આ તે કેવો અન્યાય' (પૃ. ૧૬૨) વગેરે

આ વિશ્વકોશમાંથી પસાર થતાં એક બાબત સ્પષ્ટ ઊપસી આવે છે કે લેખિકાએ મલ્લીનાથી સૂત્ર **'ના મૂલં લિખ્યતે કિંચ્ચિત'**નું પ્રતિજ્ઞાબદ્ધ પાલન કર્યું છે અથાર્ત્ ઉદ્ધૃત કરેલા પ્રાથમિક તથા ગૌણસ્રોતોના સંદર્ભોની નોંધ જે તે અધ્યાયના અંતમાં સંબંધિત મુદ્દાના ક્રમાનુસાર આપી છે આ વિશ્વકોશનાં કુલ ૮૦૪ પૃષ્ઠો પૈકી ૨૨૪ પૃષ્ઠો સંદર્ભનોંધ અને ગ્રંથાન્તે ૯ પૃષ્ઠ સંદર્ભસૂચિ (પૃ ૭૯૬ – ૮૦૪) માટે ફાળવવામાં આવ્યાં છે. વિષયની દષ્ટિએ જોઈએ તો ૭૮૬ સંદર્ભો એકલા કન્યાશિક્ષણ / કેળવણી માટે નોંધવામાં આવ્યા છે, જ્યારે કુલ સંદર્ભોની અંદાજિત સંખ્યા અધધ ગણાય તેટલી એટલે કે ૮૦૦૦ + છે આ સાથે એક પ્રશ્ન ઉદ્ભવે છે કે પ્રત્યેક પ્રકરણના અંતમાં નારી સંબંધી જે તે સ્વરૂપના ક્રમમાં આવશ્યકતાનુસાર મૂળ મંત્ર, સૂકત કે શ્લોકનો પાઠ આપીને સંબંધિત આર્ષગ્રંથનું નામ, મંડળ / કાંડ / પર્વ / અધ્યાય / શ્લોક ક્રમાંક વગેરેની ચોકસાઈ સાથે નોંધ કરવામાં આવી છે, જે આવકાર્ય છે પરંતુ અહીં ઉદ્ધૃત પાઠ કયા સંસ્કરણના આધારે તેમજ ગુજરાતી અનુવાદ માટે ઉપયોગમાં લેવામાં આવેલ ચોક્કસ સંસ્કરણનો સંદર્ભ તેની બહુવિધ ઉપયોગિતાને ધ્યાને લેતાં અપેક્ષિત બની રહે છે, જેનો અહીં અભાવ છે

આ કોશની એક અન્ય આગવી વિશેષતા એ છે કે અહીં નારીનાં વિવિધસ્વરૂપો કે ઘટનાઓને તાદ્દશ કરવાના હેતુસર વિખ્યાત ચિત્રકારો સર્વશ્રી રાજા રવિ વર્મા, શ્રી કનુ પટેલ (વલ્લભવિદ્યાનગર) તથા ગીતાપ્રેસ, સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય અને સાહિત્ય સંગમ (સુરત) ના સૌજન્યથી ૨૧૦ થી અધિક ચિત્રો અને ૧૬ જેટલા ગ્રંથોનાં કવર પેજના ફોટા આપ્યા છે પરંતુ, અહીં જે તે ચિત્ર સાથે ચિત્રકારનું નામ, સ્રોત, ચિત્રના નામનો / ઘટના રજૂ કરતો ઉલ્લેખ કરવામાં આવ્યો હોત તો તે ઘટનાને સમજવા ઉપરાંત સંબંધિત ચિત્રકારની ચિત્રકળાથી સુપરિચિત થવાની સાથે અન્ય રીતે પણ

ઉપકારક નીવડત.

પ્રસ્તુત વિશ્વકોશના રચનાવિધાન વિશે લેખિકાએ પ્રસ્તાવનામાં જણાવેલ મંતવ્ય : સામાન્યપણે વિશ્વકોશમાં અકારાદિક્રમમાં વ્યકિત, સ્થળ, ઘટના અને અન્ય પ્રકારની માહિતી આપવામાં આવે છે એટલે મહિલા વિશ્વકોશ નામ સાંભળીને સ્વાભાવિક જ કોઈને પણ એવું જ લાગે કે આ વિશ્વકોશમાં અકારાદિ ક્રમમાં જે તે કાળની સ્ત્રીઓની વિગતો આપવામાં આવશે. પણ એ મહિલા વિશ્વકોશની મારી કલ્પના નહોતી. મારે તો દરેક કાળની સ્ત્રીઓની સ્થિતિ અંગેની માહિતીનો વિશ્વકોશમાં સમાવેશ કરવો હતો. ભારતીય સ્ત્રીઓ અને એ સ્ત્રીઓ સાથે જોડાયેલાં તમામ પાસાં આવરી લેતાં હતાં તે અનુસાર સંબંધિત આર્ષગ્રંથોને પ્રાયઃ કાળક્રમાનુસાર ગોઠવીને જે તે આર્ષગ્રંથ / ગ્રંથોમાં નિરૂપિત નારી વિશેની વિવિધ માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે યથાયોગ્ય અને ઔચિત્યપૂર્ણ છે આમછતાં અહીં નારી સંબંધી વિષયમથાળાં / અધિકરણોનો ચોક્કસ ક્રમ અને ચોકકસ નામકરણ જળવાયાં નથી. ઉદા. તરીકે જુઓ આવાસ, સૌંદર્ય વગેરે નારી સંબંધી બધાં જ મથાળાંની – મુખ્ય પાસાની સાથે આનુષગિક પાસાં / બાબતોને સહાયકક્રમમાં સાંકળી લઈને જે તે પ્રકરણ અંતર્ગત અકારાદિક્રમમાં ગોઠવણી કરવામાં આવી હોત તો મૂળભૂત હેતુની અણીશુદ્ધ જાળવણી થવાની સાથે ઉપયોગમાં સરળતા વધી જાત. વધુમાં, આ ગ્રંથ ૭ પ્રકરણોમાં વહેંચાયેલો હોવાથી અને અકારાદિક્રમમાં ગોઠવણી ન હોવાથી ગ્રંથાન્તે ચાવીરૂપ શબ્દસૂચિ / ઉલ્લેખસૂચિની બહુવિધ દ્રષ્ટિએ તેની આવશ્યકતાને ધ્યાને લેતાં તે અનિવાર્ય બની રહે છે. હવે પછીના ખંડોમાં તેનો સમાવેશ અપેક્ષિત બની રહે છે

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત વિશ્વકોશનાં સર્જક ટીના દોશી મુલતઃ પત્રકાર છે કે જેમણે લાંબા સમય સુધી મુંબઈમાં 'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ'ની પત્ર/પત્રિકાઓ, જેમ કે 'જન્મભૂમિ', 'જન્મભૂમિ પ્રવાસી' વગેરે, ઇન્ડિયન એકસપ્રેસ' જૂથની પત્રપત્રિકાઓ, ગુજરાતનાં 'સંદેશ', 'દિવ્ય ભાસ્કર', 'કચ્છમિત્ર' વગેરેમાં લેખન કર્યું છે તેમનાં ૧૫થી અધિક પુસ્તકો પ્રકાશિત છે, જેમાં 'ગૂર્જર ગરિમા', 'પ્રાચીનકાળમાં સ્ત્રી', 'આદિવાસી આંદોલનો : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં', 'ગુજરાતનાં આદિવાસી આંદોલનો' વગેરે સમાવિષ્ઠ છે. ખાસ તો તેમણે નારાયણ દેસાઈના પગલે પગલે 'નારીકથા'નું આયોજન કરી સમાજમાં નારી જાગરુકતા આણવા માટે મહત્ત્વપૂર્ણ કામગીરી કરી છે. આ સંદર્ભે તેમણે સ્વયં નોંધ્યું છે કે, મારી નારીકથા પ્રચલિત નારીવાદથી પ્રેરિત નથી, પુરુષવિરોધી નથી. એ નારીની વ્યથા અને વેદનાની નહીં, પણ વીરતા અને વિદ્વત્તાની કથા છે એ આંસુ અને આક્રોશની નહીં, પણ નારીના આત્મવિશ્વાસ અને આત્મસન્માનની કથા છે. આ નારીકથામાં વેદથી મહાભારતમાં નિરૂપિત નારીપાત્રોને ઉજાગર કરવામાં આવ્યાં છે. આ તો લેખિકાની બાહ્ય ઓળખ થઈ પરંતુ, આ સર્જન માટે તેમનું મજબૂત મનોબળ – લીધેલ પ્રતિજ્ઞા અને કઠોર પુરુષાર્થ એ છે કે લેખિકાના મનોજગતમાં વ્યવસાયિક કારકિર્દીના પ્રારંભથી પ્રાચીનકાલીન મહિલાઓ વિશે જાણવાની અને અભ્યાસ કરવાનાં બીજ વવાયાં હતાં, જેના પરિણામે ભારતીય મહિલા વિશ્વકોશની રૂપરેખા તૈયાર કરી આ તૈયારીના ભાગ તરીકે મહિલા અભ્યાસ ગ્રંથો ઉપરાંત આપણા આર્ષગ્રંથો સહિત ૨૫૦૦ જેટલા ગ્રંથો અંગત ગ્રંથાલયમાં વસાવ્યા. આ પ્રોજેક્ટ તૈયાર કરી 'ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યિલ સાયન્સ રિસર્ચ' ને રજૂ કરવામાં આવ્યો પરંતુ, પોતે બી. એસસી. હોવાથી આ પ્રસ્તાવને સ્વીકૃતિ ન મળી. આ સપનું સાકાર કરવા સમાજશાસ્ત્ર વિષયમાં એમ એ, પીએચ. ડી. કર્યું આમછતાં આ પ્રસ્તાવ ન સ્વીકારાયો અનુદાન માટે અન્યત્ર પણ પ્રયાસો કર્યા કોઈ સફળતા ન સાંપડી. આ નિરાશા વચ્ચે લેખિકા મનોમન પ્રતિજ્ઞાબદ્ધ થયાં : **'આ કામ કર્યા વિના મારે મરવું નથી'** છેવટે ચારુતર વિદ્યામંડળના તત્કાલીન અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલને મળતાં તેમણે આ કામનું મહત્ત્વ સમજીને તેને 'રાષ્ટ્રીય કક્ષા'નું કાર્ય ગણાવ્યું તેમજ મંડળ દ્વારા અનુદાન આપવાની અનુમતિ આપી, જેના પરિણામે આ કાર્ય સંપન્ન થયું. ખાસ ધ્યાનાર્હ બાબત તો એ બની રહે છે કે આ ગ્રંથ દ્વારા લેખિકાએ સંસ્કૃત વિષય ક્ષેત્રના પીએચ. ડી.ના શોધાર્થીઓ માટે પ્રસ્તુત વિષય ક્ષેત્રમાં કે કોઈ બે કે વધુ કાળખંડો કે આર્ષગ્રંથોમાં નારીની સ્થિતિના તુલનાત્મક અભ્યાસ માટે અણમોલ સામગ્રીનો

ખજાનો ધરી દીધો છે આ કોશની ફળશ્રુતિ અર્થાત્ નારી એટલે શું તે ઋગ્વેદની ઋચા : 'અહં કેતુરહં મૂર્ધા' 'હું જ્ઞાનવતી અને અગ્રણી છું'માં જ વાચા પામી છે જે આ કોશનું 'બોધવાક્ય' બન્યું છે. આપણા પ્રબુદ્ધ પત્રકારો દ્વારા તેમની વિદ્યાસાધનાના પરિપાક રૂપે આપણને જે કેટલાંક ઉત્તમ પુસ્તકો પ્રાપ્ત થયાં છે તેની પંગતમાં શોભાયમાન થતા પ્રસ્તુત કોશ માટે ભારતીય વિદ્યાજગત ટીના દોશીનું ઋણી રહેશે. નોંધવું રહ્યું કે પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવના 'સ્વપ્ન થયું સાકાર'માં લેખિકાએ આ ગ્રંથને પ્રથમ ખંડ ગણાવીને હવે પછી ખંડ–૨ ઐતિહાસિક અને મધ્યકાલિન, ૩ બ્રિટિશકાળ, ૪ હિંદુ, જૈન, બૌદ્ધ, ઇસ્લામ ધર્મો / સમ્પ્રદાયો, અને ૫ સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ વિશે ખંડો પ્રગટ થશે તેવી નોંધ કરી છે. આ સાથે જ પ્રસ્તુત વિષય સંદર્ભે સઘન અભ્યાસના કારણે પ્રાચીન ભારતીય સમાજમાં નારીની સ્થિતિ વિશેનાં તારણો (પૃ. ૧૧–૧૪) પણ દર્શાવ્યાં છે, જે આ અભ્યાસના અર્ક સમાન હોઈ આપણા કેટલાક ભ્રમોનું નિરસન કરવાની સાથે જ હકીકત પ્રેરિત માહિતી ઉજાગર કરી આપે છે. ખરે જ મહાસાગર મંથન સમાન ડૉ. ટીના દોશીનું આ કાર્ય પ્રબળ સંકલ્પશકિત અને વિદ્યાસાધનાનું પ્રજ્જ્વલ ઉદાહરણ છે.

**મણિભાઈ પ્રજાપતિ**

•

## કાનૂની દરિયાના કિનારેથી / સી એસ ઓઝા 'મુન્સિફ' મહેસાણા : મહેસાણા જિલ્લા પુસ્તકાલય મંડળ, ૨૦૨૧ ૮૦ પૃષ્ઠ કિં રૂ. ૧૫૦

પ્રસ્તુત પુસ્તકમાં લેખકે કાનૂન ક્ષેત્રની પોતાની વ્યવસાયિક કારકિર્દી (પ્રારંભમાં મહેસાણામાં વકીલ, પબ્લિક પ્રોસિકયુટર અને બાદમાં સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, અને અમદાવાદમાં 'District Judge, Principal Judge) સંબંધી સંભારણાં શબ્દબદ્ધ કર્યાં છે. આ સાથે જ પોતાના રસક્ષેત્ર એવા સાહિત્યક્ષેત્ર ઉપરાંત સમાજજીવન અને શાળા / કૉલેજનાં કેટલાંક સંસ્મરણોને વણી લીધાં છે. પરિણામે આપણને લેખકનાં જીવન અને વ્યકિતત્વ સંબંધી આછી-પાતળી છતાં દસ્તાવેજી રૂપરેખા મળી રહે છે. આ બધાં અનુભવપૂત સંસ્મરણો કાનૂની ક્ષેત્રમાં કારકિર્દી શરૂ કરવા ઇચ્છતા કે આ ક્ષેત્રના નવોદિતો કે કૉર્ટ / કાનૂની પ્રક્રિયામાં કે લેખકના જીવન / વ્યકિતત્વ વિશે જાણવા ઇચ્છતી વ્યક્તિઓ માટે ઉપકારક બની રહે તેવાં છે. ખાસ કરીને વકીલ તરીકે કૉર્ટમાં રજૂ કરેલા કેસો પૈકી કાનૂની દષ્ટિએ રસપ્રદ કેટલાક કેસો અને ન્યાયાધીશ તરીકે આપેલા કેટલાક ચુકાદાઓ વિશે પણ અહીં પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં છે. આ સંદર્ભે એક બાબત સ્પષ્ટ ઊપસી આવે છે કે લેખક વ્યવસાયિક કારકિર્દી દરમિયાન મેળવેલ સિદ્ધિઓ, ઉપલબ્ધિઓ કે વિદ્વત્તા કે વેઠેલ સંઘર્ષોની વાત કરવાના વલણથી દૂર રહી પોતાના જાત-અનુભવોની વાતો સહજતાથી અને સરળતાથી મુક્ત મને કરે છે. તેમણે સ્પષ્ટ એકરાર કર્યો છે કે 'મેં કદી હોશિયારીનો દાવો કર્યો નથી પણ મને જે તક મળી છે એ કદી ગુમાવી નથી' પોતાના પિતા મહેસાણાના સિનિયર એડવોકેટ શંકરલાલ ઓઝાના આગ્રહથી વકીલાતના વ્યવસાયમાં પ્રવેશવું, સિનિયર વકીલોની પ્રસંગોપાત્ત સલાહ લેવી અને તેમના તરફથી મળેલ પ્રોત્સાહન તથા સહકાર, સાથી જુનિયર વકીલોનો સહયોગ અને હૂંફ, ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ શ્રી મહેન્દ્રભાઈ પરીખસાહેબની ટકોર માન્ય રાખીને નિવૃત્તિ બાદ અન્યત્ર નોકરીમાં ન જોડાવાનું વલણ, 'પોપર ઍડવોકેટ' તરીકેનો અનુભવ વગેરે વિશે ખુલ્લા મને નોંધ્યું છે. આ સાથે જ મહેસાણા કૉર્ટમાં ૧૯૭૧–૮૭ દરમિયાન કરેલ વકીલાત દરમિયાનના સન્માનનીય ન્યાયાધીશ સાહેબો, જેમ કે શ્રી બેદરકર સાહેબ, શ્રી કે. એલ. અભિચંદાની સાહેબ, શ્રી પી. એમ. ચૌહાણસાહેબ, શ્રી ખરાદીસાહેબ વગેરેની ઉદારદિલી ભાવના, તેમની ખ્યાતિ અને હાઈકૉર્ટ વગેરેમાં નિમણૂક, સિનિયર – જુનિયર મળી ૩૦ જેટલા વકીલોની સંખ્યા અને સહકાર ભાવના, સિનિયર વકીલો પૈકી ફોજદારી કેસના નિષ્ણાત વકીલો તરીકે શ્રી અમૃતલાલ બારોટ અને શ્રી શાંતિભાઈ એમ. શાહની ધાક અને બહારનાં રાજ્યોમાં પણ આ પ્રકારના કેસો ચલાવવા જવું વગેરે બાબતોની નોંધ કરીને તત્કાલીન સમયની મહેસાણાની કૉર્ટનો સુરેખ પરિચય કરાવ્યો છે. આ ઉપરાંત પોતાના કુટુંબનો મિતાક્ષરી શૈક્ષણિક પરિચય, વતન મહેસાણા – મહેસાણા પરામાં નિવાસ, અભ્યાસ

દરમિયાન આચાર્ય શ્રી કર્વે સાહેબ, શ્રી જાલિમસિંહ ઠાકુરસાહેબ વગેરેનાં શિક્ષકત્વ અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહન, કવિમિત્રો દફન વિસનગરી, મનહર તળપદા વગેરેના સહયોગથી મહેસાણામાં ગુંજન સાહિત્યકલા વર્તુળની સ્થાપના અને મુશાયરાઓ વગેરેનાં આયોજનનો કે જેને વકીલમિત્રો શ્રી શરદભાઈ શાહ, શ્રી ઇન્દુભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી એસ. એમ. શાહ વગેરેનો સહયોગ મળવો, પ્રથમ ગઝલસંગ્રહ 'તારી ગલીમાં' (૧૯૭૫)નું પ્રકાશન વગેરે વિશેની ગૂંથણી રસપ્રદ બની છે. આ સાથે જ તત્કાલીન સમયના સમાજની રીતિનીતિઓ અને અવિચારી કૃત્યો, કેટલાંક ગામોના વ્યક્તિઓનું ચોરીના ગુનામાં વારંવાર પકડાવું અને સજા ભોગવવી વગેરે સંબંધી કાનૂની કાર્યવાહી, લાંબા જેલવાસ દરમિયાન કેટલાક કેદીઓનું કારીગરો તરીકે પાવરધા થવું તેમજ હૃદયપરિવર્તન થતાં સમાજ સેવાનાં કાર્યોમાં રસ-રુચિ અને સાહિત્યરુચિ પેદા થવી, જજસાહેબોનો માનવીય અભિગમ, પાલનપુરના નવાબનો કબ્રસ્તાન હટાવવાનો સ્તુત્ય નિર્ણય અને કાનૂની આંટીઘૂંટીઓ, છ. પી. પુસ્તકાલયના મંત્રી તરીકે સેવાઓ વગેરે અહીં આવરી લેવામાં આવ્યું છે. આ ગ્રંથમાં અત્રતત્ર જીવનમાંથી જડેલાં કાનૂન ક્ષેત્રનાં વિચારમૌક્તિકો વિખરાયેલાં જોવા મળે છે. આ પૈકી કેટલાંક જોઈએ :

* શંકાને આધારે પકડાયેલ આરોપીને ગુનેગાર ઠરાવી શકાય નહીં. કાનૂન મુજબ સો ગુનેગાર ભલે છૂટી જાય પણ એક નિર્દોષને સજા થવી ન જોઈએ. (પૃ. ૭૦)

*કોઈ વ્યકિત વિશે, કોઈ જાત, સમાજ વિશે કોઈ ધંધા કે વ્યવસાય અંગે અમુક અભિપ્રાય બાંધી દેવો નુકસાનકારક કે ગેરબંધારણીય બની શકે છે. એ જ રીતે માત્ર આક્ષેપ કે તહોમતનામું જોઈ કોઈ આરોપી સામે મનમાં અમુક અભિપ્રાય નક્કી કરવો એ બાબત પણ ન્યાયાધીશ માટે ખતરનાક છે. (પૃ. ૬૬)

* કાનૂની દરિયામાં ગમે ત્યારે ડૂબકી મારવાની તક મળે ત્યારે એ તક જતી કરવી જોઈએ નહીં. (પૃ. ૩૯)

*ચુકાદા દુનિયા ધારે એવા હંમેશાં આવતા નથી. શકય લાગતો હોય એવો ચુકાદો હંમેશાં આવતો નથી. ઘણી વાર બનાવ બની ગયેલ હોવા છતાં આરોપીને સજા થતી નથી, તેથી સામાન્ય માણસને તે ચુકાદા અંગે શંકા પણ થાય છે, પણ કાનૂનની નજરે એ ચુકાદો ખરો, વાજબી અને કાયદેસર હોય છે. (પૃ ૩૫)

* દરિયાના કિનારે ઊભા રહેનારને દરિયાની ક્ષમતા, કે દરિયાની તાકાત માલૂમ પડતી નથી, એમ માત્ર વકીલાતની ડિગ્રીથી કાયદાનું માપ, તેની જાણ કે તેના માપની ખબર પડતી નથી. કાયદાની ડિગ્રી લીધા પછી કાયદાનો અનુભવ પણ તે વ્યવસાયમાં જોડાયા પછી જરૂરી છે. અદાલતમાં અનુભવથી જ પોતાની ક્ષમતા વિશે જાણ થઈ શકે છે. (પૃ. ૯)

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત પુસ્તકના સર્જક સી. એસ. ઓઝા ચંદુ મહેસાનવી 'મુન્સિફ' (૧૯૪૪) સાહિત્યરસિક જીવ છે – સાહિત્ય સર્જક છે – કવિ – ગઝલકાર તરીકે ખ્યાત છે. તેમનાં કવિતા, ચરિત્ર વગેરે સંબંધી મૌલિક તથા સંપાદિત ૩૦થી અધિક પુસ્તકો પ્રકાશિત છે. તેમનો ગઝલસંગ્રહ 'પડઘા પેલા મૌનના' (૧૯૯૩) 'રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ અવૉર્ડ'થી પુરસ્કૃત છે. લેખક પ્રકૃતિએ કવિજીવ, પરંતુ વ્યવસાયે વકીલ અને બાદમાં ન્યાયાધીશ તરીકે સેવાઓ આપ્યા બાદ વયોચિત સેવાનિવૃત્ત છે. નિવૃત્તિબાદ 'જસ્ટિસ ઓન ટ્રાયલ' સંસ્થામાં એકિઝકયુટિવ સેક્રેટરી તરીકે માનદસેવાઓ (વિનાવેતન) આપી રહ્યા છે. આ ઉપરાંત 'ગુજરાત પુસ્તકાલય મંડળ' (વડોદરા), 'શબ્દ સંવાદ' વગેરે સાથે જોડાયેલા રહીને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે.

**- મણિભાઈ પ્રજાપતિ**

•

**પાંખ આપવાની પહેલ : નોખું કાર્ય કરતી શાળાની વાત / સંપા. પારસ દવે, અજરપુરા (આણંદ) : ડિવાઈન હેલ્થ ફાઉન્ડેશન, 2020 પૃ. 103 ISBN : 978-93-89910-07-0**

મહર્ષિ અરવિંદની કેળવણી દર્શન સંબંધી વાત 'શિક્ષકે બાળકને શીખવી દેવાના ધખારા છોડી, એનામાં પડેલી અનેક નેક શક્યતાઓ ઊઘડી આવે એ માટે બાળકના પથદર્શક બનવાનો પ્રયત્ન કરે તો જ એ કેળવણીને યોગ્ય સ્થાન પામી શકે' હૈયે ધરીને ખેડા

જિલ્લાના નડિયાદ તાલુકના ગુતાલની નાનકડી (૭૦ બાળકોની સંખ્યા ધરાવતી) સરકારી માધ્યમિક શાળાના એક ઉત્સાહી કર્મઠ, પહેલવૃત્તિ તથા શિક્ષકત્વના સંસ્કારથી સંપન્ન યુવા શિક્ષક શ્રી પારસ દવે દ્વારા શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોના સહયોગથી હાથ ધરેલા સ્પર્શી જાય તેવા અવનવા પ્રયોગોની વાતો પ્રસ્તુત પુસ્તકમાં ગ્રંથસ્થ કરવામાં આવી છે. આ અંતર્ગત પાઠ્યપુસ્તકોમાં આવતા લેખકો જેમ કે પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજી, ડૉ. મણિલાલ હ પટેલ, ધ્રુવ ભટ્ટ, કિશોર મકવાણા, ભાવનાબહેન દવે, ડૉ. હર્ષદ શાહ, ડૉ. મહેન્દ્રસિંહ પરમાર વગેરે ૧૭ સારસ્વતોને 'જીવનઘડતર વ્યાખ્યાનમાળા' હેઠળ સમયાન્તરે નિમંત્રિત કરીને વિદ્યાર્થીઓ સાથે પ્રત્યક્ષ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્તાલાપોની વિશેષ ધ્યાનાર્હ બાબત તો એ છે કે આ સૌએ પોતાનાં શાળાજીવન વગેરે સંસ્મરણો વણી લઈને હળવાફૂલ થઈને હકારાત્મક અભિગમ સાથે બાળકોની ભાષાશૈલીમાં જ પોતાના વિષય સંબંધી વાતો કરી છે, પરિણામે પ્રત્યેક સંવાદ હૃદયસ્પર્શી બની ઊઠ્યો છે.

ધ્રુવ ભટ્ટ દ્વારા ભણવા અને શીખવા વચ્ચેનો ભેદ તેમજ પોતીકી ભાષા/બોલીનું મહત્ત્વ સમજાવીને આદિવાસીઓની સંસ્કારિતા વિશે રજૂ કરેલી વાતો હૃદયસ્પર્શી બની રહે છે. આપણા પ્રશિષ્ટ નિબંધકાર પદ્મશ્રી પ્રવીણભાઈએ માનવીના ધૂળ, વૃક્ષ આકાશ અને ધરતી સાથેના પ્રેમમય સંબંધની વાતો સહજતાથી કરતાં-કરતાં સુટેવોનું પાલન કરવા તેમજ કુદરતમય થઈને જીવવાની શીખ આપી છે. કિશોર મકવાણાએ પોતાની કારકિર્દી દરમિયાન છેલ્લાં ૧૫–૨૦ વર્ષોમાં ઉદાહરણસ્વરૂપ વિવિધ પ્રતિભાઓની મુલાકાતો 'સફળતાનો મંત્ર' પુસ્તકમાં ગ્રંથસ્થ કરી છે. આ પૈકી શ્રી અટલ બિહારી બાજપાઈ, ડૉ. અબ્દુલ કલામ, પૂ મોરારી બાપુ, શ્રી નરેન્દ્ર મોદી વગેરેનાં ધગશ, કાર્યનિષ્ઠા, નિયમિતતા, નીડરતા વગેરે સંબંધી ઉદાહરણો સાથેની વાતો તેમજ સ્વામી વિવેકાનંદ અને ગુજરાત – નડિયાદ સાથેના તેમના સંબંધની વાત બાળકોમાં સ્પર્શી જવાની સાથે પ્રેરણાદાઈ બની રહે છે. આ સાથે જ કાશ્મીરના આતંકવાદી સંગઠનના વડા કૂકા પારેની મુલાકાતની વાતો વિદ્યાર્થીઓમાં હિંમત અને નીડરતા કેળવવા માટે પ્રેરક બની રહે છે. ડૉ. હર્ષદ શાહે વૈદિકકાળથી સર સી. વી. રામન સુધીના ભારતના પ્રમુખ વૈજ્ઞાનિકોનાં પ્રદાન, તેમનો કાર્યકાળ વગેરે સંબંધી વાત કરી, જે આ વિષયક્ષેત્ર સંબંધી લેખકના ગહન અભ્યાસની પ્રતીતિકારક બની રહેવાની સાથે વિદ્યાર્થીઓ તેમજ જિજ્ઞાસુઓ માટે પણ સંતપર્ક બની રહે તેવી છે. પ્રા ડૉ. અજય ચૌહાણે જીવનમાં વાંચનનું મહત્ત્વ, વાંચન થકી જિજ્ઞાસા પેદા થવી – સ્વપ્નો જોવાં, પ્રવાસ ગ્રંથો વાંચવા અને તેનું માહાત્મ્ય સમજાવવાની સાથે કેટલાક પ્રવાસ ગ્રંથોનો પરિચય કરાવ્યો છે, જે બાળકોને વાંચવા પ્રેરિત કરે તેવા છે ભાવનાબહેને શિક્ષણમાં ચારિત્ર્ય નિર્માણ, ડૉ. મહેન્દ્ર પરમારે નિબંધમાં જીવન, નિબંધ લેખન અને ગુજરાતી નિબંધ લેખનનો સ–રસ પરિચય કરાવ્યો છે.

પ્રત્યેક આમંત્રિત લેખકનો સંક્ષેપમાં પરિચય અને લેખકના હસ્તાક્ષરોનો નમૂનો પણ ધ્યાનાર્હ બની રહે છે. આ સાથે જ શાળા દ્વારા આયોજિત દિલ્હી, મુંબઈ અને પુનાના પ્રવાસોના અહેવાલોમાં શિક્ષકોની સ્વાધ્યાયનિષ્ઠા અને આ સાથે જ વિવિધ પ્રવૃત્તિઓનાં આયોજનો થકી વિદ્યાર્થીઓ માટે કંઈક કરી છૂટવાનો ધખારો ધ્યાનાર્હ બની રહે છે. આ બધી વાતો શિક્ષકો તેમજ વાલીઓ માટે પણ ઉપકારક નીવડે તેટલી સંતપર્ક છે. સમગ્રતયા શ્રી પારસ દવે અને શાળા – પરિવારનો વિદ્યાર્થીઓને પોતાના જીવનવિકાસ માટે અપાર શક્યતાઓનો માર્ગ ચીંધતો આ નવતર પ્રયોગ દૂરંદેશિતાશીલ અને અનુકરણીય હોઈ અભિનંદનીય બની રહે છે.

**- મણિભાઈ પ્રજાપતિ**

જે બુદ્ધિસંમત ન હોય તથા જે નીતિમત્તાથી વિરુદ્ધ હોય એવો કોઈ પણ ધાર્મિક સિદ્ધાંત મને માન્ય નથી.

**મો૦ ક૦ ગાંધી** ['સિલેક્શનન્સ ફ્રોમ ગાંધી' : પાનું ૨૨૩]
'ગાંધી-ગંગા : ૨'માંથી સાભાર

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આંતરરાષ્ટ્રીય મહિલા દિન

● સંયુકત રાષ્ટ્રસંઘના વર્ષ ૧૯૭૭ના ઠરાવ અનુસાર પ્રતિવર્ષ તા. ૮ માર્ચના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન' ની ઉજવણી કરવામાં આવે છે. આ અંતર્ગત જે સંસ્થાઓ કે પુરુષોએ મહિલાઓના ઉત્કર્ષ કે સશકિતકરણ માટે મહત્ત્વપૂર્ણ કામગીરી કરી હોય તેમને સન્માનવાનો કાર્યક્રમ મહિલા આયોગનાં અધ્યક્ષા શ્રી લીલાબહેન અંકાલિયાના અધ્યક્ષપદે તા. ૯ માર્ચના રોજ ગાંધીનગરના આંબેડકર ભવનમાં યોજવામાં આવ્યો હતો. આ અન્વયે સન્માનિત પ્રતિબદ્ધ કર્મશીલ પુરુષોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગરના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, શ્રી હસમુખભાઈ ખારૈયા, શ્રી મનુભાઈ પટેલ અને શ્રી મહેન્દ્રભાઈ પાઠકનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પૈકી શ્રી વલ્લભભાઈ એમ. પટેલની અનુપસ્થિતિમાં આ સન્માન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ગાંધીનગર કેમ્પસ (સેકટર–૨૩)ના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે સ્વીકાર્યું હતું. આ પ્રસંગે મહિલા આયોગનાં અધ્યક્ષા શ્રી લીલાબહેને પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે સમાજની તરછોડાયેલી–પીડિતા દીકરીઓનો હાથ પકડનાર પ્રેરણા પુરુષોએ મહિલાઓના સશક્તિકરણ માટે વધુમાં વધુ કામ કરવું જોઈએ. મહિલાઓનું આર્થિક સશક્તિકરણ પર્યાપ્ત નથી, સાથે–સાથે સામાજિક, શૈક્ષણિક અને રાજકીય સશકિતકરણ કરવું પણ એટલું જ જરૂરી છે. વ્યવસાય ક્ષેત્રે રોજગારીમાં ૩૩ ટકા અને રાજકીય ક્ષેત્રે ૫૦ ટકા આરક્ષણ સાથે સ્ત્રી સશકિતકરણ કરવામાં આવ્યું હોવા છતાં નિર્ણાયક સશક્તિકરણ પૂરેપૂરું ૧૦૦ ટકા નથી થયું જે હોવું જોઈએ. મહિલા અને બાળ વિકાસનાં સચિવ મનિષા ચંદ્રાએ પ્રાસંગિક પ્રવચનમાં સાચા અર્થમાં રાષ્ટ્રનો વિકાસ કરવો હશે તો મહિલાઓનો વિકાસ થવો જોઈએ. ભાઈઓ અને બહેનો વચ્ચેનો જેન્ડર ગેપ દૂર કરી સમાન તક આપવી જોઈએ પણ તેને હજુ ૧૦૦ વર્ષ લાગશે તેમ જણાવ્યું હતું, જ્યારે જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, દરેક પુરુષની સફળતામાં એક સ્ત્રીનો હાથ હોય છે તેમ દરેક સ્ત્રીની સફળતામાં પણ એક પુરુષનો હાથ હોવો જોઈએ.

### વ્યક્તિત્વ વિકાસ

● શ્રીમતી એમ. પી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ તેમજ શ્રી એચ. પી. પટેલ પોસ્ટ ગ્રેજયુએટ ઇન્સ્ટિટયૂટ ઑફ કૉમર્સના વિદ્યાર્થીઓ માટે વેબિનાર શ્રેણીનું આયોજન તા ૧૧ – ૧૩ ફેબ્રુઆરી દિવસોમાં ઝૂમ તેમજ યુ ટયુબ પ્લૅટફૉર્મના માધ્યમથી કરવામાં આવ્યું હતું. જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની કૉલેજોના અનુભવી તજજ્ઞો – એસ. વી. બી. એડ કૉલેજના આચાર્ય ડૉ. ભાવિકભાઈ શાહ દ્વારા Motivation and Self Esteem Fear of Failure, એસ. વી. ઇન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમેન્ટનાં પ્રા ડૉ. પ્રીતિ સાલ્વી દ્વારા How to Overcome Fear of Failure અને એસ. વી. બી. એડ્ કૉલેજનાં પ્રા ડૉ. રંજનબહેન પટેલ દ્વારા Ethics and Profession વિશે વ્યાખ્યાનો અને પ્રશ્નોતરીના માધ્યમથી સમજણ પૂરી પાડવામાં આવી હતી.

### સીટીઈટી પરીક્ષા

● N.C.T.E. ની ગાઈડલાઈન પ્રમાણે કેન્દ્રિય વિદ્યાલયો, નવોદય વિદ્યાલય તેમજ લશ્કરી વિદ્યાલયો શિક્ષક બનવા માટે CTETની પરીક્ષા ઉત્તીર્ણ કરવી આવશ્યક છે. ચાલુ વર્ષ દરમિયાન ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ્ કૉલેજની તાલીમાર્થીઓ સર્વશ્રી સ્નેહાસીંગ, નીમા નેર, નેહા ચૌધરી, પંકજ પાંડે, જયદીપ, હર્ષા મુલચંદાની અને કૃપાએ સદર પરીક્ષા પાસ કરી, અભિનંદન.

## ઓનલાઈન પ્રવૃત્તિઓ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ફેબ્રુઆરી અને માર્ચ માસ દરમિયાન નીચેની પ્રવૃત્તિઓનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું : પાનમાંથી વિવિધ આકારો, પેનબૉક્સ, પૂંઠામાંથી ટપાલ પેટી, ખોખામાંથી કંપાસબૉક્સ, મીણબત્તી, ફોટોફ્રેમ, પ્રાણીઓ, પક્ષીઓ તેમજ ફળોનાં મહોરાં, કાગળમાંથી ફૂલો અને થેલી, ચકલીનો માળો ગુજરાતનાં જોવા લાયક સ્થાનોનો ચાર્ટ, જુદાં જુદાં વૃક્ષો અને તેના ઉપયોગનો ચાર્ટ, Wrist watch બનાવવી વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આપણાં રાષ્ટ્રીય પ્રતીકો, કૃત્રિમ ઉપગ્રહો અને તેની ઉપયોગિતા, શાકભાજીની ઉપયોગિતા, સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણ વગેરે વિશે વિદ્યાર્થિનીઓને માહિતી આપવામાં આવી હતી. વધુમાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા બાલ ઊર્જા રક્ષક દળ અંતર્ગત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરતાં ધો–૮ની ૩ વિદ્યાર્થિનીઓ નૈસર્ગી પટેલ, દિયા પ્રજાપતિ અને મૈથિલી સારગણી વિજેતા બની હતી

● એસ. વી. અને એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં તા ૨૦ ફેબ્રુઆરીના રોજ ધોરણ ૧ થી ૪ અને ૨૭ ફેબ્રુઆરીના રોજ ધોરણ : ૫ થી ૮ માટે WDC અંતર્ગત શિક્ષિકાઓ તેમજ વિદ્યાર્થિનીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનું તથા ધોરણ : ૧ થી ૮ માટે તમારી સર્જન શક્તિ અંતર્ગત ચૂલો સળગાવ્યા વિનાની રસોઈ, નૃત્ય, વસ્ત્ર પરિધાન, ગીત, ભજન, લોકગીત, મૂક અભિનય, મેંદી, કેશકળા વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું

* શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે તા ૧૧ ફેબ્રુઆરીના રોજ રંગીન કાગળોમાંથી વિવિધ ડિઝાઈન બનાવવાની તથા તા ૧૭ માર્ચના રોજ દીવાસળીની મદદથી વિવિધ આકારો બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ : ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે તા ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ એકપાત્રીય અભિનય સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ડૉકટર, કૃષ્ણ, ફેરિયો, પોલીસ, સિપાઈ, ગોવાળિયો વગેરે પાત્રોનો અભિનય કર્યો હતો, જ્યારે ધોરણ : ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે તા ૧૨ માર્ચના રોજ પૂંઠામાંથી વિવિધ આકારનાં ચકલીઘર બનાવવાની પ્રવૃત્તિઓનું, તા ૨૩ માર્ચના રોજ મહિલા દિન અંતર્ગત ધોરણ ૪ નાં વિદ્યાર્થીઓનાં વાલી બહેનો માટે ચૂલો સળગાવ્યા સિવાય રાંધણ કળાનું, ધોરણ ૫નાં વિદ્યાર્થીઓનાં વાલી બહેનો માટે રંગોળી બનાવવાની અને ધોરણ ૬ નાં વિદ્યાર્થીઓનાં વાલી બહેનો માટે વેસ્ટમાંથી પગલુછણિયું બનાવવાની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો. ૭નાં વિદ્યાર્થીઓના વાલી બહેનો માટે વેસ્ટમાંથી કલાકૃતિઓ અને ધો. ૮ના વિદ્યાર્થીઓના વાલી બહેનો માટે આરતીની થાળી, કલાત્મક સુશોભન કરવાની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## મહિલા દિન

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં વિશ્વ મહિલા દિનની ઉજવણી અંતર્ગત વકર્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરતાં ધોરણ ૮ની વિદ્યાર્થિનીઓએ હું સ્ત્રી છું, સ્ત્રી સશક્તિકરણ અને સ્ત્રી આત્મરક્ષણ જેવા વિવિધ વિષયો પર પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. મદદનીશ શિક્ષિકાશ્રી સુધાબહેન પટેલે દીકરીનું મહત્ત્વ સમજાવ્યું હતું. શાળાનાં આચાર્યાશ્રી નીરુબહેન પટેલે દેશની ખ્યાતનામ સ્ત્રીઓનું સમાજમાં યોગદાન, આત્મરક્ષણ અને સ્ત્રીઓને મળતી કાનૂની સહાય અંગે માર્ગદર્શન આપ્યું હતું

## સર્વ વિદ્યાલયનું ગૌરવ

● જાણીતા કેળવણીવિદ્ ડૉ. મફતલાલ પટેલ દ્વારા સ્થાપિત 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ' અમદાવાદ દ્વારા પ્રતિવર્ષ પસંદગીના ૧૦ શિક્ષકોને રૂા ૫૦૦૦, શાલ અને પ્રશસ્તિપત્ર અર્પણ કરીને તેમજ ૧૦ સારસ્વતોને પ્રશસ્તિપત્ર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવે છે. આ યોજના અન્વયે વર્ષ ૨૦૨૧ ના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત સર્વ વિદ્યાલયના માધ્યમિક વિભાગના શિક્ષક શ્રી જિતેન્દ્રકુમાર નાયકને ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે અમદાવાદમાં ખાસ આયોજિત સમારોહમાં તા ૭ માર્ચ, ૨૦૨૧ના રોજ સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી જિતેન્દ્રકુમાર નાયકે આ સન્માન રાશિ સ્વીકારવાની સાથે

જાહેર કર્યું હતું કે પ્રાપ્ત રાશિ ઉપરાંત રૂ. ૫૦૦૦ કુલ મળીને રૂ. ૧૦,૦૦૦/– સર્વ વિદ્યાલય કેમ્પસમાં સંચાલિત 'પુસ્તક પરબ' યોજના હેઠળ બાળસાહિત્યની ખરીદી માટે ઉપયોગ કરશે. અભિનંદન. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી નાયક રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯માં મહેસાણા જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓશ્રી શૈક્ષણિક અને શિક્ષણેતર કાર્યોથી શિક્ષણજગતમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે. સ્કૂલ સાથે સંલગ્ન છાત્રાલયના ગૃહપતિની ફરજો પણ તેમણે નિભાવી છે. શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે જી. સી. ઈ. આર. ટી. સાથે સંશોધન પેપર રજૂ કરવા ઉપરાંત જિલ્લા અને રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ સાથે તજજ્ઞ, નિર્ણાયક, લેખક વગેરે કામોથી સંકળાયેલા રહે છે. તેમણે દર મહિનાના પ્રથમ રવિવારે સર્વ વિદ્યાલય કેમ્પસમાં 'પુસ્તક પરબ'નું આયોજન કરીને આજ સુધી ૧૩૩ પુસ્તક પરબો યોજી છે. જરૂરતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય પણ કરતા રહે છે

● જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ગાંધીનગર અને ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૧ માટે ગાંધીનગર જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો અવૉર્ડ અને આ અન્વયે રૂ. ૧ લાખના પુરસ્કાર માટે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી–ગાંધીનગર સંચાલિત 'શેઠ સી એમ હાઈસ્કૂલ', સેક્ટર–૨૩, ગાંધીનગરની પસંદગી કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે આ શાળાના સ્થાપનાકાળથી આજદિન સુધી ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ તબીબી ક્ષેત્રે તથા મોટી સંખ્યામાં એન્જિનિયરિંગ અને સરકારી ક્ષેત્રે ઉચ્ચતમ તકો પ્રાપ્ત કરી છે. અન્ય વિવિધ ક્ષેત્રોમાં પણ શ્રેષ્ઠ પ્રદાન કરવા ઉપરાંત ધોરણ – ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓમાં પણ દર વર્ષે આ શાળા જિલ્લામાં / રાજ્યમાં અગ્રતાક્રમે રહેતી આવી છે. JEE અને NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ શાળા પ્રતિવર્ષ ઉત્કૃષ્ટ દેખાવ કરે છે. આ ઉપલબ્ધિ માટે મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલે શાળાનાં આચાર્યા ડૉ. ચેતના બુચ તથા શાળા પરિવારને આ એવોર્ડ બીજી વખત પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધારવા બદલ અભિંનદન પાઠવ્યા છે.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની ગાંધીનગર શાખા સંચાલિત શ્રી એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી વેદાંગ પટેલે હૈદરાબાદની બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ સાયન્સ (પિલાની)માંથી કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના અભ્યાસની સાથે સાથે આઈ.આઈ.ટી. - મંડી (હિમાચલ પ્રદેશ), આઈ.આઈ.ટી. - કાનપુર (ઉત્તરપ્રદેશ) અને આઈ.આઈ.ટી - ગુવાહાટી (આસામ) ખાતે પોતાના શોધપત્રો રજૂ કર્યાં હતાં. આ અભ્યાસપૂર્ણ કર્યા બાદ અમેરિકાની ખ્યાતનામ ઓહાયો સ્ટેટ યુનિવર્સિટી, કોલંબસ (યુ.એસ.એ.)માંથી માસ્ટર્સ/ પીએચ.ડી. પ્રોગ્રામમાં ૧૦૦% સ્કોલરશિપ ઉપરાંત માસિક ૨૦૦૦/- ડૉલરના સ્ટાઈપેન્ડ સાથે અભ્યાસ પૂર્ણ કર્યો. આ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિશ્વની પ્રખ્યાત માઈક્રોસોફ્ટ કંપનીના હેડ ક્વાર્ટર રેડમડ (વોશિંગ્ટન સ્ટેટ) યુ.એસ.એ. ખાતે વાર્ષિક રૂ. એક કરોડથી અધિક પગારની નોકરી મેળવવા ઉપરાંત કંપનીએ ૭૦,૦૦૦ ડોલર મૂલ્યના 'માઈક્રોસોફ્ટ કંપની'ના શેર ભેટમાં આપ્યા છે. આવી ઉચ્ચ સિદ્ધિ મેળવવા બદલ સર્વ વિદ્યાલય પરિવાર શ્રી વેદાંગ પટેલને શુભેચ્છાઓ પાઠવે છે. ઉલ્લેખનીય છે કે શ્રી વેદાંગ પટેલ કડી સર્વ વિશ્વવિદ્યાલયની ફેકલ્ટી ઓફ એજ્યુકેશનનાં ડીન ડૉ. વીણાબહેન પટેલ અને સરગાસણ ખાતે મેડિકલ પ્રેક્ટિસ કરતા ડૉ. વિક્રમભાઈ પટેલના પુત્ર છે.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૧, અંક : ૨, માર્ચ-એપ્રિલ, ૨૦૨૧, સળંગ અંક : ૬૨**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

# સર્વ વિદ્યાલયનું ગૌરવ



'આંતરરાષ્ટ્રીય મહિલા દિન'ની ઉજવણી નિમિત્તે મહિલાઓના ઉત્કર્ષ / સશક્તિકરણ માટે સરાહનીય કામગીરી કરનાર સંસ્થાઓ / પુરુષોને સન્માનવાના સમારોહનું આયોજન 'મહિલા આયોગ'નાં અધ્યક્ષા શ્રી લીલાબહેન આંકોલીયાના અધ્યક્ષપદે ગાંધીનગરના આંબેડકર ભવનમાં તા. ૯ માર્ચના રોજ કરવામાં આવ્યું હતું. આ અન્વયે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલની અનુપસ્થિતિમાં મંડળની ગાંધીનગર શાખાના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલે શ્રીમતી લીલાબહેન અંકોલીયાના વરદહસ્તે આ સન્માન સ્વીકાર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી કુલદીપ આર્ય પણ ઉપસ્થિત રહયા હતા તે પ્રસંગનું દ્રશ્ય.

'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ', અમદાવાદના સંસ્થાપક અધ્યક્ષ અને જાણીતા કેળવણીવિદ્ ડૉ. મફતલાલ પટેલ દ્વારા પ્રતિવર્ષ પસંદગીના ૧૦ શિક્ષકોને પ્રત્યેકને રૂ. ૫૦૦૦, શાલ અને પ્રશસ્તિપત્ર તેમજ શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રે વિશિષ્ટ સેવા કરનારા ૧૦ વ્યક્તિઓને 'સારસ્વત સન્માન' અર્પણ કરીને સન્માનિત કરવામાં આવે છે. આ અંતર્ગત વર્ષ ૨૦૨૧ના શ્રેષ્ઠ શિક્ષક તરીકે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી સંચાલિત 'સર્વ વિદ્યાલય'ના માધ્યમિક વિભાગના શિક્ષક શ્રી જિતેન્દ્રકુમાર નાયકને અમદાવાદમાં ખાસ આયોજિત સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે તા. ૭ માર્ચ, ૨૦૨૧ ના રોજ સન્માનિત કરવામાં આવ્યા હતા તે પ્રસંગનું દ્રશ્ય. ડૉ. મફતલાલ પટેલ તસવીરના કેન્દ્રમાં દ્રશ્યમાન થાય છે.





'શ્રી એમ. બી. પટેલ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ', ગાંધીનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી વેદાંગ પટેલે ઓહાયો સ્ટેટ યુનિવર્સિટી, કોલંબસ (યુ.એસ.એ.) માંથી કમ્પ્યૂટર એન્જિનિયરિંગમાં માસ્ટર્સ અને પીએચ.ડી.ની ડિગ્રી ઉચ્ચસિદ્ધ સાથે મેળવતાં માઈક્રોસોફ્ટ કંપની દ્વારા વાર્ષિક રૂ. એક કરોડથી અધિક પગાર તથા અન્ય આકર્ષક incentive સાથે નોકરી આપી છે. ડૉ. વેદાંગ પટેલ કડી સર્વ વિશ્વવિદ્યાલયની શિક્ષણશાત્ર વિદ્યાશાખાનાં ડીન ડૉ. વીણાબેન પટેલ અને સરગાસણ ખાતે મેડીકલ પ્રેકટીસ કરતા ડૉ. વિક્રમભાઈ પટેલના સુપુત્ર છે.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 11, Issue No. 2 March-April 2021**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



**શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, કડી (૧૯૯૬ - ૨૦૨૧) રજત જયંતી વર્ષ નિમિત્તે સંભારણું**

(ઉભેલા મહાનુભાવો) :- ડૉ. નિતિન વોરા, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, શ્રી બી. શિવમ, શ્રી રમેશ ત્રિવેદી, શ્રી દિલીપ રોય, શ્રી નટવરલાલ પટેલ (પૂ. સાંસદ), સાહિત્ય વર્તુળના આદ્યસ્થાપક શ્રી માણેકલાલ પટેલ, ડૉ. રામભાઈ પટેલ (ઉપપ્રમુખ), કોકિલા જાંબુડી અને શ્રી રજની શાહ. (બેઠેલા મહાનુભાવો) :- શ્રી મોહનલાલ પટેલ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી વિનોદ ભટ્ટ, શ્રી યશવંત કડીકર, ડૉ. યોગી, શ્રી રતિલાલ બોરીસાગર, શ્રી રામજીભાઈ કડિયા અને શ્રી રતિલાલ સાં. નાયક

